દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 181 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 August 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧ ઑગસ્ટ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં વરસાદનો આતંકઃ સુરતના અંબિકામાં ૧૯ ઈંચ

the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE ₹ 13,122/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



**રેસ્ક્યૂ મિશનઃ** સુરત જિલ્લામાં ભારે વરસાદ પછી બચાવ કામગીરી કરી રહેલા એનડીઆરએફના જવાનો.

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધાર્યા મુજબ જ વરસાદે શુક્રવારે ભયાનક ક્હેર વર્તાવ્યો હતો અને સુરતના અંબિકામાં ૧૯ ઇંચ તો ભરૂચના નેત્રંગમાં ૧૧.૦૨ ઇંચ વરસાદ પડ્યો હતો. મોડી રાતે અમદાવાદમાં પણ વરસાદ જામ્યો હતો.

પાટનગર ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર રાજ્યમાં સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીના ૧૨ કલાકમાં કુલ ૨૯ જિલ્લાના ૧૮૫ તાલુકામાં સાર્વત્રિક અને નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. રાજ્યના જુદા જુદા પંથકમાં ૦.૦૪ ઈંચથી લઇને મહત્તમ ૧૧.૪૬ ઈંચ સુધીનો ભારે વરસાદ વરસી ચૂક્યો હતો. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા અનેક નીચાણવાળા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી.

૧૨ કલાકના ડેટાનું વિશ્લેપણ કરવામાં આવે તો સુરત, ભરૂચ, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લામાં મેઘરાજા મહેરબાન રહ્યા હતા. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વરસાદ સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં ૧૯ ઇંચ નોંધાયો હતો. આ સિવાય ભરૂચની નેત્રંગમાં ૧૧.૦૨ ઇંચ, સુરતના ઉમરપાડામાં ૧૦ ઈંચ, સુરતના માંગરોળમાં ૯.૮૮ ઈંચ, નવસારીના વાંસદામાં ૯.૮૪ ઈંચ, ખેડાના વસોમાં ૯.૫૩ ઈંચ, તાપીના ડોલવણમાં ૯.૩૭ ઈંચ, ડાંગના સુબીરમાં ૮.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

રાજ્યના અન્ય તાલુકાની પરિસ્થિતિ પર નજર કરીએ તો ખેડાના નડિયાદમાં ૭.૯૧ ઈંચ, વલસાડના ધરમપુરમાં ૭.૮

(જુઓ પાનું ૨) ▸▸

## આજે પણ સ્કૂલ અને કૉલેજમાં રજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ધોધમાર વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. તેમાં પણ વડોદરા અને અમદાવાદ સહિતના કેટલાક વિસ્તારમાં રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. ભારે વરસાદની આગાહીના કારણે આવતીકાલે તા.૦૧/૦૮/૨૦૨૬ના રોજ અમદાવાદ, ગાંધીનગર, તાપી-સુરત અને રાજકોટ જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં, કોલેજ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. વડોદરા જિલ્લામાં ધોધમાર વરસાદ અને રેડ એલર્ટની આગાહી ભારતીય

(જુઓ પાનું ૨) ▸▸

## ભિવંડીમાં બિલ્ડિંગ તૂટ્યુંઃ ૧૦ મોત



**ટ્રેજેડીઃ** ભિવંડીમાં તૂટી પડેલી ઈમારત. (અમય ખરાડે)

### ૨૦૨૦માં મહાનગરપાલિકા દ્વારા જોખમી જાહેર કરાયેલી પણ લોકોએ ધરાર બિલ્ડિંગ ખાલી નહોતું કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાનગરપાલિકાએ જોખમી જાહેર કરેલી ભિવંડીમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની કોહિનૂર બિલ્ડિંગની 'બી' વિંગ ગુરુવારે મોડી રાતે ધરાશાયી થતા ૧૦ લોકોનાં મોત થયાં હતાં અને ત્રણ લોકો જખમી થયા હતા. બિલ્ડિંગના કાટમાળ હેઠળ વધુ લોકો ફસાયા હોવાની આશંકાને પગલે મોડી સાંજ સુધી ચાલેલા રેસ્ક્યુ ઓપરેશનને જોકે મોડેથી બંધ કરવામાં આવ્યું હતું.

પાવરલૂમ નગરી ભિવંડી, નારપોલી-ટૂ, ગંગારામવાડીમાં કોહિનૂર બિલ્ડિંગનો ભાગ ગુરુવારે રાત્રે ૧૧.૨૦ વાગ્યે તૂટી પડ્યો હતો. આ બિલ્ડિંગને ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકાએ જોખમી જાહેર કરી હતી. તેનું સમારકામ ચાલી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના બની હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ કોહિનૂર બિલ્ડિંગમાં ૪૮ રૂમ હતી

(જુઓ પાનું ૨) ▸▸

## કૉમનવેલ્થની જૂડોમાં ભારતને મળ્યા બે ગોલ્ડ મેડલ

અસ્મિતા ડે અને હર્ષ સિંહે ઇતિહાસ રચ્યો





વધુ અહેવાલ ૧૨

## મોરક્કોથી ૬૦,૦૦૦થી વધુ લોકોનો તરીને સ્પેનમાં ઘૂસવાનો પ્રયાસ, ૩૪નાં મોત

▸ હજારો લોકોએ મોરક્કોમાંથી સીમા પાર કરવાનો પ્રયાસ કરતા ધક્કામુક્કીમાં માર્યા ગયા અથવા તણાયા ▸ ઇટલીએ 'શેન્ગન કરાર' તોડવાની ચીમકી આપી

સેઉટા (સ્પેન)ઃ સ્પેનની મુખ્ય ભૂમિથી દૂર આવેલા અને મોરક્કોથી ઘેરાયેલા ભૂભાગ સેઉટામાં છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૬૦,૦૦૦થી વધુ માઇગ્રન્ટ્સ સરહદ પાર કરીને અથવા જિબ્રાલ્ટર સામુદ્રધુની (ખાડી) તરીને સ્પેનમાં ઘૂસવાનો પ્રયાસ કરતા હતા ત્યારે ધક્કામુક્કીમાં અથવા તણાઇ જવાથી ઓછામાં ઓછા ૩૪ જણ માર્યા ગયા હતા. સેઉટાની મૂળ વસ્તીના લગભગ ૬૦ ટકા લોકોએ સીમા પાર કરીને ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન, ઇટલીમાં પણ માઇગ્રન્ટ્સ ઘૂસવાનું મોટું દૂષણ છે

(જુઓ પાનું ૨) ▸▸

**માઈગ્રેનના દુખાવા જેવું માઈગ્રેશનઃ** મોરક્કોમાંથી હજારોની સંખ્યામાં લોકો સ્પેનમાં ઘૂસ્યા હતા. (એજન્સી)



## જોખમી મકાનો બળપૂર્વક ખાલી કરાવોઃ ફડણવીસ

મુંબઈઃ ભિવંડીમાં એક જર્જરિત ઈમારત ધરાશાયી થતા નવ લોકો મૃત્યુ પામ્યાં હતાં. દુર્ઘટનાના સંદર્ભમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કહ્યું હતું કે અધિકારીઓએ ભારપૂર્વક સમજાવી જોખમી ઇમારતો ખાલી કરાવવી જોઈએ અને જો જરૂર લાગે તો જીવ બચાવવા માટે બળજબરી પણ કરવી જોઈએ. મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કહ્યું હતું કે 'ભિવંડીની ઇમારતને સી ૧ બાંધકામ' તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. જેનો અર્થ એ છે કે તે રહેવા માટે અસુરક્ષિત હતી. આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી. ઈમારત 'સી ૧ કેટેગરી' હેઠળ હતી.'

ફડણવીસે જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે સાંત્વના વ્યક્ત કરી જણાવ્યું હતું કે રાજ્ય સરકાર મૃતકોના નિકટના સંબંધીઓને આર્થિક સહાય પૂરી પાડશે. મ્યુનિસિપલ કમિશનરને કોન્ટ્રાક્ટર સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો નિર્દેશ આપી દીધો છે. ■

## અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ પર હવે તવાઈ

▸ ગ્રેજ્યુએશન પછી કામ કરવા ઇચ્છતા સ્ટુડન્ટ્સ પાસેથી એક લાખ ડૉલર લેવા વિચારણા ▸ ગ્રીન કાર્ડ માટે એક લાખ ડૉલરના બૉન્ડ લેવાની યોજના

વૉશિંગ્ટનઃ અમેરિકાની યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કર્યા બાદ અમેરિકામાં કામ કરવા માગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પાસેથી એક લાખ ડૉલરની વિઝા ફી લેવાની યોજના ટ્રમ્પ વહીવટીતંત્ર ઘડી રહ્યું છે. તેનો અમલ કરાય, તો સૌથી મોટો ફટકો અમેરિકા ભણવા જતાં ભારતીય વિદ્યાર્થીઓને પડશે.

અમેરિકાના એક અખબારી અહેવાલ મુજબ નવી એચવન-બી વિઝા માટે એક લાખ ડૉલરની ફી લેવા રજૂ કરાયેલી દરખાસ્તને અમેરિકાની અદાલતે રદ કરતા હવે ટ્રમ્પ વહીવટીતંત્ર આ નવી યોજનાને અમલમાં મૂકવાનું વિચારી રહ્યું છે.

અખબારી અહેવાલમાં જણાવાયું હતું કે અમેરિકાનું હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ વિદેશી વિદ્યાર્થીઓની એફ-વન વિઝાને લંબાવતા ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા માટે ઊંચી ફી વસૂલવાનું વિચારી રહ્યું

(જુઓ પાનું ૨) ▸▸

ઘાયલ પોલીસની દીકરીએ પોતાની યાતના વ્યક્ત કરી

## 'જંતર મંતર પર જેન-ઝીનાં તોફાની ટોળાએ મારા પિતાને લગભગ રહેંસી નાખેલા'

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસના જુલમના આક્ષેપો મધ્યે પોલીસોએ વેઠેલી યાતનાને ભૂલી જવામાં આવે છે, એમ ઈજાગ્રસ્તો પોલીસોના સગાવહાલાઓએ કહ્યું હતું. જેન-ઝીની આગેવાની હેઠળના જંતર મંતર પરના વિરોધ પ્રદર્શન વખતે ઘાયલ થનારા પોલીસોના કુટુંબીજનોએ શુક્રવારે દિલ્હીમાં પત્રકાર પરિષદ સંબોધી હતી, તેઓએ દાવો કર્યો હતો કે પોલીસ અધિકારીઓ પર આંદોલન દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો.

(જુઓ પાનું ૨) ▸▸

### ભાજપના ગુંડાઓએ પોલીસને ફટકાર્યા હતાઃ દીપકેનો આક્ષેપ

નવી દિલ્હીઃ વિદ્યાર્થીઓના આંદોલન દરમિયાન ઘાયલ થયેલા દિલ્હી પોલીસ અધિકારીઓના પરિવારજનો દ્વારા યોજવામાં આવેલી પત્રકાર પરિષદ અંગે પ્રતિક્રિયા આપતાં કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ કહ્યું હતું કે પ્રદર્શન દરમિયાન ઘાયલ થયેલા પોલીસ અધિકારી પરત્વે હું સહાનુભૂતિ વ્યક્ત કરું

(જુઓ પાનું ૨) ▸▸

○ છેલ્લો દિવસ ○
સેકન્ડ્સના ઘરચોળા તથા ડીઝાઈનર બાંધણી પટોલા, બનારસી સેલા, ડ્રેસ, ચણિયાચોળી તથા દુપટ્ટાનું સેલ
સમય 10.30 થી 6.00
ખત્રી જમનાદાસ બેચરદાસ
શૉપ નં. 2, ત્રીજા ભોઈવાડાના નાકે, મુંબઈ - 400 002 (ગુલાલવાડી સાઈડ થી)
ફોન. 22425711, 22424947
અમારી અન્ય કોઈ પણ શાખા નથી

## કૅબિનેટે 'ખેલો ઈન્ડિયા' માટે ૨૯,૦૫૪ કરોડ રૂપિયા ફાળવ્યા

▸ પીએમ-કિસાન સ્કીમ લંબાવી
▸ 'સમુદ્ર મંથન' માટે મોટી રકમ ખર્ચાશે

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે 'ખેલો ઇન્ડિયા' માટે રૂપિયા ૨૯,૦૫૪ કરોડ, ૨૦૩૦-૩૧ સુધી લંબાવેલી 'પીએમ-કિસાન સ્કીમ' માટે રૂપિયા ૩.૧૫ લાખ કરોડ તેમ જ 'સમુદ્ર મંથન' હેઠળ દરિયામાં ગૅસ અને તેલ માટે શારકામ કરવા રૂપિયા ૮૪,૦૮૪ કરોડ ફાળવવાનો શુક્રવારે નિર્ણય લીધો હતો.

'ખેલો ઇન્ડિયા' સ્કીમ અને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સને અપાતી સહાય મળીને કુલ રકમ રૂપિયા ૩૬,૪૪૧ કરોડ થાય છે.

દેશમાં ૨૦૩૦માં યોજાનારી કૉમનવૅલ્થ ગૅમ્સ (રાષ્ટ્રકુળના દેશોની રમતો) અને ૨૦૩૬માં ઑલિમ્પિક્સના આયોજન માટે કરાયેલી બિડને ધ્યાનમાં રાખીને સરકારે સ્પોર્ટ્સ માટે જંગી રકમ ખર્ચવાનો નિર્ણય

(જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં આગામી બે મહિના ઓછા વરસાદની આગાહી

નવી દિલ્હીઃ હવામાન વિભાગે દેશમાં ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં નૈઋર્ત્યનો ઓછો વરસાદ થવાની શુક્રવારે આગાહી કરી હતી.

તેણે જણાવ્યું હતું કે દેશમાં લાંબા-ગાળાની સરેરાશના ૯૪ ટકાથી ઓછો વરસાદ થશે.

ચોક્કસ મહિનામાં લાંબા-ગાળાની એટલે કે અંદાજે ત્રીસથી પચાસ વર્ષના સમયગાળાના વરસાદની સરેરાશને લાંબા-ગાળાની સરેરાશ ગણવામાં આવે છે. દેશમાં ૧૯૭૧થી ૨૦૨૦ના સમયગાળામાં ઑગસ્ટ અને સપ્ટેમ્બરની

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા ભારતીયોના પરિવારોને મદદ કરોઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યા હતા કે તે રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા ભારતીયોના પરિવારોને મદદ કરવા માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરે. આ અધિકારી શહીદ થયેલા ભારતીયોના મૃતદેહો લાવવા, ડીએનએ મૅચિંગ અને રશિયા દૂતાવાસ મારફતે વળતર મેળવવામાં પરિવારોની મદદ કરશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહન્નાની બનેલી બેન્ચે વિદેશ મંત્રાલયને રશિયા-યુક્રેન યુદ્ધમાં માર્યા ગયેલા અથવા ગુમ થયેલા લોકોના પરિવારોને મૃતદેહો અને પીડિતોના પરિવારો વચ્ચે ડીએનએ મૅચિંગની સુવિધા આપીને મદદ કરવાનો નિર્દેશ પણ આપ્યો

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનમાં જેન-ઝી તખ્ત પલટાવી શકે છેઃ મોહસીન નકવી

નવી દિલ્હીઃ પાકિસ્તાનના ગૃહ પ્રધાન મોહસીન નકવીએ ચેતવણી આપી હતી કે પાકિસ્તાનમાં કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) જેવું વિરોધ પ્રદર્શન થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે જો હતાશ યુવાનો એક થઈ જાય તો તેઓ બધું જ પલટી શકે છે. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી રાજકારણીઓ પાકિસ્તાનની શાસન વ્યવસ્થામાં સુધારો નહીં કરે ત્યાં સુધી ચીફ ઓફ ડિફેન્સ ફોર્સીસ (સીડીએફ) અસીમ મુનીરના પ્રયાસોથી કોઈ કાયમી નિકાલ નીકળશે નહીં.

પાકિસ્તાની પ્રધાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન આર્થિક સંકટ, બેરોજગારી, રાજકીય ધ્રુવીકરણથી ઝઝૂમી રહ્યું છે અને મુનીરના નેતૃત્વ હેઠળનું તંત્ર બલુચિસ્તાન, પીઓકે અને ખૈબર

(જુઓ પાનું ૨) ▸▸

સમીર શાહ ના સથવારે...
SOUTH KOREA
10 NIGHTS / 11 DAYS
Tour Dates : 31 Oct. | 11 Nov.




Per Adult (2 in 1 Room) = US$ 2500 = ₹2,40,000*
Per Child No Bed = US$ 1400 = ₹1,34,000*
EARLY BIRD OFFER - BEFORE 31 AUG. 2026
BOOK EARLY AND SAVE ON FLIGHT TICKETS.
Excludes: Flight Ticket (Approx ₹65,000), GST, TCS
9769000799 9820026046 Dolphin Tours

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈ-૨૦ પેટ્રોલ વિરોધી આંદોલન, દૂધનો દાઝ્યો છાસ પણ ફૂંકીને પીવે

**‘નીટ’** પેપર મામલે કોક્રૉચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવોને ‘ધુરંધર’ સ્ટાઈલની ધાંય ધાંય સફળતા મળી ને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને બિસ્તરાં પોટલાં બાંધીને રવાના થવું પડ્યું તેમાંથી પ્રેરણા લઈને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિરોધમાં પણ ઓનલાઈન ઝુંબેશ શરૂ થઈ છે. ચળવળકાર તેહસીન પૂનાવાલાના ટીમ ભારત નામના સંગઠને આ આંદોલનના ભાગરૂપે શુક્રવારે દિલ્હીમાં સંસદની સામે ગઢી માર્ચ યોજવાની જાહેરાત કરેલી. પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલની ભેળસેળ કરીને વેચાતા ઈ-૨૦ પેટ્રોલનો વિરોધ કરવા માટેની આ ગઢી માર્ચને પોલીસે મંજૂરી ના આપતાં આ કૂચ મોકૂફ રાખવી પડી પણ સોશ્યલ મીડિયા પર ઈ-૨૦નો વિરોધ જોરશોરથી ચાલુ છે.

દિલ્હીની ચૂંટણીમાં ભાજપ સામે ભૂંડી રીતે હારી ગયા પછી ફરી બેઠા થવા ફાંફાં મારતા આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ પણ શનિવારે દિલ્હીમાં દેખાવો કરવાના છે. કેજરીવાલ દેખાવો કરી શકશે કે નહીં તેની ખબર આજે પડી જશે પણ ઈ-૨૦ સામેના વિરોધે સરકારને દોડતી કરી દીધી છે તેમાં શંકા નથી. પૂનાવાલાની ટીમ ભારતે સીજેપીમાંથી પ્રેરણા લઈને ઈ -૨૦ પેટ્રોલ વેચવાનું બંધ ના કરાય તો સીજેપીની જેમ જંતર મંતર ખાતે ધરણાં કરવાની પૂરી તૈયારી હોવાનું એલાન કર્યું છે.

સીજેપીની જેમ આ આંદોલન મોટું થાય ને સરકારની આબરૂનો વધારે ફજેતો ના થાય એ માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આ વિરોધને ઉગતો જ ડામી દેવા માટે મથામણ શરૂકરી છે. તેના ભાગરૂપે કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંહ પુરીને શુક્રવારના દેખાવોના એક દિવસ પહેલાં ટીમ ભારતના પ્રતિનિધીઓને મળવા દોડાવાયા. પુરીની ટીમ ભારતના પ્રતિનિધીઓ સાથેની મીટિંગ લગભગ ચાર કલાક લગી ચાલી. સ્વાભાવિક રીતે જ ચાર કલાક લગી બધાંએ એકબીજાના ખબરઅંતર તો ના જ પૂછ્યા હોય તેથી લાંબી ચર્ચા તો થઈ જ હશે પણ તેની વિગતો બહાર આવી નથી પણ મોટા ભાગે ટીમ ભારતે પોતાની માગો અંગેના પુરાવા રજૂ કર્યા હશે.

ટીમ ભારતનું કહેવું છે કે, ઈ-૨૦ પેટ્રોલના કારણે વાહનોનાં એન્જિનને ભારે નુકસાન થઈ રહ્યું છે ને કારમાલિકોને મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે. માઈલેજ ઘટે છે તેથી સરવાળે બોજ વધે છે ને એન્જિનને નુકસાન થાય છે તેથી મેનટેનન્સનો ખર્ચ પણ વધે છે. આમ કારમાલિકોને ઈ-૨૦ પેટ્રોલ વાપરવાથી ચારે બાજુથી ફટકો પડે છે. આ ફટકો ના પડે એ માટે ટીમ ભારતે કેટલીક માગણીઓ પણ મૂકી છે.

ટીમ ભારતની મુખ્ય માગ એ છે કે, ૨૦૨૩ પહેલાં બનેલાં લાખો વાહનો માટે ઇ-૧૦ પેટ્રોલ ઉપલબ્ધ કરાવવામાં આવે. આ વાહનો ઇ-૨૦ પેટ્રોલના સતત ઉપયોગ માટે બનાવવામાં આવ્યા ન હોવાથી તેમને સતત નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત દેશભરના પેટ્રોલ પંપ પર શુદ્ધ પેટ્રોલ (ઇઓ) વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવે જ્યારે ઇ-૨૦ પેટ્રોલના ભાવ શુદ્ધ પેટ્રોલની સરખામણીમાં ૨૦ ટકા ઓછા રાખવા જોઈએ.

ટીમ ભારતનો દાવો તો એવો પણ છે કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો આખો ખેલ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના છોકરાઓની કંપનીઓને ફાયદો કરાવવા કરાઈ રહ્યો છે તેથી ગડકરીને પણ ધર્મેન્દ્ર પ્રધાનની જેમ ઘરભેગા કરી દેવા જોઈએ. આ માગ પુરી સામે મૂકાઈ કે નહીં એ ખબર નથી. પુરીએ બીજી માગો અંગે શું જવાબ આપ્યો એ પણ ખબર નથી પણ પુરી ઈ-૨૦ના ફાયદા ગણાવવાથી વધારે બીજું શું કહેવાના ? પુરી તો ચિઠ્ઠીના ચાકર છે એટલે સાહેબના દોડાવ્યા દોડી આવ્યા ને સાહેબને જઈને બધો રિપોર્ટ આપી દેશે. તેના આધારે હવે પછી શું કરવું એ સરકાર નક્કી કરશે પણ ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના મુદ્દે સરકાર લાંબુ પહોળું ચિતરામણ કરીને બેસી ગઈ હોવાથી સરકાર પારોઠનાં પગલાં ભરી શકે તેમ નથી એ જોતાં ટીમ ભારતની માંગણીઓ સ્વીકારાય એવી શક્યતા નથી.

સરકારની હાલત અત્યારે દૂધનો દાઝ્યો છાસ ફૂંકી ફૂંકીને પીવે એવી છે. સીજેપીએ ઈજ્જતનો કચરો કરી નાંખ્યો તેથી જેન-ઝી જોરમાં છે. જેન-ઝી હઈસો હઈસો કરીને ઈ-૨૦ પેટ્રોલ વિરોધના આંદોલનમાં પણ કૂદી પડે તો આખી દુનિયામાં હાંસીને પાત્ર થઈ જવું પડે તેથી સરકારે સતર્કતા વાપરીને પહેલેથી આંદોલનને શાંત પાડવા માટે પુરીને દોડાવ્યા, બાકી સરકારે તો આ આંદોલનની હવા કાઢવા માટે પણ નીટ પેપર લીક મુદ્દે અપનાવેલી એ જ રણનીતિ અપનાવી છે. મતલબ કે સોશિયલ મીડિયા પર ધમાધમી બોલાવીને લોકોને ભ્રમિત કરી નાંખવા.

પૂનાવાલા આણિ મંડળીને પાકિસ્તાન-ચીનના એજન્ટ ગણાવવામાં જોખમ છે કેમ કે અભિજીત દીપકેની ટીમને પાકિસ્તાન-ચીનના એજન્ટ ગણાવવા ને દેશદ્રોહી ચિતરવા જતાં જેન-ઝી વધારે ભડકી ગયેલી. આ વખતે એવી સ્થિતી ન થાય એટલે ઈ-૨૦ પેટ્રોલ સામેના વિરોધમાં પૂનાવાલા એન્ડ કંપનીને ટાર્ગેટ નથી કરાઈ પણ ઈથેનોલના ફાયદા ને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ વાપરવાથી દેશને કેટલો ફાયદો થઈ રહ્યો છે તેને લગતા જૂઠાણાંનો મારો ચલાવવા માટે ભાજપની સોશ્યલ મીડિયા ટીમને કામે લગાડી જ દેવાઈ છે.

ભાજપની સોશ્યલ મીડિયા ટીમનાં જૂઠાણામાંથી બે મોટાં જૂઠાણાં અત્યારે ચર્ચાનો વિષય બન્યો છે ને સરકારની હાંસી પણ ઊડી રહી છે. તેમાંથી પહેલું જૂઠાણું એ કે, ઈ-૨૦ પેટ્રોલ હાઈ-ઓક્ટેન ફ્યુઅલ છે અને ૧૦૮.૫ ઓક્ટેન ધરાવે છે. કોઈ પણ ફ્યુઅલ કેટલું શક્તિશાળી છે એ ઓક્ટેનમાં મપાય છે. સરળ શબ્દોમાં ઓક્ટેન એ દબાણ હેઠળ બળતણની સ્થિરતાનો માપદંડ છે. હાઈ ઓક્ટેન ફ્યુઅલનો મતલબ એ થયો કે, હાઈ-પર્ફોર્મન્સ એન્જિનમાં અચાનક વિસ્ફોટ અથવા એન્જિન નોકિંગ સામે વાહન વધુ સારી રીતે ટકી રહે છે. ભાજપના દાવા પ્રમાણે, પહેલાં મળતું પેટ્રોલ ૮૪.૪ ઓક્ટેનનું હતું જ્યારે ઈ-૨૦ તો ૧૦૮.૫ ઓક્ટેન ધરાવે છે તેથી તેના કારણે વધારે માઈલેજ મળે. મજાની વાત એ છે કે, કેન્દ્ર સરકારે પોતે જ પીઆઈબી મારફતે સ્પષ્ટતા કરેલી કે, શુદ્ધ ઈથેનોલ ૧૦૮.૫ ઓક્ટેન ધરાવે છે જ્યારે પેટ્રોલ ૮૪.૪ ઓક્ટેન ધરાવે છે. અત્યાર લગી મળતા ઈ-૧૦ પેટ્રોલનો ઓક્ટેન નંબર ૯૧ હતો જ્યારે ઈ-૨૦નો ઓક્ટેન ૯૫ ધરાવે છે. સરકારના પોતાના દાવાથી અલગ દાવો ભાજપ કરે તેનો મતલુ એ જ થાય ને કે ભાજપ જૂઠાણું ચલાવે છે.

ભાજપે બીજું જૂઠાણું એ ચલાવ્યું કે, ઈ-૨૦નો ઉપયોગ કરવાથી ૩૧૦ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલની આયાત ઓછી કરવી પડી તેથી દેશને ૧.૯૦ લાખ કરોડ રૂપિયાનો ફાયદો થયો. સાદા શબ્દોમાં આ વાતનો અર્થ એવો થાય કે, ભારતની ક્રૂડની આયાતમાં ૩૧૦ લાખ મેટ્રિક ટન ક્રુડ ઓછું ખરીદવું પડ્યું. ખરેખર એવું છે ? ના, બિલકુલ નહીં. વાસ્તવમાં ૨૦૧૪થી અત્યાર લગી ભારતમાં ૩૧૦ લાખ મેટ્રિક ટન ઈથેનોલ વપરાયું તેથી એટલું ક્રૂડ ઓછું આયાત કરવુ પડ્યું એવું અર્થઘટન કરી દેવાયું. તેના કારણે થયેલી બચત ૧૨ વર્ષમાં થયેલી છે ત્યારે તેને ઈ-૨૦ના કારણે થયેલી બચત કઈ રીતે ગણી શકાય? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૧-૮-૨૦૨૬, લોકમાન્ય ટિળક પુણ્યતિથિ, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં

- ભારતીય દિનાંક ૧૦, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ વદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ -૩
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૦-૪૪ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૩-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૦ (તા. ૨)
- ઓટઃ સવારે ક. ૦૭-૦૭, રાત્રે ક. ૧૯-૫૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - તૃતીયા. લોકમાન્ય ટિળક પુણ્યતિથિ, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં, ભદ્રા સવારે ક. ૧૦-૫૨થી રાત્રે ક. ૨૩-૦૭. ● શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ ગુજરાતમાં આજે મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાનો મહિમા છે. લોકમાન્ય ટિળક પુણ્યતિથિની ઉજવણી થશે. વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, શનિ-રાહુ દેવતાનુ પૂજન, વરુણ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, હનુમાનચાલીસા સુંદર કાંડ, શનિ-મંદિરમાં પાટ-અભિષેક પૂજા, ધજા કળશ પતાકા ચઢાવવી, વૃક્ષ વાવવા, પશુ લેવડદેવડ.

ઓગસ્ટ-૨૦૨૬નાં સંક્ષિપ્તઃ ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ ઓગસ્ટના ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૧૬, સૂર્યાસ્તઃ ક. ૧૯ મિ. ૧૨, ચંદ્ર ઉદયઃ ક. ૨૧-૦૫, ચંદ્ર અસ્તઃ ક. ૦૮-૨૪, બુધ ઉદય ક. ૦૪-૫૧, બુધ અસ્તઃ ક. ૦૫-૫૦. શુક્ર ઉદય ક. ૦૯-૩૩, અસ્તઃ ક. ૦૯-૩૯, મંગળ ઉદયઃ ક. ૦૨-૫૨, અસ્તઃ ક. ૧૬-૦૨, ગુરુ ઉદયઃ ક. ૦૬-૦૮, અસ્તઃ ક. ૧૯-૦૨, શનિ ઉદયઃ ક. ૨૨-૪૯, અસ્તઃ ક. ૧૧-૦૦ તા. ૧ ઓગસ્ટ સૂર્યોદયના સમયે કર્ક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે ધનુ રાશિ લગ્ન ઉદિત થાય છે.

સૂર્ય પ્રારંભે તા. ૩જીએ આશ્લેષામાં, તા. ૧૭મીએ મઘામાં પ્રવેશે છે. મંગળ તા. ૧૨મીએ આર્દ્રામાં પ્રવેશે. બુધ તા. ૮મીએ પુષ્ય, તા. ૧૬મીએ આશ્લેષા, તા. ૨૨મીએ મઘા નક્ષત્ર, તા. ૨૯મીએ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં પ્રવેશે છે.

માર્ગી ગુરુ સમગ્ર તા. ૧૯મીએ આશ્લેષામાં પ્રવેશે છે. શુક્ર તા. ૧૧મીએ હસ્ત, તા. ૨૫મીએ ચિત્રામાં પ્રવેશે છે. વક્રી શનિ રેવતી નક્ષત્રમાં સમગ્ર માસમાં રહે છે. રાહુ ધનિષ્ઠા ૪થા ચરણમાં નક્ષત્રમાં તા. ૨જીએ પ્રવેશે છે. કેતુ મઘા નક્ષત્ર ૨જા ચરણમાં પ્રવેશે.

- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ/ કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## વાચકની કલમે

ભૂપેન્દ્ર રતિલાલ દોશી

# યુગપુરુષ બાળ ગંગાધર ટિળક

**‘સ્વાતંત્ર્ય** એ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીશ જ’ એવી સિંહ ગર્જના કરનાર બાળ ગંગાધર ટિળકનો જન્મ મહારાષ્ટ્રના દાપોલી તાલુકામાં ચિખલગાંવ ગામમાં ૨૩ જુલાઇ, ૧૮૫૬ના રોજ થયો હતો.

પુણેમાં તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ થયું હતું. વાંચન તેમને ખૂબ જ પ્રિય હતું. ગણિત વિષય પર તેમને વિશેષ પ્રેમ હતો. વિદ્યાર્થી કાળમાં તેમને આગરકર ઉપર વિશેષ સ્નેહ હતો. ચિંપળુણકર નવી શાળા શરૂ કરવાના છે જાણીને તેઓ તત્પરતાથી મળવા માટે ગયા. ૧ જાન્યુઆરી, ૧૮૮૦ના રોજ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલની શરૂઆત થઇ. ટિળક મેઘદૂત અને નીતિશતક શિખવતા હતા. ચિંપળુણકરના નિધન પછી સંસ્થાને અધિક નિયમબદ્ધ અને સ્થાનિક સ્વરૂપ દેવાના હેતુથી ડેક્કન એજ્યુકેશન સોસાયટી સ્થાપન કરવામાં આવી. ત્યારબાદ બે મહિના જ ફર્ગ્યુશેન કૉલેજને મૂર્ત સ્વરૂપ ધારણ કરેલ.

શાળા, કૉલેજના વિદ્યાર્થીઓ પર સંસ્કાર માટે તથા આ સંસ્થાની બહાર લાખો દેશબાંધવોને સુશિક્ષિત કરવું જરૂરી હોવાને લીધે તેમના માટે ‘કેસરી’ અને ‘મરાઠા’ અનુક્રમે મરાઠી અને ઇંગ્લિશ પ્રકાશનો શરૂ કરવામાં આવ્યાં. આ વર્તમાનપત્ર રોજિંદા પ્રશ્નો ઉપરાંત લોકસ્થિતિ પર નિબંધ, નવીન ગ્રંથો ઉપર ટીકા તેમ જ વિલાયતનાં રાજ્ય પ્રકરણના વાટાઘાટોના સારાંશ આપવામાં આવશે એમ તંત્રીશ્રીએ જાહેર કરેલ હતું.

‘કેસરી’ એ લોકશિક્ષણના હેતુથી રાજકારણ, સમાજકારણ અને અર્થકારણ એવા વિવિધ વિષયો ઉપર નિઃપક્ષપાતી તેમ જ



કાલસંગત લેખ વાચકો સામે રાખ્યા. લોકોમાં નિષ્કામ લોકસેવા, સ્વાવલંબન વિ. ગુણોની વૃદ્ધિ માટે પોતાની કલમ ઘસી નાખી.

લોકોમાં એકેચની ભાવના વૃદ્ધિ માટે જે અનેક સાધનો હોય છે. તેમાંનુ એક ઉપાસ્ય દૈવત હોવું જરૂરી છે. એક ધર્મ, એક રાજા, એક ભાષા એ રાષ્ટ્રીયત્વનું પ્રધાન અંગ છે. તેથી તેમણે સાર્વજનિક ગણેશ ઉત્સવ શરૂ કર્યો હતો. તેમ જ શિવજયંતી ઉત્સવને પણ ટેકો આપેલ હતો. જે શૂરવીર પુરુષે દેશનું નામ અજરામર કર્યું તેના માટે કૃતજ્ઞતા બુદ્ધિ વ્યક્ત કરવાની ભાવના હતી. તેનાથી પણ મહત્ત્વનો હેતુ એ હતો કે રાષ્ટ્રના મહાપુરુષનું સ્મરણ એ રાષ્ટ્રીયત્વ કાયમ રહેવા માટે ઉત્તમ સાધન છે.

૧૮૯૫માં ટિળકે શિવ સમાધીના જિર્ણોદ્ધાર માટે ચળવળ શરૂ કરીને શિવજયંતીને રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ આપ્યું. મહારાષ્ટ્રના અલગ-અલગ જાતિના લોકો એક ઠેકાણે બેસવાનું સ્થાન હોય તો તે શિવ છત્રપતિનું ચરિત્ર જ હોઇ શકે એવો વિચાર કેસરીમાં વ્યક્ત કર્યો.

ટિળકના નેતૃત્વને આવાહન આપનારી બાબત પ્લેગ અને દુષ્કાળનું સંકટ. સાર્વજનિક સભા દ્વારા દુષ્કાળની માહિતી ભેગી કરીને સરકાર આગળ પ્રસ્તુત કરવી, દુષ્કાળગ્રસ્ત લોકોને મદદ કરવી. તેમને કામ આપવું વિ. જવાબદારી ટિળકે પોતાના ખભા ઉપર લીધી. લોકોને તેમના હક્ક સમજાય માટે ‘ફેમિન રિલીફ કોડ’નું ભાષાંતર મરાઠીમાં તૈયાર કર્યું.

પ્લેગ નિવારણાર્થે સરકારે નિમેલ્યા સમિતિના અધ્યક્ષ વૉલ્ટર રૅન નામના અધિકારી હતા. ટિળકે રૅન શાહીનું નગ્ન, બીભત્સ સ્વરૂપ કેસરી દ્વારા લોકોને જણાવ્યું રૅન શાહીના જુલમ શાહીના લીધે રૅનનું ખૂન થયું. ત્યારે ટિળકનો સંબંધ રૅન ખૂન સાથે જોડવા માટે સરકારે આકાશ-પાતળ એક કર્યું, પરંતુ સરકારને આ પ્રયત્નમાં યશ ન મળ્યો. ત્યારે શાસને તેમની ઉપર રાજદ્રોહનો આરોપ લગાડીને ટિળકને દોઢ વર્ષની શખત મજૂરીની શિક્ષા થઇ.

૧૯૦૫થી ૧૯૦૮ આ કાળખંડ ભારતના ઇતિહાસમાં મહત્ત્વનું ગણવામાં આવે છે. ટિળકની કારકિર્દી રોમાંચકારી ઘટનાથી ભરેલ છે. આ ચાર વર્ષમાં તેમની કિર્તીએ પ્રાંતીય સીમા પાર કરીને આખા ભારત દેશના ખૂણેખાંચરે ફેલાઇ ગઇ.

સ્વદેશી બહિષ્કારની ચળવળ દેશવ્યાપી થઇ. આ સંદર્ભમાં ટિળકનું કાર્ય આકાશ જેવડું મોટું છે. દીર્ઘકાલીન દાસત્વના લીધે લોકોનું નીતિ ધૈર્ય ખલાસ થયેલ હતું. એવા કાળમાં નીતિ ધૈર્ય વધારવામાં ટિળકે સર્વ પ્રયત્નો કર્યા.

ટિળકના રાજકીય જીવનનું મહત્ત્વ બાબત એટલે હોમરૂલની ચળવળ, આર્યર્લેન્ડના પદ્ધતિ પ્રમાણે હોમરૂલ ચળવળ ઊભી કરવાની ઘોષણા ટિળકે ૧મે ૧૯૧૬ના રોજ બેલગાંવના પ્રાંતિક પરિષદમાં કરી. ‘સ્વરાજય આ મારો જન્મસદ્ધિ હકક છે.’ એ કલ્પનાં આ ચળવળ દ્વારા લોકોને ગળે ઉતારી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તી માટે ચાર સૂત્રી કાર્યક્રમ ટિળકે તૈયાર કરેલ હતો. સ્વદેશી, બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણ અને સ્વરાજય આ ચાર સાધનોનો પુરસ્કાર ટિળક કરતા હતા. જનસામાન્ય લોકોમાં રાષ્ટ્રપ્રેમ, સ્વતંત્રતા, સંઘટન જેવા ગુણો વિકસિત થાય તે માટે તેમણે સાર્વજનિક ગણેશ ઉત્સવ અને શિવજયંતી ઉત્સવોની શરૂઆત કરેલ હતી.

લોકમાન્ય ટિળક વિશે ઘણું લખી શકાય, પરંતુ સ્થળ-સંકોચને લીધે કલમને વિરામ આપું છું.

૧ ઑગસ્ટ, ૧૯૨૦ના રોજ મુંબઇ ખાતે આ મહાન વ્યક્તિએ છેલ્લા શ્વાસ લીધા અને આખો દેશ શોક સાગરમાં ડૂબી ગયો. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતમાં વરસાદનો

ઈંચ, સુરતના અરેઠમાં ૭.૭૨ ઈંચ, આણંદના ખંભાતમાં ૭.૫૬ ઈંચ, સુરતના પલસાણામાં ૭.૫૨ ઈંચ, નવસારી તાલુકામાં ૭.૪૪ ઈંચ, ખેરગામમાં ૭.૨૮ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત સુરતના બારડોલી અને આણંદના બોરસદમાં ૭.૨૪-૭.૨૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

તે જ પ્રકારે અમદાવાદમાં પણ હવામાન વિભાગ દ્વારા રેડ અલર્ટ જાહેર કરાયું હતું. એટલે કે શહેર અને જિલ્લાના વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે ૩૧ જુલાઈએ બપોરના સમયે અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં એસજી હાઈવેના પેલેડિયમ મોલ પાસે અને ઈન્ડિયા કોલોની તેમ જ સરસપુર વિસ્તારમાં પાણી ભરાયા હતા. બોપલ અને ઘુમામાં બે ઇંચ વરસાદથી પાણી ભરાયા હતા. ■

### આજે પણ

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ ધામેલિયાએ જાહેરનામું બહાર પાડીને આવતીકાલે પહેલી ઓગસ્ટના રોજ જિલ્લાના તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો હુકમ કર્યો હતો. જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની જોગવાઈઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

### મોરક્કોથી

અને ઇટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાના દેશ (ઇટલી)ના નાગરિકોના હિતાર્થે સ્પેન સાથેનો ‘શેન્ગન કરાર’ (યુરોપના ૨૯ દેશમાં મુક્ત રીતે ફરવાની પરવાનગી આપતો કરાર) રદ કરવાની ચીમકી આપી હતી. સ્પેનના વડા પ્રધાન પેદ્રો સેન્ચેઝ અને ગૃહ પ્રધાન ફર્નાન્ડો ગ્રેન્ડ-માર્લાસ્કા સેઉટામાંની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં પહોંચી ગયા હતા. સિવિલ ગાર્ડ ઑફિસર્સનું પ્રતિનિધિત્વ કરતા સ્થાનિક કર્મચારીઓના સંગઠનના નેતા રાચીડ સૂબિહીએ મોરક્કો સાથેની સ્પેનના સેઉટાની સરહદ પરની પરિસ્થિતિ ઘણી જ ગંભીર ગણાવી હતી. (એજન્સી) ■

### ભિવંડીમાં બિલ્ડિંગ

અને દરેક માળ પર ૧૨ રૂમ હતી. ગુરુવારે રાત્રે આઠથી નવ વાગ્યાની આસપાસ રહેવાસીઓએ બિલ્ડિંગમાં જોરથી તિરાડ પડવાના અવાજો સાંભળ્યા હતા. તેથી બિલ્ડિંગના અમુક રહેવાસીઓએ ડરના માર્યા તરત બિલ્ડિંગ ખાલી કરવા માંડ્યા હતા. સ્થાનિક લોકોએ તેમને અન્ય સ્થળે ખસેડવામાં મદદ કરી હતી. જ્યારે કેટલાક રહેવાસીઓ બહાર નીકળી રહ્યા હતા ત્યારે જ બિલ્ડિંગની ‘બી’ વિંગ ધરાશાયી થઈ ગઈ હતી અને અમુક રહેવાસીઓએ અંદર ફસાઈ ગયા હતા. બિલ્ડિંગ ધરાશાયી થવાની જાણ થતા જ તાત્કાલિક ઘટના સ્થળે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, થાણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્થાનિક ફાયર બ્રિગ્રેડે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. કાટમાળ હેઠળ રહેવાસીઓ ફસાયા હોવાના ડરે ડૉગ સ્કવોડ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ચાર ફાયર ઍન્જિન, બે ઍમ્બ્યુલન્સ અને જેસીબીની મદદ લેવામાં આવી હતી.

ભિવંડી નિઝામપુર પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે સાત, સપ્ટેમ્બર, ૨૦૨૦માં આ બિલ્ડિંગને જોખમી તરીકે ઓળખી કાઢી હતી અને તેના માલિકને સ્ટ્રક્ટરલ ઓડિટનો રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. એ બાદ બાવીસ એપ્રિલ, ૨૦૨૨ના તેને ફરી સ્ટ્રક્ચરલ ઓડિટ માટે રીમાઈન્ડર મોકલવામાં આવ્યું હતું પણ તેણે પાલિકાના આદેશને ગણકાયારાયો નહોતો અને બિલ્ડિંગમાં લોકોએ રહેવાનું ચાલુ જ રાખ્યું હતું. તેથી ચાલુ વર્ષે પાંચ જૂનના બિલ્ડિંગને ખાલી કરવાની નોટિસ જારી કરી હતી અને ત્યારબાદ વીજળી અને પાણી પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. તેમ છતાં પ્રોપર્ટીના માલિકે પાલિકા પ્રશાસન પાસેથી કોઈપણ પ્રકારની પરવાનગી નહીં લેતા ગેરકાયદે રીતે બિલ્ડિંગનું સમારકામ શરૂ કર્યું હતું. ગુરુવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૬ના સવારના આસિસ્ટન્ટ કમિશનરે અધિકારીઓ સાથે બિલ્ડિંગની મુલાકાત લીધી હતી અને બિલ્ડિંગ સુરક્ષિત ન હોવાનું કહીને તેને તાત્કાલિક ખાલી કરવાની નોટિસ પણ આપી હતી. એ બાદ પાલિકાની ટીમે તાત્કાલિક બિલ્ડિંગમાં રહેતા ૩૫થી ૪૦ રહેવાસીઓ અને સમારકામ કરી રહેલા મજૂરોને ત્યાંથી હટાવ્યા હતા. કૉન્ટ્રેક્ટર અને વર્કરને કામ બંધ કરવાનું પણ કહેવામાં આવ્યું હતું, છતાં તે લોકોએ વાત સાંભળી નહોતી. તેમ જ અમુક રહેવાસીઓએ પણ બિલ્ડિંગ ખાલી કરવાનો ઈનકાર કર્યો હતો.

### મોદીએ વ્યક્ત કર્યું દુઃખ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારના રોજ મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડીમાં એક ઇમારત ધરાશાયી થવાથી થયેલી જાનહાનિ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. ■

### જંતર મંતર પર

આંદોલનકારીની પાર્લામેન્ટ સ્ટ્રીટ, કોન્નોટ પ્લેસ અને જંતર મંતરમાં પોલીસ સાથે અથડામણ થઈ હતી. અનેક ઘાયલ પોલીસ સારાવાર લઈ રહ્યા છે એ વાત ધ્યાનમાં લાવવાની માગણી કરવાની સાથે કુટુંબોએ સત્તાવાળાઓને ઈજાગ્રસ્ત ઓફિસરને ન્યાય મળે એવો અનુરોધ કર્યો હતો. દિલ્હી પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની પુત્રીએ આક્ષેપ કર્યો હતો કે મારા પિતાને લગભગ રહેંસી નાખવામાં આવ્યા હતા. ■

### અમેરિકામાં ભણતા

છે. વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકામાં એફ-વન વિઝા (સ્ટુડન્ટ વિઝા)ને લંબાવીને ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામ હેઠળ એકથી ત્રણ વર્ષ સુધી કામ કરી શકે છે. અમેરિકાની સરકારના હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના આંકડા મુજબ અમેરિકામાં ૨૦૨૪માં અંદાજે ૪,૧૯,૦૦૦ વિદ્યાર્થી ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) વિઝા પ્રોગ્રામ હેઠળ કામ કરતા હતા. અગાઉ, અમેરિકાની સરકારે નવી એચ-વનબી વિઝા માટે એક લાખ ડૉલર વસૂલવાની રજૂ કરેલી દરખાસ્તનો અમેરિકાની ટૅક કંપનીઓએ જોરદાર વિરોધ કર્યો હતો.

અમેરિકાની સરકારના હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટનાં મહિલા પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિદેશી વિદ્યાર્થીઓ પાસેની નવી વિઝા ફી વસૂલવાની સત્તાવાર જાહેરાત બાદમાં કરાશે.

હૉમલૅન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ એચ-વનબી અને સ્ટુડન્ટ વિઝાધારકો પાસેથી વધુ ફી વસૂલવા વિચારી રહ્યું છે તેમ જ અમેરિકાની બહારથી કરાતી ગ્રીન કાર્ડની અરજી માટે એક લાખ ડૉલરના બૉન્ડ લેવાની પણ યોજના ધરાવે છે. (એજન્સી) ■

### પાકિસ્તાનમાં જેન-ઝી

પખ્તૂનખ્વામાં અશાંતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યું છે.

જોકે નકવીએ ભારતના સીજેપીનું નામ લીધું ન હતું, તેમણે નિરાશ પાકિસ્તાની યુવાનોના એક થવાનાં પરિણામો વિશે ચેતવણી આપી હતી. તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સેંકડો વિદ્યાર્થીઓ ઇસ્લામાબાદમાં પીઓકેમાં વિરોધ પ્રદર્શનોને સમર્થન આપવા માટે એકઠા થયા હતા, જ્યાં સરકારને કાર્યવાહીમાં ડઝનેક નાગરિકો માર્યા ગયા હતા. ■

### ભાજપના ગુંડાઓએ

છું, પરંતુ પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓની અવગણના ન થાય એ બાબતનું ધ્યાન પણ રાખવામાં આવવું જોઈએ. દીપકેએ આક્ષેપ કર્યો હતો કે પ્રદર્શનકર્તા વિદ્યાર્થીઓ દ્વારા નહીં, પરંતુ પ્રદર્શનાર્થીઓને વિખેરવા ભાજપ દ્વારા મોકલવામાં આવેલા ગુંડાઓ દ્વારા પોલીસ અધિકારીઓને નિશાન બનાવી હિંસા આચરવામાં આવી હતી. ■

### દેશમાં આગામી

સરેરાશ ૪૨૨.૮ મિમી વરસાદની છે. દેશભરમાં ઑગસ્ટ દરમિયાન એકંદર વરસાદ સામાન્ય કરતાં ઓછો એટલે કે ૯૪ ટકા કરતાં ઓછો થશે. (એજન્સી) ■

### કૅબિનેટે ‘ખેલો ઇન્ડિયા’

લીધો હતો. નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સને અપાનારી સહાય રૂપિયા ૭,૩૮૭ કરોડની છે. સરકાર ‘ખેલો ઇન્ડિયા’ સ્કીમ હેઠળ આંતરરાષ્ટ્રીય ઉપરાંત સ્વદેશી રમતોને પણ પ્રોત્સાહન આપી રહી છે. હાલમાં આ યોજના હેઠળ ૨,૮૦૦ ઍથ્લીટ તૈયાર કરાઇ રહ્યા છે.

ખેડૂતો માટેની ‘પીએમ-કિસાન યોજના’ને આગામી પાંચ વર્ષ માટે લંબાવાઇ છે. તેમાં ખેડૂતોને અપાતો આર્થિક લાભ સીધો તેઓના ખાતામાં જમા કરાય છે. ‘સમુદ્ર મંથન’ યોજના હેઠળ દરિયામાં ઊંડાણમાં ગૅસ અને તેલ શોધવા શારકામ કરવા જંગી રકમ ફાળવાશે. આ યોજના હેઠળ સરકાર દરેક વૅલ (તેલ અને ગૅસના કૂવા)ને રૂપિયા ૬૫૦ કરોડની સહાય આપશે. આ યોજના હેઠળ દરિયામાં અંદાજે ૧,૫૦૦ મીટરથી વધુ ઊંડાઇએ ગૅસ અને તેલ શોધવા શારકામ કરાશે. (એજન્સી) ■

### રશિયા-યુક્રેન

હતો. બેન્ચે વિદેશ મંત્રાલયને અહીં રશિયન દૂતાવાસમાં વળતરનો દાવો કરવામાં અસરગ્રસ્ત પરિવારોને મદદ કરવા અને સ્થાનિક ભાષાઓમાં તમામ જરૂરી માહિતી અને અપડેટ્સ પ્રદાન કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી અને રાજ્ય કાનૂની સેવા સત્તાવાળાઓને નિર્દેશ આપ્યા હતા કે તે યુદ્ધમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહો લાવવામાં અને વળતર મેળવવાની પ્રક્રિયામાં પરિવારજનોની મદદ કરે. ■

# હાઈવે પર ટ્રક સાથે જીપ ભટકાતાં આઠ જણ ઘાયલ

થાણેઃ થાણે જિલ્લામાં ભિવંડી-નાશિક હાઇવે પર ગુરુવારે સવારે ટ્રક સાથે જીપ ભટકાતાં એક જ પરિવારના આઠ જણ ઘાયલ થયા હતા, જેમાંથી ચારને ગંભીર ઇજા પહોંચી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર સોનાલે ગામ નજીક આ અકસ્માત થયો હતો. જળગાંવ જિલ્લામાં ચાલીસગાંવ તહેસીલના સાઇગાંવમાં રહેનારા ૧૦ લોકો જીપમાં પ્રવાસ કરી રહ્યા હતા અને તે હાઇવે પર પાર્ક કરાયેલી ટ્રક સાથે ટકરાઇ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે જીપનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

દશા શ્રીમાળી જૈન



**સ્વ. ભૂપતરાય કાંતીલાલ અજમેરા**

જન્મ : ૧૦-૨-૧૯૩૪ ❖ અરિહંત શરણ : ૨૭-૦૭-૨૦૨૬

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર, મુંબઈ સ્વર્ગીય ભુપતરાય કાંતીલાલ અજમેરા ઉંમર વર્ષ -૯૨ તા. ૨૭-૦૭-૨૦૨૬ સોમવાર ના અરિહંત શરણ પામેલ છે.

પત્ની : સ્વ. મંજુલાબેન ભૂપતરાય અજમેરા
પુત્રો : નિલેષ, અતુલ, હિતેષ
પુત્રવધુ : જાગૃતિ, જીનલ, મીતા
પૌત્રો : કરણ, જીનેશ, આકાશ, પૂજન, ઋષભ
પૌત્રવધુ : કેજલ, સંજના, ચારૂ
ભાઈ-બહેન : ધનવંતભાઈ, ડૉ. હરેશભાઈ, પ્રભાબેન, નયનાબેન તથા સરલાબેન, ભારતીબેન ના જેઠ
શ્વસુરપક્ષ : સ્વ. ચમનલાલ મગનલાલ શાહ (ભાવનગર) ના જમાઈ

**પ્રાર્થના સભા**

રવિવાર, તા. ૨-૮-૨૦૨૬, સવારે ૧૦ થી ૧૨ કલાકે

**સ્થળ**

પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૮૬.

(વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે.)

**વિશા લાડ વણિક અવસાન**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય માતુશ્રી

**અંજના વસંત ઝવેરી**

ગુરુવાર ૩૦-૭-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શોકાતુર
પુત્ર: મયંક
પુત્ર: સંજય, પુત્રવધુ: તેજલ
પૌત્રી: રિધ્ધિ, પોત્ર: શૈલ

લૌકિક રિવાજ બંધ છે.

**કથિત ઓડિયો ક્લિપમાં અપશબ્દો**

# ખડસેએ કાનૂની કાર્યવાહીની ચેતવણી આપી

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજન અને ભાજપના એક કાર્યકર્તા વચ્ચેની કથિત વાતચીતની ઓડિયો ક્લિપથી વિવાદ શરૂ થયા પછી એનસીપી (એસપી)ના નેતા એકનાથ ખડસેએ તેમની અને કેન્દ્રીય પ્રધાન અને તેમની પુત્રવધૂ રક્ષા ખડસે વિરુદ્ધ કરેલી કથિત ટિપ્પણી પર કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલી આ કથિત ક્લિપમાં ભાજપના ઉત્તર મહારાષ્ટ્ર સંયોજક વિજય ચૌધરીને એકનાથ ખડસેનો ઉલ્લેખ કરતી વખતે અપશબ્દોનો ઉપયોગ કરતા અને યુવા બાબતો અને રમતગમત રાજ્ય પ્રધાન રક્ષા ખડસે વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરતા સંભળાય છે. જોકે, પીટીઆઈ સ્વતંત્ર રીતે ઓડિયો ક્લિપની સત્યતા ચકાસી શક્યું નથી. ગુરુવારે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં એકનાથ ખડસેએ કહ્યું હતું કે 'હું કાનૂની સલાહ લઈ રહ્યો છું અને ટૂંક સમયમાં કાનૂની કાર્યવાહી શરૂ કરીશ. હું કથિત ઓડિયો ક્લિપ ભાજપના વરિષ્ઠ નેતૃત્વને પહોંચાડીશ.' આ વિવાદ વચ્ચે ચૌધરીએ ભાજપના ઉત્તર મહારાષ્ટ્ર સંયોજક તરીકેનું રાજીનામું પક્ષના રાજ્ય એકમના વડા રવિન્દ્ર ચવ્હાણને સુપરત કર્યું છે.

# પહેલી વાર ખરીદી કરનારાઓ માટે ખાતરીપૂર્વક ઇન્કમ પ્લાનની પાયાની બાબતો

**શ્રી એમ આનંદ, પ્રેસિડેન્ટ અને ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર, એસબીઆઈ લાઇફ**

નવી પેઢી યુવાન છે, મહત્ત્વાકાંક્ષી છે અને ફાઇનાન્સની દુનિયામાં પ્રવેશીને સ્વતંત્ર થવા માટે આતુર છે. જોકે ઘણાંના માટે પહેલી વખત આ ક્ષેત્રમાં પ્રવેશવું એ સાઇકલ શીખવા જેવું હોઈ શકે છે જેમ કે રોમાંચક છતાં અઘરું, પોતાની આકાંક્ષાઓ પૂરી કરવાની ઇચ્છાનું સંતુલન કરવા, પોતાના પ્રિયજનોને નાણાકીય રીતે સુરક્ષિત કરવા અને નાણાકીય દ્રષ્ટિએ ખોટા પગલાં ટાળવા. આનો પ્રારંભ કરતા ખાતરીપૂર્વક ઇન્કમ લાઇફ ઇન્સ્યુરન્સ પ્લાન તમારા નાણાકીય આયોજનમાં આદર્શ પસંદગીની પ્રોડક્ટ બની શકે છે કારણ કે તે લાઇફ ઇન્સ્યુરન્સ અને બચત બંને પૂરા પાડે છે, પસંદ કરેલા સમયગાળા માટે વિશ્વસનીય આવકની ખાતરી આપે છે, સ્થિરતા માટે મજબૂત પાયો નાંખે છે અને આત્મવિશ્વાસ સાથે તમારા સપનાં અને આકાંક્ષાઓ પૂરી કરવાની આઝાદી આપે છે. આ પ્લાન હેઠળ વ્યક્તિ પ્રીમિયમની રકમ અને ફ્રિકવન્સી, પ્રીમિયમ ચૂકવવાનો સમયગાળો, પૉલિસી સમયગાળો પે-આઉટનો સમયગાળો, આવકની ફ્રિકવન્સી અને ગેરંટીડ આવકના વિકલ્પો પસંદ કરી શકે છે. આ ફ્લેક્સિબિલિટીના લીધે તેમને તેમના પરિવાર માટે ખાતરીપૂર્વક લાભો ઉપરાંત પૉલિસીના સમયગાળા દરમિયાન લાઇફ ઇન્સ્યુરન્સ કવરેજ મળે છે. આ પ્રોડક્ટ્સ બે વિકલ્પો પૂરા પાડે છેઃ લેવલ ખાતરીપૂર્વક ઇન્કમ જે ફિક્સ્ડ પે-આઉટ આપે છે અને ઇન્ક્રિઝિંગ ખાતરીપૂર્વક ઇન્કમ જે ચોક્કસ ટકાવારીએ વધે છે. તે વ્યક્તિને વિશ્વાસ અપાવે છે કે તેમની આવક દર વર્ષે વધી શકે છે અને ફુગાવાના વધતા દર સામે બાથ ભીડી શકે છે.

વ્યક્તિને તેમની ભવિષ્યની જરૂરિયાતના આધારે (જેમ કે ૧૫, ૨૦, ૨૫ અથવા ૩૦ વર્ષ) લાંબા ગાળા માટે પે-આઉટ સમયગાળો પણ મળી શકે છે. ખાતરીપૂર્વક ઇન્કમ વાર્ષિક, અર્ધવાર્ષિક, ત્રિમાસિક કે માસિક હોઈ શકે છે.

આવા પ્લાન્સ ખરીદવા સરળ છે, જે વ્યક્તિના નાણાં અને બચતના મૂલ્યાંકનથી શરૂ થાય છે અને ત્યારબાદ આવકના લક્ષ્યો અને સમયરેખા નક્કી કરવામાં આવે છે. આવા પ્લાન્સ શ્રેષ્ઠ કવરેજ આપે છે અને વીમા જરૂરિયાતો પૂરી કરે છે તેની ખાતરી કરવા માટે પૉલિસીની વિગતોની કાળજીપૂર્વક સમીક્ષા કરવી પણ મહત્ત્વપૂર્ણ છે.

**૨૪ કલાકમાં મહારાષ્ટ્ર સરકારે નિર્ણય બદલ્યો**

# પ્રધાનોને અખબારો પસંદ કરવા મંજૂરી આપી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે નાયબ મુખ્ય પ્રધાનો અને અન્ય પ્રધાનોને છાપેલા અખબારો અને સામયિકોની નકલ મોકલવાનું બંધ કરવાના પોતાના નિર્ણયને આંશિક રીતે પાછો ખેંચી લીધો છે. પ્રધાનોને ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન અથવા અખબારની નકલનો વિકલ્પ પસંદ કરી શકશે.

જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ (જીએડી)એ જાહેરાત કર્યાના એક દિવસ પછી આ સુધારો કર્યો છે. ગુરુવારે જણાવવામાં આવ્યું હતું કે પહેલી સપ્ટેમ્બરથી પ્રધાનોએ અખબારો અને સામયિકો માટે ફક્ત ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન્સ પર આધાર રાખવો પડશે અને એનો ખર્ચ તેમના સંબંધિત વહીવટી વિભાગો દ્વારા ઉઠાવવામાં આવશે.

સુધારામાં કહેવામાં આવ્યું છે કે ત્રીસમી જુલાઈએ જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર)ના ત્રીજા ફકરામાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે નાયબ મુખ્ય પ્રધાનો, પ્રધાનો અને રાજ્ય પ્રધાનોએ તેમના કાર્યાલયો અને સત્તાવાર નિવાસસ્થાનો પર અખબારો અને સામયિકો માટે ઓનલાઈન સબ્સ્ક્રિપ્શન મેળવવાને બદલે, તેઓ હવે ઓનલાઈન અથવા પ્રિન્ટેડ સબ્સ્ક્રિપ્શન, અથવા જે પણ અનુકૂળ હોય એના દ્વારા અખબારો અને સામયિકો મેળવી શકે છે.

ગુરુવારે જીએડીના એક અધિકારીએ જણાવ્યું હતું કે અખબારો અને સામયિકો પર વાર્ષિક ખર્ચ લગભગ ૨૨ લાખ રૂપિયા છે, જેમાંથી મુખ્ય પ્રધાન કાર્યાલય દર મહિને લગભગ ૧૨,૦૦૦ થી ૧૫,૦૦૦ રૂપિયા ખર્ચ કરે છે. નવી સિસ્ટમ અમલમાં આવે તે પહેલાં પ્રધાનોને એક મહિનાનો સમય આપવામાં આવી રહ્યો છે. (પીટીઆઈ)

**પંદરમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. શાહ હંસાબેન કાંતીલાલ**

સ્વર્ગવાસઃ ૧લી ઓગસ્ટ, ૨૦૧૧

આપના પવિત્ર આત્માને પ્રભુ શાશ્વત સુખ અને શાંતિ અર્પે એવી પ્રભુ પાસે અમારી પ્રાર્થના.

આપનો પરિવાર

# પત્નીને પાઠ ભણાવવા પતિએ દીકરાને દરિયામાં ડુબાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પત્ની સાથે થયેલા ઝઘડા બાદ તેને પાઠ ભણાવવાને ઇરાદે પતિએ ૧૦ વર્ષના માસૂમ દીકરાનો ભોગ લીધો હોવાની આંચકાજનક ઘટના બોરીવલીમાં બની હતી. મનોરી પાસે દરિયામાં ડુબાડી પુત્રની કથિત હત્યા કર્યા પછી વર્સોવામાં બહેનના ઘરે સંતાયેલા આરોપી પિતાને પોલીસે પકડી પાડ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ ગુરુવારે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ બંટી કાલિદાસ રાવ (૪૦) તરીકે થઈ હતી. રાવ જૂહુ બીચ પર ફોટોગ્રાફર તરીકે કામ કરે છે. દરિયાકિનારે ફરવા આવનારા સહેલાણીઓના ફોટા પાડી પરિવારનું ગુજરાન ચલાવતો રાવ પત્ની, ૧૮ વર્ષની દીકરી અને ૧૦ વર્ષના પુત્ર યુવરાજ સાથે મલાડ નજીકના મઢ વિસ્તારમાં રહેતો હતો.

ગોરાઈ પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારે પ્રકાશમાં આવી હતી. ગોરાઈ પાસેના કોલેવમ બીચ પરથી બાળકનો મૃતદેહ મળી આવતાં ગોરાઈ પોલીસે તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ આસપાસનાં પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલી મિસિંગ પર્સનની ફરિયાદોની ચકાસણી કરી હતી. ચકાસણી દરમિયાન બાળક અને તેના પિતા ગુમ હોવાની ફરિયાદ માલવણી પોલીસમાં નોંધાઈ હતી. રાવ અને પુત્ર ગુમ થયાની ફરિયાદ રાવની પત્નીએ નોંધાવી હતી. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. સોમવારે પણ દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પછી ગુસ્સામાં રાવ પુત્ર સાથે ઘરની બહાર જતો રહ્યો હતો. મોડી સાંજ સુધી બન્ને ઘરે પાછા ફર્યા નહોતા અને રાવનો સંપર્ક પણ થઈ શકતો નથી. પરિણામે પત્નીએ માલવણી પોલીસને જાણ કરી હતી. દરમિયાન માલવણી પોલીસે રાવ અંધેરીના વર્સોવામાં હોવાનું શોધી કાઢ્યું હતું. પોલીસે તેને બહેનના ઘરેથી તાબામાં લીધો હતો.









**શ્રદ્ધાંજલિ**



**સ્વ. ગુણવંતભાઈ શાંતિલાલ રૂપાણી**

અરિહંત શરણઃ ૩૦ જુલાઈ ૨૦૨૬

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપની વિદાય વિસરી શકાય તેમ નથી, જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભુલાય નહી, આપનો પરોપકારી અને દરિયાદિલ સ્વભાવ દરેક લોકોના જીવનમાં અસીમ છાપ છોડી ગયો છે.

વિદાય એવી લીધી કે મૃત્યુ અમર થઈ ગયું.
આપે આપેલ સંસ્કાર એ અમારી પ્રગતિનો આધાર છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

ભાવભીની શ્રદ્ધાંજલિ

આપને ક્ષણે ક્ષણે યાદ કરનાર:
**ધર્મ પત્નીઃ કનકબેન ગુણવંતભાઈ રૂપાણી**

પુત્ર-પુત્રવધુ: ચિ. નિરવ - ચિ. દર્શિતા, ચિ. કુનાલ - ચિ. રીમા
પૌત્ર-પૌત્રી: ચિ. દેવ - ચિ. પ્રિશા
ભાઈ-બહેન: સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. દેવેન્દ્રભાઈ, નમિતાબેન મનસુખલાલ ગોહેલ
સાસુ-સસરા: સ્વ. વિનુમતિબેન, સ્વ. રતિલાલ નરસીદાસ કામદાર (ગઢડા નિવાસી)

સાળા-સાળી: મિલન કામદાર, ભાવેશભાઈ (બોરીવલી), સ્વ. ઇલાબેન, દક્ષાબેન, કિરણબેન
વેવાઈ: સ્વ. નવીનભાઈ ચંપકલાલ શાહ (સાંગલી), સુધીરભાઈ ઇન્દ્રવદનભાઈ મોદી (મલાડ)

**પ્રાર્થના સ્થળ:**
લોટસ બેન્કવેટ હોલ, જથો માળ, રઘુલીલા મેગા મોલ, પોઈસર ડેપો ની પાછળ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૬૭.

**રવિવાર તા. ૨ ઓગસ્ટ ૨૦૨૬**
**સમય: સવારે ૧૦ થી ૧૨**

સંપર્ક: નિરવભાઈ 9967257001 કુનાલભાઈ 9867018800

**ડોક્ટરો પર હુમલાનો કેસ**

# પોલીસે હાઇ કોર્ટને બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવાની ખાતરી આપી

મુંબઈઃ ડોંબિવલીમાં પાલિકાની હોસ્પિટલના ડોક્ટરો પર હુમલાના આરોપી શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રે સામે ફાસ્ટ-ટ્રેક અને બે સપ્તાહમાં તપાસ પૂર્ણ કરવાની ખાતરી પોલીસે શુક્રવારે હાઇ કોર્ટને આપી હતી.

ડોક્ટરો પર હુમલાની ઘટના ૬ જુલાઇએ બની હતી અને બે દિવસ બાદ મ્હાત્રેની ધરપકડ કરવામાં આવી હતી. મજિસ્ટ્રેટ કોર્ટે ૧૪ જુલાઇએ મ્હાત્રેના જામીન મંજૂર કર્યા હતા, પણ ચાર દિવસ બાદ હાઇ કોર્ટે જામીન પર સ્ટે આપ્યો હતો અને હાઇ કોર્ટના નિર્દેશ મુજબ મ્હાત્રેએ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. તેઓ હાલ અદાલતી કસ્ટડીમાં છે.

મ્હાત્રેના વકીલ આબાદ પોન્ડાએ કોર્ટને વિનંતી કરી હતી કે મ્હાત્રેને આકરી શરતો સાથે જેલમાંથી મુક્ત કરવા પર વિચાર કરવામાં આવે અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ મહારાષ્ટ્રની બહાર રહેવા પણ તૈયાર છે. કોર્ટને મદદ કરવા નિયુક્ત કરાયેલા વકીલ અશોક મુંદર્ગી અને ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન વતી હાજર રહેલા એસ.યુ. કામદારે આનો વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મ્હાત્રેને મ્હાત્રેને જામીન પર મુક્ત ન કરવા જોઇએ.એડવોકેટ જનરલ મિલિંદ સાઠેએ ખંડપીઠને જણાવ્યું હતું કે ગયા સપ્તાહે કોર્ટે આપેલા આદેશ મુજબ તપાસ ડેપ્યુટી પોલીસ કમિશનરને સોંપવામાં આવી હતી. (પીટીઆઇ)

# નાશિકને ભગવાન ભરોસે છોડી દેવાયું છે?: છગન ભુજબળ

નાશિકઃ નાશિક શહેરમાં રસ્તાઓની બગડતી હાલત અને ખાડાઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળે વહીવટીતંત્રની આકરી ટીકા કરતા, આ મુદ્દો કેબિનેટ બેઠકમાં ઉઠાવવાની વાત કરી હતી. આ સાથે જ, તેમણે કડક કાર્યવાહી કરી રહેલા એફડીએ કમિશનર તુકારામ મુંઢેને જાહેર ટેકો આપતા કહ્યું કે, તેમને કામ કરવા દો, મારો પૂરેપૂરો સપોર્ટ છે. છગન ભુજબળે નાશિકના રસ્તાઓની દયનીય હાલત અને કુંભમેળાનાં કામોમાં આયોજનના અભાવ અંગે પ્રશાસનની ઝાટકણી કાઢી હતી અને તાત્કાલિક ખાડા પૂરવાની માંગ કરી હતી. તેમ જ અધિકારીઓ જનપ્રતિનિધિઓનું સાંભળતા ન હોવાનો આરોપ લગાવતા સવાલ કર્યો હતો કે, શું શહેરને ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યું છે?




# પ્રોપર્ટી લેવડદેવડ માટે નવો કાયદો આવશે

થાણેઃ વૈશ્વિક ધોરણો અનુસાર પ્રોપર્ટીની લેવડદેવડમાં સંપૂર્ણ પારદર્શિતા જળવાય એ માટે મહારાષ્ટ્ર ટૂંક સમયમાં જમીન માલિકી હક કાયદો રજૂ કરશે એમ રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું છે. ગુરુવારે થાણેમાં એક કાર્યક્રમને સંબોધતા બાવનકુળેએ જણાવ્યું હતું કે આ પ્રકારનો કાયદો ઘડનાર મહારાષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય બનશે. આ અંગેનો નિર્ણય આ ડિસેમ્બરમાં નાગપુરમાં યોજાનાર રાજ્ય વિધાનસભાના આગામી શિયાળુ સત્ર દરમિયાન લેવામાં આવશે.

'પ્રસ્તાવિત આયોજન અનુસાર દરેક મિલકત ધારકને સરકાર દ્વારા સમર્થિત ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવશે. ભૂતકાળના તમામ ટ્રાન્સફર રેકોર્ડને ટ્રેક કરવાની હાલની પ્રથાને બદલે નવા કાર્ડમાં વર્તમાન માલિક, કાનૂની વારસદારો, જમીન મહેસૂલ રેકોર્ડ અને મિલકતની વિગતોની સંપૂર્ણ વિગતો હશે. આ સરકાર દ્વારા ગેરંટીકૃત કાર્ડ ડેબિટ અને ક્રેડિટ કાર્ડની જેમ જ વિશ્વસનીય, વૈશ્વિક સ્તરે સ્વીકૃત દસ્તાવેજ તરીકે સેવા આપશે, જેનો ઉપયોગ ભારત અને વિદેશમાં બંને જગ્યાએ થઈ શકશે.' તેમણે એમ પણ જણાવ્યું હતું કે 'રાજ્ય પહેલા માપણી, પછી નોંધણીનો નિયમ પણ લાગુ કરશે જેથી જમીન સર્વેક્ષણ વિના કોઈ મિલકતનો વ્યવહાર ન થાય. શહેરી સહકારી ગૃહનિર્માણ મંડળીઓમાં ફ્લેટ માલિકોને સ્વતંત્ર 'વર્ટિકલ પ્રોપર્ટી કાર્ડ' આપવામાં આવશે.'

# ૧૫ ઓગસ્ટથી ક્યૂઆર કોડ આધારિત રેશનિંગ

મુંબઈઃ રાજ્યના નાગરિકોને વધુ સુરક્ષિત, સરળ અને આધુનિક રેશનકાર્ડ પૂરા પાડવા રાજ્ય સરકારે ક્યુઆર કોડ આધારિત સ્માર્ટ રેશનકાર્ડનું વિતરણ કરવાનો મહત્વાકાંક્ષી નિર્ણય લીધો છે. રેશનકાર્ડ વિતરણ અભિયાન ૧૫ ઓગસ્ટથી શરૂ થશે. રાજ્યના લગભગ ૧ કરોડ ૮૬ લાખ પરિવારોને સ્માર્ટ રેશનકાર્ડનું વિતરણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. પ્રથમ વખત ફક્ત કેસરી અને પીળા રેશનકાર્ડ ધારકોને જ આ સ્માર્ટ રેશનકાર્ડ આપવામાં આવશે. એની શરૂઆત ગઢચિરોલી અને સિંધુદુર્ગ જિલ્લામાંથી કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ રાજ્યના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવશે. શરૂઆતમાં આ યોજના ગઢચિરોલી અને સિંધુદુર્ગ જિલ્લામાં પાયલટ ધોરણે લાગુ કરવામાં આવશે. આ તબક્કાના અનુભવના આધારે આ યોજના આગામી તબક્કામાં જરૂરી ફેરફાર કરી સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવશે. ઘણા વર્ષોથી ઉપયોગમાં લેવાતા કાગળના રેશનકાર્ડ ફાટી જવા, નુકસાન થવા અથવા ખોવાઈ જવા જેવી સમસ્યાઓના કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

છેલ્લા પાનાનું ચાલુ

## રાતના અંધારામાં

પાડતા દાદરા તરફ ગયા હતા પણ ત્યાં કાટમાળ પડેલો હોવાથી જીવ બચાવવા માટે અનેક રહેવાસીઓ બારીઓમાંથી કૂદી પડ્યા હતા.

ઘરના કામ પૂરા કર્યા બાદ બાળકોને ખવડાવીને ૩૬ વર્ષની સંગીતા પ્રજાપતિ સૂવાની તૈયારી કરી રહી હતી ત્યારે તેણે બિલ્ડિંગમાંથી બહાર નીકળોની બૂમો સાંભળી હતી અને હજી તે કંઈ સમજે તે પહેલા બિલ્ડિંગ ધ્રૂજવા માંડી હતી. સમારકામનું કામ ચાલી રહ્યું હોવાથી બિલ્ડિંગ ધ્રૂજવા લાગી હોવાનું જાણીને તે પણ બહાર ભાગવા જઈ રહી હતી ત્યારે અચાનક અંધારું થઈ ગયું હતું તે બેભાન થઈ ગઈ હતી, જ્યારે તે ભાનમાં આવી હતી ત્યારે તેને જાણ થઈ હતી કે તે હૉસ્પિટલમાં હતી અને તેના પતિ અને તેના પડોશીએ તેને બચાવી હતી. તેનો પતિ અને ચાર બાળક સુરક્ષિત રીતે બિલ્ડિંગથી બહાર નીકળવામાં સફળ રહ્યા હતા.

જખમીઓમાં યાદવ પરિવારનો પણ સમાવેશ થાય છે. પરિવારના સભ્યોના કહેવા મુજબ બિલ્ડિંગમાં અન્ય રહેવાસીઓ ઘર ખાલી કરી રહ્યા હોવાથી તેઓએ પણ સામાન પૅક કરીને રાતના જ બિલ્ડિંગ ખાલી કરવાનો નિર્ણય લીધો હતો પણ સામાન પૅક કરવાનું ચાલુ હતું ત્યારે જ બિલ્ડિંગનો હિસ્સો તૂટી પડ્યો હતો. તેથી દીપક અને તેના મામાએ દાદરાથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો પણ ત્યાં કાટમાળ પડયો હતો. તેથી તેઓએ પહેલા માળની બારીમાંથી કૂદકો મારી બચવાનો પ્રયાસ કર્યો હતો અને તેમ કરવામાં તેઓ બચી ગયા પણ બંનેને પગમાં ઈજા પહોંચી હતી.

બિલ્ડિંગ તૂટી પડયાં બાદ બચી ગયેલી અન્ય એક મહિલાએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખતા મૃત્યુના જડબામાંથી તેને બચાવવા બદલ સર્વશક્તિમાનનો આભાર માન્યો. તે પોતે બિલ્ડિંગ તૂટી પડતાં કાટમાળ હેઠળ ફસાઈ ગઈ હતી કાદવ અને કાદવમાં ફસાયેલી હોવાની ભયાનકતા યાદ આવી. તેના માતાપિતા થોડા ફૂટ દૂરથી તેના નામની બૂમો પાડતા સંભળાયા હતા. રેસ્ક્યૂ ટીમે ભારે જહેમત બાદ તેને જીવતી બહાર કાઢી હતી. જોકે તે પહેલાં તે કલાકો સુધી કાટમાળ હેઠળ દબાયેલી રહી હતી.

અન્ય એક મહિલાએ દાવો કર્યો કે રહેવાસીઓ દ્વારા વારંવાર ચેતવણી આપવા છતાં સમારકામ યોગ્ય રીતે કરવામાં આવી રહ્યું ન હતું. રહેવાસીઓ દ્વારા કામ કરનારાઓને ચેતવણી આપવામાં હતી કે તે રીતે સમારકામ ન કરે, પરંતુ તેઓએ ચાલુ રાખ્યું, જેના કારણે આ દુર્ઘટના થઈ હતી. બીજી એક મહિલાએ કહ્યું હતું કે તેનો પતિ અને બે દીકરીઓ બીજા માળે રહેતા હતા, જ્યારે મકાનના ભાગમાં તિરાડો પડવા લાગી ત્યારે સામે રહેતા રહેવાસીએ તેમના ઘરે આવવા કહ્યું હતું અને જેઓ તેમના ઘરે ગયા અને બે મિનિટની અંદર બિલ્ડિંગ તૂટી પડી હતી. ઘણા રહેવાસીઓ પાસે શરીર પરના કપડાં સિવાય કંઈ બચ્યું નથી.

## એફડીએ દ્વારા

એફડીએએ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના કથિત ઉલ્લંઘન બદલ 'ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયા', બાંદ્રા ઈસ્ટ સ્થિત 'એમઆઇજી ક્રિકેટ ક્લબ' અને મુંબઈની અન્ય ત્રણ ક્લબના ફૂડ બિઝનેસ લાઈસન્સ સ્થગિત કર્યા છે. (પીટીઆઈ)

## આના કરતાં

થતા નળ અને ફ્રીઝમાં ડિફ્રોસ્ટ ખૂબ જ અસ્વચ્છ સ્થિતિમાં હતા.

સુનાવણી દરમિયાન એફડીએએ કોર્ટમાં એક રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે મંત્રાલયમાં આવેલી કેન્ટીન ૯૮ ટકા સ્વચ્છ હતી. આ અંગે નારાજગી વ્યક્ત કરતા કોર્ટે એફડીએને કહ્યું કે સાત કલાક નિરીક્ષણ બાદ ૯૮ ટકા સ્વચ્છતાનો રિપોર્ટ આપ્યો, જ્યારે વકીલોને માત્ર અડધા કલાકમાં આટલી બધી ભૂલો મળી. તમારા નિરીક્ષણ પર કેવી રીતે વિશ્વાસ કરી શકાય? સુનાવણી દરમિયાન, નિરીક્ષણના ફોટા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ફોટા જોયા પછી, કોર્ટે ફ્રીઝની સ્થિતિ પર પણ ટિપ્પણી કરી, ''જૂતાનું સ્ટેન્ડ આના કરતાં વધુ સ્વચ્છ છે.''

## અમરાવતીમાં

આદેશ પર એફડીએ દ્વારા યુનિવર્સિટીઓ તરફ નજર દોડાવવામાં આવી રહી હોવાનું જોવા મળી રહ્યું છે. અમરાવતીની સંત ગાડગે બાબા અમરાવતી યુનિવર્સિટી અને સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં શુક્રવારે એફડીએ દ્વારા દરોડા પાડીને કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અમરાવતી યુનિવર્સિટી અને સરકારી એન્જિનિયરિંગ કોલેજની મુખ્ય કેન્ટીનમાં ભારે ગંદકી જોવા મળી હતી અને તે લાયસન્સ વગર ગેરકાયદે રીતે ચાલતી હોવાનું જાણવા મળ્યું હતું. આથી, ફૂડ સેફ્ટી ઓફિસર ગજાનન ગોરેએ તાત્કાલિક કાર્યવાહી કરીને આ બંને કેન્ટીન સીલ કરી દીધી હતી.

## અભિજિત દીપકેને

અને દિલ્હીના જંતર-મંતર ખાતે જઈને પણ આંદોલનને ટેકો આપ્યો હતો. મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ઠાકરેની શિવસેનાએ પણ સમર્થનમાં આંદોલનો કર્યા હતાં. હવે અભિજિત દીપકેની વધતી લોકપ્રિયતાને જોતા શિંદેની શિવસેના પણ તેમની સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કરી રહી હોવાનું કહેવાઈ રહ્યું છે.

છત્રપતિ સંભાજીનગરના પાલકપ્રધાન સંજય શિરસાટે અભિજિત દીપકે અને તેમના પરિવારની તેમના ઘરે જઈને મુલાકાત લીધી હતી. ત્યારબાદ શિંદે શિવસેનાના નેતા બચ્ચુ કડૂએ પણ દીપકે સાથે મુલાકાત કરીને ચર્ચા કરી હતી. બીજી તરફ, પૂર્વ સાંસદ ચંદ્રકાંત ખૈરેએ પણ દીપકેને મળી તેમના પરિવારની મુલાકાત લીધી અને ઉદ્ધવ ઠાકરે સાથે ફોન પર વાત પણ કરાવી હતી.

અભિજિત દીપકે ભવિષ્યમાં રાજકારણમાં સક્રિય થશે કે નહીં તે સ્પષ્ટ નથી, પરંતુ તેમની વધતી લોકપ્રિયતાને જોતા ઠાકરે અને શિંદે બંને શિવસેના તેમને પોતાની તરફ આકર્ષવાનો પ્રયાસ કરી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## મુંબઈની લોકલ

કરવામાં આવશે, જેથી ઉપનગરીય લોકલ ટ્રેન સેવાને શક્ય તેટલી ઓછી અસર થાય. જોકે, આ સમયગાળા દરમિયાન હાર્બર લાઇનની લોકલ સેવાઓ પર અસર થવાની શક્યતા છે.

**ખાર રોડથી બોરીવલી વચ્ચેનું કામ પૂર્ણ થઈ ગયુંઃ** ૩૦.૦૪ કિલોમીટર લાંબી મુંબઈ સેન્ટ્રલ-બોરીવલી છઠ્ઠી લાઈન મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રકલ્પ (એમયુટીપી) ફેઝ-૨ હેઠળ મુંબઈ રેલવે વિકાસ નિગમ (એમઆરવીસી )ના સહયોગથી બનાવવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટનો હેતુ રેલવેની ક્ષમતા વધારવા, લોકલ ટ્રેનોનું સમયપત્રક સુધારવા તેમ જ ઉપનગરીય અને લાંબા અંતરની ટ્રેનોને અલગ ટ્રેક પર દોડાવવાનો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, ખાર રોડથી બોરીવલી વચ્ચેનું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે હાલમાં મુંબઈ સેન્ટ્રલ-ખાર રોડ વિભાગમાં કામગીરી ચાલી રહી છે.

## જાગી રેલવે

સલામતીને લઈને મધ્ય રેલવેએ મોટી કાર્યવાહી કરી છે. થાણે સ્ટેશન પર આવેલા એક મલ્ટી-પર્પઝ ફૂડ સ્ટોલને સાત દિવસ માટે સીલ કરી દેવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન - એફડીએ દ્વારા રેલવે સ્ટેશનો પરના ફૂડ સ્ટોલ્સની તપાસ તેજ કર્યાના થોડા દિવસો બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટી સુધારવા માટે રેલવેએ મોટા અભિયાનની શરૂઆત કરી છે. ઠાણે સ્ટેશનના વેઇટિંગ રૂમમાં આવેલા આ સ્ટોલને સોશ્યલ મીડિયા પર મળેલી ફરિયાદની ચકાસણી બાદ સીલ કરવામાં આવ્યો. તપાસ દરમિયાન અધિકારીઓને સ્વચ્છતામાં ગંભીર ખામીઓ જોવા મળી. રસોઈ બનાવવાની જગ્યાએ ગંદકી હતી અને વપરાશ માટે રાખેલી શાકભાજી પાસે ઉંદર પણ મળી આવ્યો. નિયમોનો ભંગ કરવા બદલ મધ્ય રેલવેએ કોન્ટ્રાક્ટર પર ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે અને તેની સામે શિસ્તભંગની કાર્યવાહી પણ શરૂ કરી છે.

## મહાજને

ગુરુવારે રાત્રે સાડા અગિયારે પાવરલૂમ શહેરના બાલાજી નગર વિસ્તારમાં ચાર માળની કોહિનૂર બિલ્ડિંગ ધરાશાયી થતા નવ લોકો મૃત્યુ પામ્યા હતા.

મહાજને જણાવ્યું કે 'મારું માનવું છે કે શહેરી વિકાસ વિભાગે આ મુદ્દાને ગંભીરતાથી લેવો જોઈએ. ભિવંડીમાં અતિક્રમણ મોટાપાયે જોવા મળે છે અને પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ટૂંક સમયમાં મીટિંગ બોલાવી આ વિસ્તારમાં ક્લસ્ટર પુનર્વિકાસની સંભાવના અંગે નિર્ણય લેશે.' (પીટીઆઈ)

## થાણેમાં જોખમી

ખાલી કરવા માટે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ભાડૂતો અને ફ્લેટ માલિકોના કબજામાં રહેલા કાર્પેટ એરિયાની ગણતરી કરવા અને ઇમારતો ખાલી કરતા પહેલા સંબંધિતોને પ્રમાણપત્રો આપવાનો પણ નિર્દેશ પણ આપ્યો હતો. આ ઉપરાંત જો ઇમારતો ખાલી કરવામાં કોઈ અવરોધ આવે તો સંબંધિત ઇમારતોનો વીજળી અને પાણી પુરવઠો કાપી નાખવાનો નિર્દેશ આપ્યો હતો.

## એફડીએના માપદંડ

રસોડું, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા અને એકંદરે આરોગ્યપ્રદ સ્થિતિનો સમાવેશ થતો હતો. તેમણે ખોરાકની ગુણવત્તા, સ્વચ્છતા જાળવવાની પદ્ધતિઓ, કેન્ટીનનું સંચાલન અને ખાદ્ય સુરક્ષાના નિયમોના પાલનની પણ સમીક્ષા કરી હતી. કોર્ટે એફડીએ પાસેથી એવા સંજોગો અને માપદંડો વિશે પણ જાણવા માંગ્યું હતું જેના આધારે કેટલીક ખાણીપીણીની જગ્યાઓને સુધારણા માટેની નોટિસ આપવામાં આવી હતી, જ્યારે કેટલાકને સીધી જ કામગીરી સ્થગિત કરવાની નોટિસ આપવામાં આવી હતી.

## મંત્રાલયની

પ્રમાણપત્ર પર સવાલ ઉઠાવતા, અદાલતે ત્યાં તપાસ કરવા માટે ચાર વકીલોની એક સમિતિને આદેશ આપ્યો હતો. શુક્રવારે વકીલોએ પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે સમિતિને કેન્ટીનો અસ્વચ્છ હાલતમાં જોવા મળી હતી. ત્યાં ગટર વ્યવસ્થા ક્ષતિગ્રસ્ત હતી અને ખુલ્લી હતી, તેમજ રસોડામાં જમીન અને દીવાલો પર વંદા અને માખીઓનું રાજ હતું. પેનલ દ્વારા રજૂ કરવામાં આવેલી તસવીરોની તપાસ કર્યા બાદ બેન્ચે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને એફડીએને મંત્રાલયની કેન્ટીનોને પણ નોટિસ જારી કરવા કહ્યું હતું.

કોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, સમાન ખામીઓ માટે એફડીએએ દક્ષિણ મુંબઈની પૂર્ણિમા' રેસ્ટોરન્ટને કામગીરી સ્થગિત કરવાની નોટિસ આપી હતી.

## ફિંગરપ્રિન્ટને

(યુબીટી) ના નેતા સંજય રાઉતે ઠેકડી ઉડાવી કહ્યું હતું કે પોતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને વૈજ્ઞાનિક સંશોધનના ક્ષેત્રમાં નોબેલ પુરસ્કાર માટે પાટીલના નામની ભલામણ કરવાનું સૂચન કરશે.

કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ પરીક્ષાના પેપર લીક થવાના મામલે દિલ્હીના જંતર મંતર ખાતે એક મહિના સુધી વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું. આ પ્રદર્શન દરમિયાન અથડામણ, બેરિકેડ તોડવા અને પથ્થરમારાની ઘટનાઓ બની હતી. ૨૦ જુલાઈએ હજારો વિરોધીઓએ 'સંસદ ચલો' મોરચો કાઢ્યો ત્યારે તીવ્ર હિંસા ફાટી નીકળી હતી, જેમાં અથડામણોમાં પ્રદર્શનકારીઓ તેમ જ સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા. (પીટીઆઈ)

## નરેન્દ્ર મોદી અને

પોસ્ટ કરાયો હતો.વીડિયોમાં પીયૂષ ગોયલને કથિત વિવાદાસ્પદ અને ભડકાવનારું વક્તવ્ય કરતા દર્શાવાયા હતા. ફરિયાદીએ વીડિયોની સત્યતા તપાસતાં વીડિયો ખોટો હોવાનું જણાયું હતું. અધિકૃત ન્યૂઝ એજન્સીના સોશિયલ મીડિયા પર સાચો વીડિયો પણ મળી આવ્યો હતો. પરિણામે ફરિયાદીને શંકા છે કે એઆઈ જનરેટેડ વીડિયો પોસ્ટ કરીને લોકોમાં ગેરસમજ ઊભી કરવાનો પ્રયાસ કરાયો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે અમુક ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર નરેન્દ્ર મોદીની તસવીરોનો ઉપયોગ કરીને વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. આ બન્ને મામલે નોડલ સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## કેન્દ્રએ રેરાને

મારફતે, પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને 'ફોર્સ મેજ્યોર' (અનિવાર્ય સંજોગો)ની કલમ લાગુ કરીને 'યુદ્ધ' તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી.

મંત્રાલયે કાયદાની કલમ ૭(૩) નો પણ ઉલ્લેખ કર્યો છે, જે 'રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી'ને સત્તા આપે છે કે તે ઘર ખરીદનારાઓના હિતમાં યોગ્ય જણાય તેવી શરતોને આધીન રહીને, પ્રોજેક્ટના રજિસ્ટ્રેશનને રદ કરવાને બદલે તેને ચાલુ રાખવાની મંજૂરી આપી શકે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ એડવાઈઝરી સૂચના આવાસ અને શહેરી બાબતોના કેન્દ્રીય પ્રધાનની મંજૂરીથી જારી કરવામાં આવી છે.

## અમિત શાહની

સામસામે આવે તેવી શક્યતા છે. આ પાર્શ્વભૂમિમાં ગુરવારે પુણે પોલીસ કમિશનરેટ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમિત શાહની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થા, સંભવિત વિરોધ પ્રદર્શન, કાયદો અને વ્યવસ્થા; તેમજ વિવિધ સંવેદનશીલ સ્થળોએ પોલીસ તૈનાત કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોએ માહિતી આપી હતી કે બેઠકમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે જરૂરી નિવારક પગલાં પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ રાજકીય પરિસ્થિતિને કારણે શહેરમાં વાતાવરણ ગરમાયું છે, અને પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ કડક સુરક્ષા યોજનાઓ બનાવી છે.

## લાઇસન્સ

ચેતવણી આપી છે કે આ રીતે કરવામાં આવતી કાર્યવાહી દાયકાઓથી ઊભી કરેલી તેમની પ્રતિષ્ઠાને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડી શકે છે.

# જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મુ. જૈન**

લીંબડી નિવાસી હાલ મલાડ, સ્વ. મહાસુખલાલ હિંમતલાલ શિવલાલ શાહના ધર્મપત્ની શારદાબેન (ઉં. વ. ૮૭) ૨૯/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અલકા કમલેશ મહેતા, રાજેશ-મીના, ભાવેશ-બ્રેઇનાના માતુશ્રી. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, કિરીટભાઈ, સ્વ. અતુલભાઈ, સ્વ. સરોજબેન, સ્વ. અરુણાબેન, તથા રેખાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. કાંતિભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, પંકજભાઈ, રશ્મિનભાઈ તથા સ્વ. રંજનબેનના બહેન. માતૃવંદના ૨/૮/૨૬ના રોજ ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન ઉપાશ્રય, પાંચમે માળે, શંકર મંદિર સામે, એસ વી. રોડ. કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રંગપુર નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન નાથાલાલ અજમેરાના પુત્ર પ્રકાશ (ઉં. વ. ૬૭) તે દીનાબેનના પતિ. સ્વ. બકુલાબેન, સ્વ. અનંતભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. મુકેશભાઈ, સ્વ. પ્રફુલ્લાબેનના ભાઈ, ગં.સ્વ. હીરાબેન ચંદ્રકાંતભાઈ શાહના જમાઈ. કિરણબેન રજનીકાંત શાહ,હેમાબેન હિમાંશુભાઈ શાહ, હર્ષાબેન જીતેન્દ્રભાઈ દોશીના બનેવી. તા. ૩૦.૭.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી ૬૦૩, શ્રી લક્ષ્મી એપાર્ટમેન્ટ, કાર્ટર રોડ નંબર ૩, અંબાજી મંદિર માર્ગ,બોરીવલી ઈસ્ટ.

**દશાશ્રી માળી સ્થાનકવાસી જૈન**

ભાસ્કરભાઈ અને સરલાબેન કોઠારીના પુત્રવધુ તથા લલિતભાઈ અને સવિતાબેન સહાનીના પુત્રી. નમ્રતા (ઉં. વ. ૫૪) તે સંજયના પત્ની. સંજના અને સૌમિનના માતા. મમતાના ભાભી ગુરૂવાર ૩૦ જુલાઈના મુંબઈમાં અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા શનિવાર ૧ ઓગસ્ટના રોજ સાંજે ૫ થી ૬.૩૦ના સમયે સ્ત્રી મંડળ હીરાવતી હોલ, પોદ્દાર સ્કૂલ પાસે, સાંતાક્રુઝ વેસ્ટ,

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ બોરીવલી, સ્વ. બાબુલાલ માણેકચંદ શાહના સુપુત્ર જીતેન્દ્ર બાબુલાલ શાહ (ઉં. વ. ૮૧) તા.૨૯/૦૭/૨૬ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. જેસલ સમીર કુમાર સલોત, નેહલ જીગ્નેશકુમાર શાહ, પ્રીતિ પ્રતીકકુમાર સંઘવી, ચેતના પ્રિયાંકકુમાર શાહ, અંકિતા આલોકકુમારના પિતાશ્રી. સ્વ. ચંદુભાઈ, રમેશભાઈ, અશોકભાઈ, સ્વ. ગુણવંતીબેન રજનીકાંત, સ્વ. સરોજબેન જીતેન્દ્રકુમારના ભાઈ. સ્વસુરપક્ષે પરમાણંદદાસ ભીમજીભાઈ (દેવગાણાવાળા)ના જમાઈ. ધૈર્ય, સ્તુતિ, ક્રિશ, ધ્યાની, સ્વીની, વિહાન, નિષ્કા, અર્હમ, તાશવી, ધ્યારાના નાના, લૌકિક વ્યવહાર બંધ છે. ઇ-૨૦૨, કેવલ ટાવર, લિબર્ટી ગાર્ડન,બી જે પટેલ રોડ, નેક્સ્ટ ટુ લેન્ડમાર્ક હોટલ, મલાડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપરના કલાવતી (લક્ષ્મી) શામજી મારૂ (ઉં. વ. ૭૬) તા. ૨૯/૭/૨૬ના અવસાન પામેલ છે. તે મણીબેન ભાણજી ગંગાજરના પુત્રવધૂ. શામજી ભાણજીના ધર્મપત્ની. લુણી ભાણબાઈ કુંવરજી મોણશીના પુત્રી. મનોજ, ધ્વનિના માતાજી. સાડાઉ રેખા કાંતિલાલ, કુંદરોડી મીના નવીન, હેમકુંવર કલ્યાણજી, વડાલા ભારતી ભરતના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. મનોજ મારૂ, એ-૧૦૦૧, શીતલ ઉષા બીલ્ડીંગ, જનકલ્યાણ નગર, માર્વે રોડ, મલાડ (વે), મું.૯૫.

રતાડીયા ગણેશના વસનજી કાનજી વીરા (ઉં. વ. ૮૭) તા.૨૯-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ખેતબાઈ કાનજીના પુત્ર. ઈંદુબેનના પતિ. પારસના પિતા. મગનલાલ, પોપટલાલ, દિલીપ, દેવકાંબેન ભવાનજી, વડાલા મમીબેન લાલજી, લીલાવંતીબેન દિનેશના ભાઈ. લીલાબેન લીલાધરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પારસ વીરા. બેલ્વેડેરે ૧૯ મે માળે, પ્લોટ નં.૬૮, યુનાઈટેડ સ્ટુડન્ટ હોમ રોડ, સાયન (વે).

દેવપુરનાં પ્રીતી (પપી) કાંતીલાલ નિસર (ઉં. વ. ૫૬) તા. ૩૧-૭-૨૬નાં અવસાન પામેલ છે. મમીબાઇ ભાણજી આસુના પૌત્રી. સ્વ. રમીલાબેન કાંતીલાલના પુત્રી. મનિષ, દિપેન, મીનલ હર્ષલના બહેન. શેરડીના કેસરબેન લીલાધર મારૂના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનીષ નિસર, એ/૭૦૪, સિધ્ધી એન્કલેવ, નંદા પાટકર રોડ, વિલેપાર્લા (ઇ.).

**કચ્છી ગુર્જર જૈન**

(ગામ કચ્છ-માંડવી, હાલે મુલુંડ) રંજનબેન બાબુલાલ શાહ (ઉં. વ. ૮૨) તા. ૩૧.૦૭.૨૦૨૬ના અરિહંત શરણ પામેલ છે.પતિઃ સ્વ. બાબુલાલ રાયશી શાહ પિતૃપક્ષઃ સ્વ. અમૃતલાલ સાકરચંદ શાહ માતૃશ્રીઃ હર્ષિકા, ફાલ્ગુની, મેહુલના સાસુઃ સ્વ. દીપક પટવા, તુષાર, ઋષભનાની સાસુ. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. મધુબેન શાંતિલાલ શાહના સુપુત્ર નિલેશભાઇ (ઉં. વ. ૬૮) તા. ૩૦-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. ભાવિની મિતેશ જોબલીયા, શલોની અમર શાહ તથા કાર્તિકના પિતાશ્રી. ભરતભાઇ તથા મયુરીબેન દિપકભાઇ દેસાઇના ભાઇ. વઢવાણ નિવાસી સ્વ. જયાબેન નાનચંદ મગનલાલ શાહના જમાઇ. તે નયનાબેનના દિયર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી ધીરજલાલ ખીમચંદ શાહ (ઉં. વ. ૭૨) તે સુરેખાબેનના પતિ. વૈભવ, ચેતના, કૃપાના પપ્પા. ભાવના-ભાવિનકુમાર-જિનેશકુમારના સસરા. ધીરના દાદા. આરવ-આરુષિના નાના. સ્વ. મનસુખલાલ સાંકળચંદ શાહના જમાઇ તા. ૩૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૨-૮-૨૬ રવિવારે સવારે ૧૦થી ૧૨. ઠે. સ્થાનકવાસી જૈન સંઘ, બોરીવલી (વેસ્ટ), એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે.

**હાલારી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

જોડિયા નિવાસી હાલ કાંદીવલી સુરેશભાઇ ધીરજલાલ સંઘવી (ઉં. વ. ૭૫) તા. ૩૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સેજલબહેનનાં પતિ. કુણાલ તથા મોહિલનાં પિતા. રિદ્ધિ તથા બિંદીના સસરા. આરવી તથા નિહાનનાં દાદા. હિરેનભાઇ, કમલેશભાઇ, અશ્લેષભાઇ, જયોતિબેન, સ્વ. દક્ષાબેન, જયશ્રીબેન, કલ્પનાબેનનાં ભાઇ તથા સ્વ. નટવરલાલ દેસાઇનાં જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૬ના ૪થી ૬. ઠે. શેઠિયા બેન્કવેટ હોલ, રઘુલીલા મોલ, ગ્રાઉન્ડ ફલોર, કાંદિવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર ભેસાણ નિવાસી હાલ બોરીવલી મુંબઇ ગુણવંતભાઇ શાંતિલાલ રુપાણી (ઉં. વ. ૭૫), તા. ૩૦-૭-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે કનકબેનના પતિ. નીરવ-કુનાલના પિતા. દર્શિતા-રીમાના સસરા. સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. દેવેન્દ્રભાઇ, નમિતાબેન મનસુખલાલ ગોહેલના ભાઇ, ગઢડા (સ્વામીના) નિવાસી હાલ બોરીવલી સ્વ. વિનુમતીબેન રતિલાલ નરસીદાસ કામદારના જમાઇ. પ્રાર્થનાસભા : લોટસ બેન્કવેટ હોલ, ૪થે માળે, રઘુલીલા મેગા મોલ, પોઇસર ડેપોની પાછળ, કાંદિવલી (વેસ્ટ), રવિવાર, તા. ૨-૮-૨૬ના સવારના ૧૦થી ૧૨.

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

પૂર્ણિમા પ્રબોધ મુળજીભાઈ ગણાત્રાના પૌત્રી, કુમારી ખુશી (ઉં. વ. ૧૭) કચ્છ ગામ માંડવી હાલે ડોમ્બિવલી, બીજલ અને નિમેષ પ્રબોધ ગણાત્રાના સુપુત્રી ૩૦.૦૭.૨૬ના રામશરણ પામેલ છે તે સૌ.અંજના નરેન્દ્ર પ્રબોધ ગણાત્રાના ભત્રીજી, યશ્વી, પુણ્યા(પરી)ની બહેન. સ્વ. ભગવતીબેન તથા સ્વ. હંસરાજ જમનાદાસ ઠક્કરના દોહિત્રી. સૌ. મમતા તથા મેહુલ હંસરાજ ઠક્કરના ભાણેજી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યહવાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી**

કૂકડ નિવાસી હાલ મુંબઈ, અ.સૌ. પુષ્પા રજનીકાંત શાહ (ઉં. વ. ૮૭) તા. ૩૦.૦૭.૨૬ના અરીહંતશરણ થયેલ છે. તે રજનીકાંત પ્રતાપરાય શાહના પત્ની. દેવેન અને રાખી કોઠારીના માતુશ્રી. જાગૃતિ દેવેન શાહ તથા દિપક કોઠારીના સાસુ, સ્વ. જાદવજી કલ્યાણજી શેઠના પુત્રી, જશ, દિવિતા, હેતા સોમિલ વિસરિયા, નીતિના ગ્રેન્ડ મધર. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુ.હા.સ.ચા મોઢ બ્રાહ્મણ**

સ્વ. જયશ્રીબેન અનિલભાઈ શુકલ (ઉં. વ. ૭૯) તા. ૨૯/૦૭/૨૬ના અવસાન થયેલ છે. તે અનિલભાઈ વિષ્ણુપ્રસાદભાઈ શુકલના ધર્મપત્ની. સ્વ. બહાદુરભાઈ, રેવાશંકર શુકલના પુત્રવધૂ. જયંતભાઈ, ભાનુબેન વિનોદરાય ત્રવાડી, સુશીલાબેન શંભુપ્રસાદ, ત્રવાડી, ઉષાબેન હસમુખરાય ત્રિવેદીના ભાભી. અમીતભાઇ, શાસ્ત્રી નિતેષ શુકલના મમ્મી. સ્વ. ભાગીરથીબેન, મગનલાલ મણિશંકર ત્રવેદીના પુત્રી. ભરતભાઇ હરીલાલ ત્રિવેદીના બેન. સદગતનુ ઉઠમણુ તથા પિયરપક્ષનુ બેસણુ તા. ૧/૦૮/૨૬ના સાંજે ૪ થી ૫. સરનામુઃ કલ્યાણજી નરશી જાની મોઢ બ્રાહ્મણની વાડી, ચંદન પાર્ક મેઇન રોડ, સરકારી કર્મચારી સોસાયટી, રૈયા રોડ રાજકોટ.

**કચ્છી લોહાર**

સ્વ. સંદીપભાઈ લીલાધર પિત્રોડા (ઉં. વ. ૫૯) મૂળ ગામ ભુજ, હાલ કાંદીવલી, તે લીલાવંતીબેન લીલાધર પિત્રોડાના સુપુત્ર. હીનાબેનના પતિ. આદિત્ય તથા કનકના પિતાશ્રી. દર્શનાના સસરાજી, વસંતભાઈ પઢારીયા (જળગાંવ)ના જમાઈ. તા. ૨૪-૭-૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામુંઃ ડી - ૩૦૧ કલ્પતરૂ ટાવર્સ આકુર્લી ક્રોસ રોડ નંબર ૩, સીઓડીની બાજુમાં, ઈએસઆઇએસ હોસ્પિટલની સામે, કાંદીવલી ઇસ્ટ.

**દેસાઈ સઈ સુથાર જ્ઞાતિ**

ગામ મઢડા હાલ ડોમ્બીવલી, સ્વ. દયાળજીભાઈ રાઘવજીભાઈ સરવૈયાના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૭૧) મંગળવાર તા. ૨૮.૦૭.૨૬ના રામચરણ પામેલ છે. તે દક્ષા કિર્તીકુમાર દેસાઈ, મીનાબેન, પારુલબેન, સ્વ. સંતોષભાઈ, હર્ષદભાઈના મમ્મી. બાબુભાઈ રાઘવજીભાઈ સરવૈયા, વિજુબેન કાંતિલાલના ભાભી. પલ્લવીબેન સતીશકુમાર રાઠોડ, યોગેશભાઈ, હિરેનભાઈના મોટાબા. સ્વ. રુક્ષ્મણીબેન ઓધવજીભાઈ ગોહિલ ગામ નાનાખોખરાના દીકરી. ચંપકભાઈ, રસીલાબેન, સ્વ. ભારતીબેન, વર્ષાબેન, મુકેશભાઈ, ભાવનાબેનના મોટાબેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૦૧.૦૮.૨૬ શનિવારના ૪ થી ૬. શુભ મંગલ કાર્યાલય, એવરેસ્ટ શોપિંગ સેન્ટર, લોકમાન્ય ચોક, રેલવે સ્ટેશન પાસે, ડોમ્બીવલી ઇસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

લખપતના રમેશભાઈ દાવડા (ઉં. વ. ૬૦) ૨૯-૭-૨૬ બુધવારના દિવસે જલારામશરણ પામ્યા છે. તે સ્વ. સુશીલાબેન તથા સ્વ. ટેકચંદ રણછોડદાસ દાવડાના પુત્ર. મીનાક્ષીબેનના પતિ. પ્રિતેશ, આનંદના પિતા, કનૈયાલાલ, પ્રવીણભાઈ, વિજય, જયશ્રી સુભાષ પુંજાણી, ગં.સ્વ. હંસાબેન શરદભાઈ રાછ, ભરતના ભાઈ, સ્વ. પ્રેમાબેન કલ્યાણજી ગણાત્રા, સ્વ. સાવિત્રીબેન તથા સ્વ. પ્રાગજી કલ્યાણજી ગણાત્રાના જમાઈ. બંન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧-૮-૨૬ સાંજે ૪ થી ૬. ઠે. શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, રોહા હોટલની બાજુમાં, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (પ.). લૌ વ્ય. બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ પાર્લા, અશ્વિનકુમાર ગોકળદાસ પારેખના પત્ની મધુરીબેન (ઉં. વ. ૭૪) સ્વ. જીવરાજ માવજી મહેતા (ખડકાળાવાળા)ના સુપુત્રી. હિતેશ - સંદીપના મમ્મી. અલ્પા - દિપાલીના સાસુ. સ્વ.ચંપકભાઈ -રાજુભાઈના ભાભી. સ્વ. પુષ્પાબેનના દેરાણી, મીનાબેનના જેઠાણી તા. ૩૦-૭-૨૬, ગુરુવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

આટકોટવાળા શરદકુમાર ગીરધરલાલ પડિયાના ધર્મપત્ની અ.સૌ. પૂનમબેન પડિયા (ઉં. વ. ૬૨) તે ૨૭/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે કશ્યપના માતુશ્રી. શ્રદ્ધાના સાસુ. જશવંતરાય તથા દેવયાનીબેનના ભાભી. રાજકોટવાળા જયંતીલાલ ન્યાલચંદ મહેતાના દીકરી. બાબુલાલ નાથાલાલ પડિયાના ભત્રીજાવહુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

હરસપુર દેવળીયાવાળા હાલ બોરીવલી, ગં. સ્વ. જયશ્રીબેન (ઉં. વ. ૭૬) તે ૨૯/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અશ્વિનભાઇ ચુનીલાલ મહેતાના ધર્મપત્ની. આશિષ તથા નીતલ વિમલકુમાર કાચરીયાના માતુશ્રી. દર્શનાના સાસુ. કિરીટભાઈ તથા કિરણબેન ચંદ્રકાંત મુનીના ભાભી. પિયરપક્ષે શિહોરવાળા કનૈયાલાલ આત્મારામ મહેતાના દીકરી. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨/૮/૨૬ના રોજ ૪ થી ૬. ગુરુદ્વારા, સાઈબાબા મંદિર પાસે, સાઈબાબા નગર બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

મૂળગામ વાસવડવાળા હાલ વડાલા, સ્વ. બળવંતરાય અમૃતલાલ જોષીના ધર્મપત્ની ગં. સ્વ. નિર્મળાબેન જોષી (ઉં. વ. ૮૬) ૨૯/૭/૨૬ના ગૌલોકવાસી થયેલ છે. તે સ્વ. દક્ષાબેન, ભાવનાબેન તથા સંગીતાબેનના માતુશ્રી. સ્વ. વિજયભાઈ પીઠીયા, ઊર્મિત(રાજુ) રાવલ, નિલેશ ભટ્ટના સાસુ. ગં.સ્વ. જયશ્રીબેન જયંતીભાઈ રાવલના ભાભી. પિયરપક્ષે અમરેલીવાળા રસિકભાઈ, રજનીભાઇ, અશોકભાઈ દુર્લભજી વ્યાસ, મંજુબેન ઠાકર, મીનાબેન જોષી, રેખાબેન દવે, કુસુમબેન જોષીના બહેન. પ્રાર્થનાસભા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

સ્વ. સુરેન્દ્ર રમણલાલ દેસાઈ (ઉં. વ. ૮૨) બુધવાર તા. ૨૯.૦૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચંદનબેન રમણલાલ દેસાઈના સુપુત્ર, સ્વ. શાંતાબેન કિર્તનલાલ પરીખના જમાઈ, ચંદ્રલેખાના પતિ, ડૉ. રાજીવ-હેતલ (ટીકુ)ના પિતા, ડૉ. નંદિની-રીમાના સસરા, પ્રાર્થનાસભા રવિવાર, તા. ૦૨.૦૮.૨૬ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. વિશ્વકર્મા બાગ, ગ્રાઉન્ડ ફ્લોર, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ દેવરાજિયા, હાલ મીરારોડ, સ્વ. કપિલાબેન તથા સ્વ. બાબુલાલ મોહનલાલ ચંદ્રારાણાના પુત્ર દેવેન્દ્રભાઈ (ઉં. વ. ૬૯) તે ભારતીબેનના પતિ. નિધિ અમિતકુમાર નથવાણી, ચિરાગ, ભાવિકના પિતા. વિલોચનભાઈ, સ્વ. જયોત્સના હરીશકુમાર ઠકરારના ભાઈ, સાસરાપક્ષે હૈદરાબાદવાળા સ્વ. દેવકાબેન મોહનલાલ દાવડાના જમાઈ. તે ૩૦-૦૭-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ સુરત સ્વ. ભાનુબેન અનંતરાય સંઘવી (ઉં. વ. ૮૪) તે સ્વ. અનંતરાય હરજીવનદાસ સંઘવીના ધર્મપત્ની તુષાર તથા સંજયના માતુશ્રી. સ્વ. આરતી તથા અ. સૌ. સોનલના સાસુશ્રી. અદિતિ પ્રતીક પારેખ, પાર્થ અને મેઘનાના દાદીશ્રી. સ્વ. ગોપાલજી નથુભાઇ મહેતા (લોટપુરવાળા)ના સુપુત્રી. તા. ૨૭-૭-૨૬ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૮-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. સોનીવાડી હોલ, શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ જ્ઞાતિ**

સરડોઇ નિવાસી હાલ જોગેશ્વરી તારાબેન (ઉં.વ.૯૦) તે સ્વ. પ્રહલાદભાઇ જટાશંકર ગોરના પત્ની બુધવાર તા. ૨૯-૭-૨૬ના દેવલોક પામ્યા છે. તે મહેશભાઇ, વીણાબેન, ભરતભાઇ, હંસાબેન, મુકેશભાઇના માતુશ્રી. દિપકકુમાર, જન્મેજયકુમાર, નીલાબેન, સ્વ. સ્મિતાબેન, નીનાબેનના સાસુ. ગં. સ્વ. હંસાબેન ભાલચંદ્ર ગૌર, સ્વ. રસીલાબેન બિપીનચંદ્ર શુકલ, સ્વ. વિમળાબેન ગજાનન શુકલના ભાભી. મોહનપુર નિવાસી સ્વ. રુખીબેન યશવંતલાલ વ્યાસના સુપુત્રી. સ્વ. જયંતીભાઇ, ચંદ્રકાંતભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. જાનકીબેન, ગં. સ્વ. દેવકીબેન, સ્વ. વિદ્યાબેનના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨-૮-૨૬ના ૫થી ૭. ઠે. ગોપાલજી હેમરાજ હાઇસ્કૂલ, મહાત્મા ગાંધી રોડ, સુકરવાડી, બોરીવલી (પૂર્વ), લૌકિક વ્યવહાર બંધ છે. ઉત્તરક્રિયા ચાણોદ મુકામે રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

લીના મુકેશ આશર (ઉં. વ. ૬૯) તા. ૨૮ જુલાઇ ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે મૂકેશ આશરના પત્ની. મેહુલ મુકેશ આશરના માતા. નિપા મેહુલ આશરના સાસુ. કુ. આન્યા મેહુલ આશરના દાદી. સ્વ. જમુબેન, સ્વ. હંસરાજ કાપડિયાના પુત્રી. નીલા અશ્રીશ ભાટિયા, જયશ્રી રાજીવ શાહ અને સ્વ. મીતા નિલેશ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

પારસી....

નેવીલ સામ મહેતા તે ઝીનોબીયાના ધની. તે રોશન તથા મરહુમ સામ ડી. મહેતાના દીકરા. તે ઝરઝહાનના પપા. તે ઝીનોબીયા ને સાઇરસ કેરાવાલાના ભાઇ. તે ફીયાના મામા. (ઉં. વ. ૫૯) રે. ઠે. બાઇ જરબાઇ બાગ, ઇ-૧૯, ચોથે માળે, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, ભાયખલા, ગલોરીયા ચર્ચની બાજુમાં, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૮-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે મેવાવાલા અગિયારીમાં છેજી.

દારાયસ મીનોચેર વાંકડીયા તે કેરબાનુના ધની. તે મરહુમો ધનમાય મીનોચેર વાંકડીયાના દીકરા. તે રોની નીલુફર ને પીનાઝના પપા. તે દેલનાઝ ને સીધાતના સસરા. તે અરનાવાઝ તથા મરહુમો ગુસ્તાદ, ફીરોઝ ને વીરાના ભાઇ. તે યાઝીશના બપાવાજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. ૪૪-એ, બાટલીવાલા બિલ્ડિંગ, ભોંયતળિયે, સ્લેટર રોડ, મુંબઇ-૪૦૦૦૦૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે મીથઇવાલા અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ભારતમાં સામાન્ય હિપ સમસ્યાઓ: હિપ પેઈન અને એવસ્ક્યુલર નેક્રોસિસ



**ડૉ. અમિત પિસપતિ**
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન & હિપ/ની (knee) રિપ્લેસમેન્ટ સ્પેશિયાલિસ્ટ
ઓર્થોપેડિક સર્જરીના ડિરેક્ટર, જસલોક હૉસ્પિટલ, મુંબઈ
વરિષ્ઠ સલાહકાર ઓર્થોપેડિક સર્જન, રિલાયન્સ ફાઉન્ડેશન હૉસ્પિટલ, બ્રીચ કેન્ડી હૉસ્પિટલ્સ, મુંબઈ

હિપ પેઇનને ઘણીવાર એવી સમસ્યા માનવામાં આવે છે જે ફક્ત વૃદ્ધોને જ અસર કરે છે. વાસ્તવમાં, તે કોઈપણ ઉંમરે થઈ શકે છે અને જીવનની ગુણવત્તા પર નોંધપાત્ર અસર કરે છે. ઘણીવાર એવા દર્દીઓ જોવા મળે છે જેમણે મહિનાઓ સુધી ગ્રોઇન, જંઘામૂળ/નિતંબના દુખાવાને અવગણ્યો છે, તેને સ્નાયુ ખેંચાણ અથવા સાયટિકા કે રાંઝણ માનીને. હિપ જોઇન્ટ પોતે જ સમસ્યાનું મૂળ છે. પ્રોત્સાહક સમાચાર એ છે કે વહેલાસર નિદાન અને આધુનિક સારવાર સાથે, મોટાભાગની હિપ સ્થિતિઓને ખૂબ જ સફળતાપૂર્વક સંચાલિત કરી શકાય છે.

**★ ભારતમાં હિપ પેઇનનાં સામાન્ય કારણો શું છે?**

હિપ પેઇનનાં ઘણા કારણો છે. વૃદ્ધોમાં, ઑસ્ટિયોઆર્થ્રાઇટિસ સૌથી સામાન્ય કારણ છે, જ્યારે ઑસ્ટિયો-પોરોસિસને કારણે હિપ ફ્રેક્ચર એ બીજી મુખ્ય ચિંતા છે. યુવા અને મધ્યમ વયના પુખ્ત વયના લોકોમાં, એવસ્ક્યુલર નેક્રોસિસ (AVN), ફેમોરોએસેટાબ્યુલર ઇમ્પિન્જમેન્ટ (FAI), લેબ્રલ ટીયર્સ, ઇન્ફ્લેમેટરી આર્થરાઇટિસ, ચેપ, રમતગમતની ઇજાઓ અને ક્યારેક હિપનો ટ્યુબરક્યુલોસિસ મહત્ત્વપૂર્ણ કારણો છે. પીઠના નીચેના ભાગમાં દુઃખાવો પણ હિપ રોગની નકલ કરી શકે છે.



*AVN ને કારણે ફેમર હેડના અંદરના ભાગમાં હાડકાને નુકસાન અને તૂટી ગયેલ હાડકા દેખાય છે.*

**★ એવસ્ક્યુલર નેક્રોસિસ (AVN) શું છે?**

AVN, જેને ઓસ્ટિઓનેક્રોસિસ પણ કહેવાય છે, તે ત્યારે થાય છે જ્યારે હિપ જોઇન્ટના બોલમાં રક્ત પુરવઠો ઓછો થાય છે અથવા વિક્ષેપિત થાય છે. પૂરતા રક્ત પ્રવાહ વિના, હાડકાં નબળાં પડી જાય છે અને તૂટી શકે છે, જેના કારણે સંધિવા, દુઃખાવો, જડતા જકડાઈ જવું અને હલનચલન ગુમાવવી વિગેરે થઈ શકે છે. તે સામાન્ય રીતે ૨૦થી ૫૦ વર્ષની વયના પુખ્ત વયના લોકોને અસર કરે છે.

**★ કોને જોખમ છે?**

જોખમ પરિબળોમાં હિપ ફ્રેક્ચર અથવા ડિસલોકેશન, લાંબા સમય સુધી સ્ટીરોઈડ ઉપચાર, કોવિડ, વધુ પડતું આલ્કોહોલનું સેવન, સિકલ સેલ રોગ, ઓટોઇમ્યુન ડિસઓર્ડર, અંગ પ્રત્યારોપણ અને ઘણા દર્દીઓમાંના કોઈ ઓળખી શકાય તેવું કારણ શામેલ છે.

**★ કયાં લક્ષણોને ક્યારેય અવગણવા જોઈએ નહીં?**

સતત ગ્રોઇન, જંઘામૂળ/હિપનો દુઃખાવો એ હોલમાર્ક લક્ષણ છે. નિતંબ, જાંઘ અથવા ઘૂંટણમાં પણ દુખાવો અનુભવી શકાય છે. રોગ વધતાં દર્દીઓ લંગડાવા, જકડાઈ જવું અને આરામ કરતી વખતે દુઃખાવો અનુભવી શકે છે.

**★ AVN નું નિદાન કેવી રીતે થાય છે?**

ક્લિનિકલ તપાસ અને MRI દ્વારા નિદાન થઈ શકે છે. MRI એક્સ-રે કરતા ઘણું વહેલું AVN શોધી કાઢે છે, જેનાથી ઊલટાવી ન શકાય તેવું નુકસાન થાય તે પહેલાં સારવાર શક્ય બને છે.

**★ શું હિપ બચાવી શકાય છે?**

હા, જો વહેલું નિદાન થાય તો. કોર ડિકમ્પ્રેશન જેવી હિપ-પ્રિઝર્વેશન પ્રક્રિયાઓ, ક્યારેક હાડકાના ગ્રાફટિંગ સાથે જોડાઈને, પસંદ કરેલા દર્દીઓમાં તૂટી જવામાં વિલંબ અથવા અટકાવી શકે છે. યોગ્ય દવા પણ સ્થિતિને ઊલટાવી અથવા સ્થિર કરવામાં મદદ કરી શકે છે.

**★ હિપ રિપ્લેસમેન્ટ ક્યારે જરૂરી છે?**

એકવાર ફેમોરલ હેડ તૂટી જાય અથવા સંધિવા વિકસે, ટોટલ હિપ રિપ્લેસમેન્ટ (THR) દુઃખાવામાંથી ખૂબ જ રાહત આપે છે અને ગતિશીલતા પુનઃસ્થાપિત કરે છે. સ્નાયુ-બચાવ ડાયરેક્ટ એન્ટિરિયર અભિગમો, ટકાઉ ઇમ્પ્લાન્ટ્સ, પસંદ કરેલા દર્દીઓમાં રોબોટિક-સહાયિત સર્જરી અને વધારેલ રીકવરી પ્રોટોકોલ સહિત આધુનિક પ્રગતિએ નોંધપાત્ર રીતે સુધારેલાં શ્રેષ્ઠ પરિણામો આપ્યાં છે. સર્જરી પછી કોઈ પ્રતિબંધો વિના.

**★ ડાયરેક્ટ એન્ટિરિયર અભિગમ સર્જરી શું છે?**

હિપ રિપ્લેસમેન્ટ કરવાની આ પદ્ધતિમાં કોઈપણ સ્નાયુઓ કાપવાનો સમાવેશ થતો નથી. સામાન્ય રીતે, સર્જરી પછી દર્દીની ગતિશીલતા પર કોઈ નિયંત્રણો મૂકવામાં આવતાં નથી. જોકે આ પદ્ધતિથી બધા દર્દીઓ સર્જરી માટે યોગ્ય નથી.

**★ રોબોટિક સર્જરી કેવી રીતે મદદ કરે છે?**

રોબોટિક સર્જરી સર્જનને હિપ રિપ્લેસમેન્ટ કરતી વખતે ઉપકરણની સચોટ સ્થિતિ મેળવવામાં મદદ કરવા માટે ઉપયોગી છે. સચોટ કપ અને સ્ટેમ પ્લેસમેન્ટ ઇમ્પ્લાન્ટના વધુ સારા આયુષ્યમાં મદદ કરશે.

**★ શું AVNને અટકાવી શકાય છે?**

બિનજરૂરી સ્ટીરોઈડનો ઉપયોગ ટાળો, વધુ પડતા આલ્કોહોલનું સેવન મર્યાદિત કરો, ક્રોનિક તબીબી પરિસ્થિતિઓનું સંચાલન કરો અને સતત જંઘામૂળ/હિપ/જાંઘના દુઃખાવા માટે પ્રારંભિક તબીબી મૂલ્યાંકન કરાવો.

**★ વાચકો માટે સંદેશ?**

હિપના દુખાવાને ક્યારેય અવગણવો જોઈએ નહીં. વહેલું નિદાન અને સમયસર સારવાર કુદરતી હિપને જાળવી શકે છે અથવા, જ્યારે જરૂરી હોય ત્યારે, આધુનિક હિપ રિપ્લેસમેન્ટ સર્જરી સાથે ઉત્તમ પરિણામો પ્રદાન કરી શકે છે, જેનાથી દર્દીઓ સક્રિય, પીડા-મુક્ત જીવનમાં પાછા ફરી શકે છે.

**સંપર્ક :** જસલોક હૉસ્પિટલ, પેડર રોડ, મુંબઈ. | રિલાયન્સ ફાઉન્ડેશન હૉસ્પિટલ, પ્રાર્થના સમાજ, મુંબઈ. | ટેલિફોન: 02240173333 / 1800221166

# દસ નિષ્ફળ IVF સાઈકલ્સ. એક પ્રશ્ન જે કોઈએ પૂછ્યો ન હતો.

**વર્ષોથી, આ દંપતી આશા પર જીવતું હતું. દરેક IVF સાઈકલ આશાવાદ સાથે શરૂ થતું હતું. દરેક નકારાત્મક ગર્ભાવસ્થા પરિક્ષણ આશાનો ભંગ કરતું હતું.**

તેઓએ પ્રોટોકોલ બદલ્યા, નિષ્ણાતની સલાહ પર વિશ્વાસ કર્યો અને કોઈક રીતે ફરીથી પ્રયાસ કરવાની શક્તિ મેળવી.

**દસ IVF સાઈકલ્સ. દસ નિરાશાઓ.**

પરંતુ, જ્યારે તેઓ અગિયારમા પ્રયાસ માટે તૈયારી કરી રહ્યા હતા, ત્યારે તેઓ ભાવનાત્મક, શારીરિક અને આર્થિક રીતે થાકી ગયા હતા. તેઓએ એક મુશ્કેલ નિર્ણય લીધો હતો: જો આ સાઈકલ નિષ્ફળ જશે, તો તેઓ પ્રજનન સારવાર કાયમ માટે બંધ કરી દેશે. તે સમયે, એક ખૂબ જ નજીકના મિત્રએ કંઈક એવું કહ્યું જેણે તેમના જીવનનો માર્ગ બદલી નાખ્યો.

"તમારા દસ IVF સાઈકલ્સ નિષ્ફળ ગયા છે. તમે ફરીથી પ્રયાસ કરો તે પહેલાં, હું ભારપૂર્વક સૂચન કરું છું કે તમે ડૉ. રાઉતને મળો. તેઓ આ વારંવાર IVF નિષ્ફળતાઓ પાછળનું કારણ શોધી શકશે."

ગુમાવવા માટે થોડું બાકી હોવાથી, દંપતીએ ડૉ. રાઉતના પ્રજનન ઇમ્યુનોલોજી સેન્ટરની મુલાકાત લીધી.

ડૉ. રાઉતે એક તદ્દન અલગ પ્રશ્ન પૂછ્યો.

"શું તમારી રોગપ્રતિકારક-શક્તિનું ક્યારેય મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું તે સમજવા માટે કે તમારા IVF સાઈકલ્સ કેમ નિષ્ફળ ગયા છે?"



ડૉ. મુગ્ધા રાઉત અને ડૉ. મોહન રાઉત ક્લિનિકલ રિપ્રોડક્ટિવ ઇમ્યુનોલોજીસ્ટ્સ

તેમનો જવાબ "ના" હતો!

તે એક જ પ્રશ્ને બધું જ બદલી નાખ્યું.

મોટાભાગની પ્રજનન તપાસમાં અંડાણું, શુક્રાણુ, હોર્મોન્સ, ગર્ભાશય અને ગર્ભની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ બધું આવશ્યક છે, પરંતુ એક બીજું પરિબળ છે જેનું મોટાભાગે મૂલ્યાંકન કરવામાં આવતું નથી, તે છે માતાની રોગપ્રતિકારકશક્તિ.

ગર્ભાવસ્થા શરૂ કરવા માટે, માતાની રોગપ્રતિકારકશક્તિએ ગર્ભને સ્વીકારવો આવશ્યક છે. કેટલીક સ્ત્રીઓમાં, રોગપ્રતિકારકશક્તિ યોગ્ય રીતે પ્રતિક્રિયા આપતી નથી. આનાથી ગર્ભને ગર્ભાશય સાથે સંલગ્ન થવાનું મુશ્કેલ બની શકે છે, જેના કારણે વારંવાર IVF નિષ્ફળતાઓ થાય છે અથવા સારી પ્રજનન સારવાર પછી પણ ગર્ભાવસ્થાના નુકસાનમાં ફાળો આપી શકે છે.

એક વ્યાપક પ્રજનન રોગપ્રતિકારક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમાં એક અંતર્ગત એલોઇમ્યુન પરિબળ બહાર આવ્યું હતું જેની દંપતીની પ્રજનન સફર દરમિયાન ક્યારેય તપાસ કરવામાં આવી ન હતી.

તેથી તે સ્પષ્ટ હતું કે રોગપ્રતિકારકશક્તિ સંબંધી કારણોસર ગર્ભાવસ્થા રહેતી ન હતી.

આ તારણોના આધારે, ડૉ. રાઉતે ImmuLIT® ની ભલામણ કરી, જે ડૉ. રાઉત્સ સેન્ટર ફોર રિપ્રોડક્ટિવ ઇમ્યુનોલોજી ખાતે ડૉ. રાઉતસ દ્વારા વ્યક્તિગત રીતે કરવામાં આવતી પેટન્ટેડ ઇમ્યુનોમોડ્યુલેટરી સારવાર છે. આ સારવાર યોગ્ય રીતે પસંદ કરાયેલા દર્દીઓમાં માતાની રોગપ્રતિકારકશક્તિને ગર્ભાવસ્થા પ્રત્યે સહનશીલતા વિકસાવવામાં મદદ કરવા માટે રચાયેલ છે.

ImmuLIT® પૂર્ણ કર્યા પછી, દંપતીએ તેમના IVF ડોક્ટર સાથે તેમનું અંતિમ IVF સાઈકલ માનતા હતા તે સાથે આગળ વધ્યા.

આ વખતે, ગર્ભાવસ્થા પરીક્ષણ સકારાત્મક હતું. તે પછી પણ, તેમને ઉજવણી કરવી મુશ્કેલ લાગી.

અગાઉની દસ નિષ્ફળતાઓએ તેમને નિરાશાથી પોતાને રક્ષણ કરવાનું શીખવ્યું હતું. દરેક અલ્ટ્રાસાઉન્ડ, દરેક હૃદયના ધબકારા અને દરેક પસાર થતા અઠવાડિયાને વિજય જેવું લાગ્યું.

ગર્ભાવસ્થા દરમ્યાન, ડૉ. રાઉતે દર્દીના પ્રસૂતિશાસ્ત્રી સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું, જેથી દર્દીને કોઈપણ રોગપ્રતિકારક શક્તિ સંબંધી સમસ્યાઓ માટે નજીકથી માર્ગદર્શન આપી શકાય. જ્યારે પણ જરૂર હોય ત્યારે સુસંગત ઇમ્યુનોમોડ્યુલેટરી સારવાર સૂચવવામાં આવી.

મહિનાઓ પછી, તેઓએ એક તંદુરસ્ત બાળકીનું સ્વાગત કર્યું.

પાછળ જોતાં, તેમને સમજાયું કે તફાવત ફક્ત બીજો IVF સાઈકલ્સ નહોતું.

તફાવત એ શોધવાનો હતો કે અગાઉના દસ IVF સાઈકલ્સ કેમ નિષ્ફળ ગયા હતા.

તેમની ગર્ભાવસ્થાની સફર હજારો યુગલો માટે એક મહત્ત્વપૂર્ણ સંદેશ વહન કરે છે કે જેઓ વારંવાર IVF નિષ્ફળતા અથવા વારંવાર ગર્ભાવસ્થા ગુમાવવાનો સામનો કરી રહ્યા છે.

ક્યારેક, જવાબ IVF પ્રોટોકોલ ફરીથી બદલવામાં રહેતો નથી.

ક્યારેક, તે રોગપ્રતિકારકશક્તિનું મૂલ્યાંકન કરવામાં, નિયમિત પ્રજનન તપાસથી આગળ જોવામાં રહેલો છે.

જો તમે સારી ગુણવત્તાવાળા ગર્ભ, વારંવાર ગર્ભપાત, વારંવાર બાયોકેમિકલ ગર્ભાવસ્થા અથવા અસ્પષ્ટ વંધ્યત્વ હોવા છતાં વારંવાર IVF નિષ્ફળતાઓનો અનુભવ કર્યો હોય, તો પ્રજનન રોગપ્રતિકારકશક્તિનું મૂલ્યાંકન યોગ્ય છે કે નહીં તે અંગે ચર્ચા કરવી વધુ યોગ્ય હોઈ શકે છે.

કારણ કે ક્યારેક, સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ નથી કે,

"આપણે આગળ શું પ્રયાસ કરવો જોઈએ?"

પરંતુ એ હોય છે કે "કયું એવું કારણ છે જે હજુ આપણી નજર બહાર છે?"

Dr.Raut's™ CENTRE FOR REPRODUCTIVE IMMUNOLOGY — Turning hope into parenthood

**ડૉ. રાઉત'સ સેન્ટર ફોર રિપ્રોડક્ટીવ ઇમ્યુનોલોજી (ICPRM)**
સરનામું: કાર્લટન એપાર્ટમેન્ટ, ભોંયતળિયે, વાકોલા વિલેજ રોડ, વાકોલા મસ્જિદની પાછળ, સાન્તાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૫.
સંપર્ક: +91 9820894047 | +91 9820183757 | mugdha@drraut.com | www.icprm.in

# નવી મુંબઈ પાલિકા પ્રશાસન ક્લાઈમેટ ઍક્શન પ્લાન બનાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવી મુંબઈ મહાનગરપાલિકા દરિયાઈ સપાટીમાં વધારો થવાના જોખમનો સામનો કરવા માટે એક વ્યાપક ક્લાઈમેટ ચેન્જ ઍક્શન પ્લાન (આબોહવા પરિવર્તન કાર્ય યોજના) ઘડવા જઈ રહી છે.

સ્થાનિક સંગઠન નેટકનેક્ટ ફાઉન્ડેશને વડા પ્રધાન કાર્યાલયને પત્ર લખીને દરિયાઈ સપાટીમાં વધારો, દરિયાકાંઠાના ધોવાણ અને બિનઆયોજિત વિકાસથી દરિયાકાંઠાના ગામડાઓ, નગરો અને શહેરોના રક્ષણ માટે હસ્તક્ષેપની માગ કરી હતી.ફાઉન્ડેશનને લખેલા પત્રમાં નવી મુંબઈ મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત યોજના આબોહવા સ્થિતિ સ્થાપકતા સુધારવા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા, ગ્રીન હાઉસ જગ્યાઓ અને જળાશયોનું સંરક્ષણ કરવા, ટકાઉ શહેરી વિકાસને પ્રોત્સાહન આપવા અને આબોહવા અનુકૂલન પગલાં અમલમાં મૂકવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# એગ્રીગેટર કંપનીઓ માટે પહેલી સપ્ટેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

મુંબઈ: રાજ્યમાં એગ્રીગેટર આધારિત મુસાફર પરિવહનને વધુ સુરક્ષિત, પારદર્શક અને નિયમબદ્ધ કરવા માટે રાજ્ય સરકારે નક્કી કરેલી એગ્રીગેટર પોલિસીની કડક અમલબજવણી કરવામાં આવશે. તે મુજબ, રાજ્યમાં કાર્યરત તમામ એગ્રીગેટર કંપનીઓએ ૧ સપ્ટેમ્બર સુધીમાં નક્કી કરેલી પ્રક્રિયા પૂરી કરીને રજિસ્ટ્રેશન કરાવવું. ૧ સપ્ટેમ્બર પછી રજિસ્ટ્રેશન વગર કે નિયમોનું ઉલ્લંઘન કરીને મુસાફર પરિવહન કરનારી એગ્રીગેટર કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, એવી સ્પષ્ટ ચેતવણી અપાઈ છે. રાજ્યમાં એપ આધારિત વાહન સેવાઓ ઝડપથી વધી રહી હોવાથી મુસાફરોની સુરક્ષા, ડ્રાઇવરોની યોગ્યતા અને કંપનીઓની જવાબદારી નક્કી કરવી જરૂરી છે. ટેક્નોલોજીની સુવિધા મળવી જોઈએ, પણ કાયદો તોડીને સુરક્ષા સાથે રમત સહન કરવામાં નહીં આવે, તેવું સરનાઈકે સ્પષ્ટ કર્યું હતું. નવી નીતિ મુજબ તમામ એગ્રીગેટર કંપનીઓએ પરિવહન વિભાગમાં રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને તેમની સાથે જોડાયેલા વાહનો પાસે પણ વૈધ પરમિટ અને રજિસ્ટ્રેશન હોવું ફરજિયાત છે.

# ગુજરાતી સિનેમાની ઐતિહાસિક હરણફાળ: ઈન્ટેન્સ થ્રિલર ફિલ્મ 'મારણ'ને મળ્યો વર્ષ ૨૦૨૬નો સર્વોચ્ચ 'રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર'

## 'સિનેમેન પ્રોડક્શન' અને દિગ્દર્શક અભિષેક જૈને ફરી એકવાર દેશભરમાં વધાર્યું ગુજરાતનું ગૌરવ

ગુજરાતી સિનેમા જગત માટે એક અત્યંત ગૌરવપ્રદ અને ઐતિહાસિક ક્ષણનું નિર્માણ થયું છે. પ્રાદેશિક સિનેમાની સીમાઓ ઓળંગીને ગુજરાતી ફિલ્મો હવે રાષ્ટ્રીય સ્તરે પોતાનો ડંકો વગાડી રહી છે. તાજેતરમાં જ જાહેર થયેલા વર્ષ ૨૦૨૬ના પ્રતિષ્ઠિત 'રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર' માં ગુજરાતી ઇન્ટેન્સ થ્રિલર ફિલ્મ 'મારણ' એ ભારતનો સર્વોચ્ચ સિનેમેટિક એવૉર્ડ પોતાના નામે કરીને સમગ્ર દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે.

**સિનેમેન પ્રોડક્શન અને અભિષેક જૈનની અનોખી સિદ્ધિ**



આ ભવ્ય સિદ્ધિ સાથે 'સિનેમેન પ્રોડક્શન' ગુજરાતનું સૌપ્રથમ અને એકમાત્ર એવું પ્રોડક્શન હાઉસ બની ગયું છે, જેણે બે-બે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો પ્રાપ્ત કર્યા હોય. 'કેવી રીતે જઈશ' થી શરૂ થયેલી તેમની સફર, અગાઉની રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ 'રોંગ સાઇડ રાજુ' અને અત્યંત લોકપ્રિય 'વિઠ્ઠલ તીડી' બાદ હવે 'મારણ'ના રૂપે એક નવા જ શિખર પર પહોંચી છે. આ ફિલ્મ દ્વારા તેમણે ફરી એકવાર ગુજરાતી સિનેમાને નવી દિશા અને આંતરરાષ્ટ્રીય સ્તરની ઓળખ આપી છે.

આ ઐતિહાસિક સિદ્ધિ અંગે પોતાનો આનંદ વ્યક્ત કરતા ફિલ્મના દિગ્દર્શક અભિષેક જૈને જણાવ્યું કે, "આ માત્ર મારી કે 'સિનેમેન પ્રોડક્શન'ની સિદ્ધિ નથી, પરંતુ સમગ્ર ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ, મારી ટીમની અથાક મહેનત અને અમારા દર્શકોના અપાર પ્રેમનો વિજય છે. 'મારણ' જેવી ડાર્ક અને ઇન્ટેન્સ થ્રિલર ફિલ્મ પર કળશ ઢોળવા બદલ હું નેશનલ એવૉર્ડની જ્યુરીનો હૃદયપૂર્વક આભારી છું. આ રાષ્ટ્રીય પુરસ્કાર અમારા ખભા પર એક નવી જવાબદારી મૂકે છે અને ભવિષ્યમાં પ્રેક્ષકોને આંતરરાષ્ટ્રીય સ્તરનું વધુ સચોટ કન્ટેન્ટ પીરસવાની પ્રેરણા આપે છે."

સ્ટારકાસ્ટ અને અભિનયની વાત કરીએ તો, 'મારણ'માં યુવા હૈયાઓની ધડકન સમાન કલાકારોએ જીવંત અભિનયના ઓજસ પાથર્યા છે. લોકપ્રિય અભિનેતા યશ સોની, પ્રતિભાશાળી અભિનેત્રી દીક્ષા જોશી અને લાલો ફેમ શ્રુહદ ગોસ્વામીનો સહજ, સ્વાભાવિક અને છતાંય અત્યંત પ્રભાવશાળી અભિનય ફિલ્મને એક અલગ જ ઊંચાઈ પર લઈ જાય છે. ફિલ્મના સ્પેશિયલ સ્ક્રીનિંગ દરમિયાન જ સિનેમા નિષ્ણાતો, સમીક્ષકો અને વિવેચકો તરફથી 'મારણ'ને ઉચ્ચ કક્ષાની અને અભૂતપૂર્વ પ્રશંસા સાંપડી હતી. એક ઇન્ટેન્સ થ્રિલર તરીકે આ ફિલ્મ દર્શકોને છેલ્લી ઘડી સુધી ખુરશી સાથે જકડી રાખે છે. ફિલ્મનો દમદાર અને કસાયેલો સ્ક્રીનપ્લે, હૃદય સોંસરવા ઉતરી જાય તેવા ધારદાર સંવાદો, આંખોને આંજી દે તેવી શાનદાર સિનેમેટોગ્રાફી અને બેકગ્રાઉન્ડ મ્યુઝિક આ ફિલ્મની મુખ્ય તાકાત છે. રહસ્ય અને રોમાંચથી ભરપૂર આ ફિલ્મ ગુજરાતી સિનેમામાં કન્ટેન્ટ આધારિત ફિલ્મો માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરી રહી છે. આ ફિલ્મ ગુજરાત તથા મુંબઈ સહિતનાં સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. આપ રહસ્ય અને રોમાંચક ફિલ્મ માણવા માંગો છો તો 'મારણ' તમને જરૂરથી ગમશે. ■

# નગરસેવકોની મુંબઈમાં દિવ્યાંગ પેન્શન યોજના તાત્કાલિક શરૂ કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના દિવ્યાંગ નાગરિકોને થઈ રહેલી અડચણને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકાની ધર્મવીર આનંદ દિઘે દિવ્યાંગ પેન્શન યોજના તાત્કાલિક શરૂ કરવી જોઈએ, એવી માગણી મહિલા અને બાળ કલ્યાણ સમિતિ દ્વારા પાલિકા પ્રશાસનને કરવામાં આવી છે.

મહિલા અને બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષા અને નગરસેવિકા મીનલ તુર્ડેએ એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (શહેર)ને કરી છે. આ સંદર્ભમાં આપેલા એક નિવેદનમાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે દિવ્યાંગ વ્યક્તિઓના ભરણપોષણ, તબીબી સારવાર, દવા, શિક્ષણ અને દૈનિક જરૂરિયાતો માટે મોટો નાણાકીય ખર્ચ થાય છે. ઘણા પરિવારોમાં એક વ્યક્તિને દિવ્યાંગ સભ્યની સેવા કરવા માટે ઘરે રહેવું પડે છે. આને કારણે આવા પરિવારો વધારાના નાણાકીય બોજનો સામનો કરી રહ્યા છે. તેથી મુંબઈ મહાનગરપાલિકાની દિવ્યાંગ પેન્શન યોજના દ્વારા તેમને રાહત આપવી જરૂરી છે.

નગરસેવિકાએ પ્રશાસનનું ધ્યાન દોરતા કહ્યું હતું કે ગયા વર્ષથી આ યોજના હેઠળ દિવ્યાંગ લાભાર્થીઓને નાણાકીય સહાય મળી નથી. વર્ષ ૨૦૨૫-૨૬ માટે બજેટમાં લગભગ ૩૨ કરોડ રૂપિયાની જોગવાઈ હોવા છતાં વાસ્તવિક લાભોનું વિતરણ કરવામાં આવ્યું નથી. તેમણે એ પણ સ્પષ્ટતા કરી કે વર્ષ ૨૦૨૬-૨૭ માટે બજેટમાં લગભગ પચ્ચીસ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હોવા છતાં લાભાર્થીઓની સંખ્યાની સરખામણીમાં તે અપૂરતી છે. તેમણે માગ કરી છે કે વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી રહેલા હપ્તા અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે નિયમિત પેન્શન ચૂકવવા માટે જરૂરી ભંડોળ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે.

# ભાયંદરમાં માતાને બચાવવા જતાં પુત્રએ જીવ ખોયો: પિતાની ધરપકડ

થાણે: માતા-પિતાના ઝઘડામાં મધ્યસ્થી કરનારા પુત્ર પર છરીથી હુમલો કરવામાં આવતાં તેનું મોત નીપજ્યું હોવાની ઘટના ભાયંદરમાં બનતાં પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી હતી.

ઉત્તન સાગરી પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ બિન્દેશકુમાર સોની (૪૬) તરીકે થઈ હતી. સોનીને સ્થાનિક મૅજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ભાયંદરના ઉત્તન સાગરી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુભાષચંદ્ર માર્કડે જણાવ્યું હતું કે ઘટના ૨૬ જુલાઈની રાતે ઉત્તનમાં બની હતી. એક સગાના મૅરેજ રિસેપ્શનમાં જવાને મુદ્દે રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સોનીનો પત્ની સાથે ઝઘડો થયો હતો.

બોલાચાલી ઉગ્ર બનતાં ગુસ્સામાં આરોપીએ છરીથી પત્ની પર હુમલો કર્યો હતો. જોકે માતાને બચાવવા પુત્ર અભયે (૨૪) મધ્યસ્થી કરી હતી. પરિણામે સોનીએ પુત્ર અભય પર છરીથી હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડેલા અભયને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અભયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. આ પ્રકરણે પત્નીની ફરિયાદને આધારે પતિ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ સોનીની ધરપકડ કરવામાં આવી હોવાનું માર્કડે જણાવ્યું હતું. (પીટીઆઈ)












## ૪. ધાર્મિક સંબંધી

**જીવંત શ્રાદ્ધ-ભાગવત કથા**

ભાગવત કથા પવિત્ર પિતૃપક્ષ નિમિત્તે ભાગવત ગીતા, વૈદિક શાસ્ત્રોક્ત ''જીવંત શ્રાદ્ધ'' વિધિઓ, ગરુડ મહાપુરાણ, પોથીજી, શ્રીમદ્ ભાગવત કથા, સમસ્તજન સેવા પરિવાર દ્વારા ''અંત્યજન માનવ સેવા પ્રોજેક્ટ'' તથા દ્વાદશ્યના 3000 આદિવાસી વિદ્યાર્થીઓના લાભાર્થે (80G/ સીએસઆર) 2થી 10 ઓક્ટોબર 2026 વિશ્વકર્મા એ.સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુખ્ય સહ- મુખ્ય યજમાન, વિધિ યજમાન, પોથીજી યજમાન, ઉત્સવ હવન, 31- કુમારિકા પૂજન, આનંદના ગરબા, નોંધણી મર્યાદિત, 9076308117/ 9324250850. (૧૨૫૦-એ)

## ૯. લગ્ન સંબંધી

**ગુજરાતી**

અપરિણિત, NRI, ડિવોર્સી, સ્પેશ્યલ કેસ: યુવક - યુવતીઓ માટે મેટ્રિમોનિયલ ગ્રૂપ. 8655185667. (દહેજ નહીં). (૧૨૬૬-સી)

**બ્રાહ્મણ સેવા સમાજ**

50મું વર્ષ 109મો પરિચય મેળો મલાડ ખાતે તા. 06/09/2026 પ્રવેશ ફી યુવક Rs. 500/ -, યુવતી Rs. 300/-. સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જયશ્રીબેન 9870756615 દિપકભાઈ- 8828221010. (સમૂહ જનોઈ રવિવાર 13/ 12/2026) (દહેજ નહીં). (૧૧૪૪-એ)

**57 વર્ષ સુધીની**

**5'-2" થી વધુ ઊંચી, સ્માર્ટ નિ:સંતાન મહિલા - કાંદિવલીના સમૃદ્ધ સ્વતંત્ર વેપારીને જીવનસાથી જોઈએ છે. - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૯૧૯)**

**વૈષ્ણવ યુવતી**

1981, 5'.4", Bcom, JOB ધરાવનારને ભણેલા, ન ભણેલા યુવક આવકાર્ય. 9699943946. (દહેજ નહીં). (બી-૧૭૯૯૮)

**''ભાટીયા યુવક...''**

1982, સુખી-નાનું કુટુંબ - ફ્લેટ, એજ્યુકેટેડ - દેખાવડી - સારી આવક - 9819557417. (દહેજ નહીં). (બી-૧૭૯૯૧)

■ લગ્ન વિષયક 61 વર્ષ મુંબઈના ગુજરાતી ડિવોર્સી બિઝનેસમેનને માટે કન્યા. 9426173428. (દહેજ નહીં). (બી-૧૭૯૯૩)

■ મુલુન્ડની 1979, MBA, Accounts Manager કુંવારી જૈન કન્યાને મુંબઈનાં / પરદેશનાં યુવક આવકાર્ય રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૯૪૦)

■ કાંદિવલીના અમેરિકન સીટીઝન ન્યુજર્સીમાં યુવક 1975 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૯૪૧)

■ ઘાટકોપરનાં ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ ડિવોર્સી યુવક 1989 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૯૪૨)

**ઔદીચ્ય બ્રાહ્મણ**

દહીંસર સ્થિત કુંવારા યુવક 1994/ 5'.4", નિર્વ્યસની, શાકાહારી CA, CFA માટે યોગ્ય યુવતી આવકાર્ય (જ્ઞાતિબાધ નથી). શૈલેષભાઈ - 9821179330. (દહેજ નહીં) (૧૨૮૫-બી)

■ પાલીમાં 1987, 5' 6", આયર્સજૈનને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ અંધેરીમાં 1986 BE, IT એક્ઝિવ દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ MBA ફાયનાન્સ 1981 ઈન્ટેલીજન્ટ કપોળને ક્વોલિફાઈડ વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ દાદરમાં 1995 5' MBA ફાયનાન્સ બ્યુટીફૂલને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ વાલકેશ્વરમાં 1985, MBA હેન્ડસમ ડાયવોર્સી જૈન બિઝનેસમેનને કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ BE, MBA 1984 હેન્ડસમ વેલસેટ વૈષ્ણવને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ જુહુ 1987 આર્કિટેક વેલસેટ હેન્ડસમ જૈનને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ MS સર્જન 1992 બ્યુટીફૂલ ઈન્ટેલીજન્ટને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ કેમ્સ કોર્નર 1985, BMS વેરી એક્ટિવ બ્યુટીફૂલને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ એલાન્ટા 1994, 6' 2" MIS હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૨૮૯-એ)

■ જૈન કુંવારા યુવક CA, 49, 50 lacs, માટે કન્યા 9408601501. (દહેજ નહીં). (૧૭૯૫૦)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (1265-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૯૧૪)

**''અષ્ટપદ''માં સેલ**

**પ્યોર કાંજીવરમ, પૈઠણી, બાંધણી, એમ્બ્રોડરી, પટોળા, પ્યોર સોફ્ટ સિલ્ક તથા અજરક સારીઝના પ્રીમિયમ કલેક્શન ઉપર ૫૦% સુધી ડિસ્કાઉન્ટ. ''અષ્ટપદ'' ૨૪/બી, અગ્રવાલ માર્કેટ, એમ. જી. રોડ, વિલેપાર્લે (ઈસ્ટ). 7900005443. (એસડીબી-૩૪૪૫)**

**ટિફિન**

મુંબઈમાં દરરોજ ૧૦૦૦ ટિફિન જોઈએ છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૩૩૩૭૭૬૭૦ ફક્ત વોટ્સએપ (ફોન નહીં). (એસડીબી-૩૪૪૭)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**

કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમાંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટલ, ગ્રૂપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭ / ૯૯૯૨૨૬૬૬૬૭. (૧૨૪૦-એ)

**માલશેજ - ભંડારધારા**

કોંકણ - ગોવા - ઈગતપુરી - લોનાવાલા - સાપુતારા - સિલવાસા પેકેજ. વ્હીકલ્સ ડિસ્કાઉન્ટમાં. RAGI: 9324213190. (૧૨૭૮-ઈ)

■ Private Car Tours Kerala Karnataka, Singapore Vietnam Thailand Cruise Lonavala, Igatpuri, Silvassa, Karjat રેન્ટકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway All Over India ડ્રાઈવર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. Arrham Holiday 9769977466 / 9892534488. (બી-૧૭૯૮૪)

શ્રીજી કૃપા સ્પીતિ વેલી નારકંડા-સાંગલા-કલ્પા ચિત્કુલ-નાકો-તાબો-કાઝા-ચંદ્રતાલ 16 SEPT
જગન્નાથપુરી-કલકત્તા-ગંગાસાગર-વૈદ્યનાથ ચાંપારણ્ય-અમરકંટક 9 OCT, NOV
નેપાળ ભૂટાન મેઘાલય દાર્જીલિંગ અરુણાચલ પોખરા-મુક્તિનાથ
લખનૌ-નૈમિષારણ્ય-અયોધ્યા-છપૈયા પ્રયાગ-ચિત્રકૂટ-કાશી 7/9 SEP 10 MAR
શ્રીલંકા 5/6/7N કંબોડિયા-વિયેતનામ-અશોક વાટિકા કોલ-કેન્ડી-બિગલા
3/4*HOTEL, VEG/JAIN FOOD, AC VEHICLE Since 1987
9867313091 9930213091 તન્વી હોલીડેઝ
(બી-૧૭૯૯૦)

**નિ:શુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેડલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૪૪૬)

**ચિરાગ/જતીપુરામાં**

અન્નકોટના દર્શન, ભાઇબીજ સ્નાન, યમુનાજીમાં ચુંદડી મનરથ 6 દિવસ 7 રાત્ર રહ્યાઉસ્સવ - 7303560200. (૧૨૭૯-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**■ તમારી બીજી આવક શરૂ કરો! ઘરેથી કામ કરો. પગાર + આકર્ષક ઈન્સેન્ટિવ કારકિર્દીમાં ઉત્તમ વિકાસની તક ગૃહિણીઓ, નિવૃત્ત વ્યક્તિઓ, પ્રોફેશનલ્સ. સંપર્ક: 7021566737. (૧૨૭૦-એ)**

**FEMALE**

હાઉસ - જનરલ સ્ટોર સંભાળવા લેડી જોઈએ, રવિવાર ચાલુ. દહિંસર - 9820120537. (૧૨૭૯-ઈ)

■ ઘાટકોપર સ્થિત સાઈટ સુપરવાઈઝર માટે રિટાયર્ડ માણસ જોઈએ છે. 7977186140. (૧૨૮૮-સી)

REQ INTERIOR DESIGNER Female 0/1 year experience, Vileparle 9892692693. (B-17922)

CAREERS AT CHHEDA JEWELLERS
WE ARE HIRING
Join a team building careers, not just filling roles - with Mumbai's most trusted jewellery house since 1991.
NOW HIRING • For our VILE PARLE & GHATKOPAR Showrooms - Sales & Support Team -

| | |
|---|---|
| Floor Manager<br>5+ Years Experience<br>Jewellery retail background preferred | Sales Manager (CRO)<br>5+ Years Experience<br>Jewellery retail background preferred |
| Senior Sales Executive<br>5+ Years Experience<br>Jewellery sales background preferred | Junior Sales Executive<br>1 - 3 Years Experience<br>Jewellery sales background preferred |
| Billing Executive<br>1 - 3 Years Experience<br>Jewellery retail background preferred | Data Entry Operator<br>1 - 2 Years Experience<br>Relevant Experience Preferred |

If you take pride in your craft, this is where you grow it into a career.
HOW TO APPLY
EMAIL RESUME hr@chhedajewelers.co.in CALL / WHATSAPP HR 88502 75447
WALK-IN FOR INTERVIEW
1, Trinity Square, Monghibai Road, Vile Parle (E), Mumbai - 400057
CHHEDA JEWELLERS LIMITED EST. 1991 - MUMBAI
A Legacy of Trust, A Future Built Together
(B-17931)

**REAL ESTATE**

**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs Annually, on Commission Basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 9819554066. (1281-A)**

## ૧૭. જગ્યા આપવી છે

**ખાર (વેસ્ટ)**

લક્ષ્મી નગર સોસાયટી - મધુપાર્ક પાસે ૨ બેડરૂમનો ફ્લેટ એરિયા ૮૭૫' કાર્પેટ, ૩ બાથરૂમ, પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, ફક્ત ગુજરાતીને વેચવાનો. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૭૯૨૩)

**વિલેપાર્લે (વેસ્ટમાં)**

પહેલે માળે ફર્નિશ્ડ 2 બેડરૂમ - 870' કાર્પેટ, 3 બાથરૂમ - 2 ટોઈલેટ, 2 એસી, લીફ્ટ, ટૂંકા સમયગાળા માટે ભાડેથી આપવાનોઃ- 9819445558. (૧૨૭૨-એ)

મલાડ (વેસ્ટ)
માર્વે રોડ - પ્રાઈમ લોકેશન
દેરાસર- ઉપાશ્રયની બાજુમાં (જૈનો માટે ઉત્તમ)
• 3 BHK નો વિશાળ ફ્લેટ પાર્કિંગ સાથે
• ઈસ્ટ વેસ્ટ ઓપન - ફુલ્લી ફર્નિશ,
• 4.25 કરોડ નેગોશિયેબલ
• 1360' યુસેબલ કાર્પેટ
JEET PROPERTY
9870227273
(બી-૧૭૯૪૬)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રતીક્ષા કરીએ એવું વિચારવાથી પૈસા નથી બચતા, પણ તક છૂટી જાય છે. ૧ બેડરૂમ, હોલ, કિચન - 510' કાર્પેટ - 1.35 Cr., ૨ બેડરૂમ, હોલ, કિચન - 735' કાર્પેટ - 1.99 Cr., ૨ બેડરૂમ, હોલ, કિચન - 800' કાર્પેટ - 2.09 Cr., ૩ બેડરૂમ, હોલ, કિચન, 1010' કાર્પેટ, 2.11 Cr., ૩ બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ, 3.06 Cr., ૪ બેડરૂમ, હોલ, કિચન - 1250' કાર્પેટ, 3.65 Cr., ૫ બેડરૂમ, હોલ, કિચન - 1665' કાર્પેટ - 6.21 Cr. Home Alone Property - જુન્નુંશાહ 9833352224. (૧૨૫૦-એ)**

**લીવલાયસન્સ/ વેચાણથી**

**નાનાચોક/ તારદેવ**

**ભાટીયા હૉસ્પિટલ પાસે, ૪ બેડરૂમના ફ્લેટ, નવા બિલ્ડિંગમાં, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, બે પાર્કિંગ, રેડી પઝેશન, કોન્ટેક્ટ 'ભરતભાઈ' 9322246950. (બી-૧૭૯૮૭)**

**બાંદ્રા / ખાર / શાંતાક્રુઝ**

૩/૪ બેડરૂમના એપાર્ટમેન્ટ લક્ઝુરીયસ પ્રોજેક્ટમાં, ગ્રીનરીવ્યુ, ઓ. સી. સાથે ફોનઃ- ''બીગ ડીલ રિયાલિટી'' 'પ્રેમ બત્રા' ૯૮૨૦૦૬૫૭૫૭ / 'બીપીન' ૯૮૨૦૦૪૭૭૭૩. (બી-૧૭૯૦૪)

કાંદિવલી (વેસ્ટ)
SAIDHAM TOWER
READY POSSESSION
3 BHK with Terrace
Area 1300 Sq.ft.
Terrace with 1 Car Parking.
SEMI FURNISHED
• Well Maintained Regd. Society
• Swimming Pool + GYM in Building
• Near Metro Station
Contact : Owner
9820077493 / 9167961007
BROKERS EXCUSE
(બી-૧૭૯૪૫)

**મલાડ (વેસ્ટ)**

**માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિપીત - 9920041841. (એસડીબી-૩૪૩૧)**

**જુહુસ્કીમમાં/ પાર્લામાં/ અંધેરીમાં**

લીવલાઈસન્સ/ વેચાણમાં ૧ થી ૪ બેડરૂમના ફ્લેટો/ ઓફિસો/ દુકાનો/ લેવા-આપવા. રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૪૦૭)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર વેચવા માટે. વાલજી લધા રોડ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૨૪૭-એ)

**ANDHERI**

**સ્ટેશન નજીક Flats / Offices ભાડે / લેવા / વેચવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૪૩૬)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**વેચાણથી. માણેકલાલ એસ્ટેટ, ૨ બેડરૂમ, હોલ, કિચન - 775' કાર્પેટ, ૪થે માળે, લીફ્ટ, પાર્કિંગ 1.90 Cr. નેગોશીએબલ. ઓનર - 8850719612. (૧૨૭૪-એ)**

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આલ્પર્સ ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૧૬૫૬૩. (એસડીબી-૩૪૩૪)

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ વેચાણથી, 99 લાખ, નવું બિલ્ડિંગ હાયર ફ્લોર સંપર્ક વિનય - 9820789209. (જેપી-૪૫૭૩-એ)

**અંધેરી (વેસ્ટ)**

3 BHK ગ્રીનકોર્ટ (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK ભાડેથી (1.80 અને 2.25 લાખ), 1 RK પાર્લા (વેસ્ટ) (1.20 કરોડ) તથા લલ્લુભાઈ પાર્ક, ઇર્લા, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોશી'' 9322236433 - 9821069632. (૧૨૬૦-એ)

■ (1) પાર્લા ઈસ્ટ 2.5 બેડરૂમ ફ્લેટ વેચવાનો (2) અંધેરી લલ્લુભાઈ પાર્ક 2 બેડરૂમ ભાડે લાગેલ વેચવાનો છે. (3) પાર્લા વેસ્ટ ૬૨૦ ઓફિસ વેચાણથી. ૭૦૦ દુકાન ભાડેથી. પવઈ ૨૦૦૦ મીટર પ્લોટ રીઝરવેશન વેચાણ જીતુભાઈ શાહ - 9820613128. (એસડીબી-૩૪૩૫)

મરીન ડ્રાઈવ સીફેસ
4 બેડરૂમ
૨૫૦૦ કાર્પેટ,
૧ ગેરેજ + ૧ ઓપન પાર્કિંગ.
અનરિસ્ટ્રિક્ટેડ સીવ્યુ.
ઓનરશીપ. For Details
Email: info@squarefeetrealty.in
સંપર્ક - અશોક શાહ
9821036552
(૧૨૫૫-બી)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**વિદ્યાવિહાર (વેસ્ટ)**

ભાડેથી. નિલકંઠ કિંગડમ, 3 બેડરૂમ, હોલ કિચન, 1000' કાર્પેટ, ઓપન વ્યુ, ગાર્ડન ફેસિંગ. બ્રોકર - 8169019857, 9323030141. (૧૨૬૬-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી પ્રાઈમ લોકેશનમાં પ્રતિષ્ઠિત બિલ્ડર, ગુજરાતી એરીયામાં ટૂંક સમયમાં આવનાર, હાઈરાઈઝ ટાવરમાં, મેટ્રો/સ્ટેશન નજીક, ૧/૨ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાથરૂમ, ૪૨૫ કાર્પેટથી શરૂ. ૧.૧૫ કરોડની રેન્જમાં, માર્કેટ, દેરાસર, ઉપાશ્રય નજીક, ઈઝી પેમેન્ટ સ્કીમ, પંખા, એસી, વોશિંગ મશીન, એક્ઝોસ્ટ ફેન, ગીઝર, વિડીયોડોર લોક, એક્વાગાર્ડ, જીમ, બેન્કવેટ હોલ. કૌશલ મહેતા: ૯૩૨૩૮૦૭૯૬૩. (૧૨૬૬-એફ)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
NEELSIDHI BRINDAVAN
VALLABH BAUG LANE
GHATKOPAR EAST 400077
3 BHK
₹ 3.51 CR ONWARDS
READY POSSESSION
OC RECEIVED
9833469305
(B-17855)

**ખાર/શાંતાક્રુઝ**

**૩ બેડરૂમ ૧૬૫૦, ૪ બેડરૂમ ૧૫૨૫'/ ૧૯૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦' દદન નવા બિલ્ડિંગમાં, પોશ લોકેશન, ઓ. સી. સાથે તુરંત વેચવાના. ફોનઃ- 9867153377. (બી-૧૭૯૮૭)**

**પાર્લા (વેસ્ટ)**

2 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ, ઈલેક્ટ્રોનિક્સ સાથે વેજીટેરિયન સ્ટુડન્ટ / ફેમિલીને ભાડેથી આપવાનો છે. ધર્મેશ પારેખ - 9892701450. (બી-૧૭૯૩૨)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી-પાર્ક રોડ, બ્રાન્ડ ન્યુ સોસાયટી, સ્પેશિયસ 2 BHK - 805' કાર્પેટ, OC અને પાર્કિંગ, હાયર ફ્લોર, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, રેડી ટુ મુવ. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-સી)

**દેવલાલી**

**વેચાણથી. રૂમ કિચન, ૧, ૨, ૩ બેડરૂમના ફ્લેટો. પરેશ - 9930803959, 9930106054. (૧૨૫૭-સી)**

**દેવલાલી**

**વેચાણથી. ૩ બેડરૂમનો બંગલો, 1550' ફૂટ. પરેશ - 9930803959, 9930106054. (૧૨૫૭-ડી)**

**દેવલાલી**

**વાર્ષિક ધોરણે ભાડેથી, ૧, ૨ બેડરૂમનાં ફ્લેટો + ૩ બેડરૂમના બંગલા. પરેશ - 9930803959, 9930106054. (૧૨૫૭-ઈ)**

**હીરા પન્ના**

હાજીઅલી - 3 BHK ભાડેથી આપવાનો છે, સી / સીટી / કોસ્ટલ રોડ વ્યુ, પાર્કિંગ, કોન્ટેક્ટ 9820372950 / 9619775855 રૂપાણી એસ્ટેટ એજન્ટ્સ. (બી-૧૭૯૪૭)

Investor - Flat for Sale in
GHATKOPAR EAST
(Send Offer within 1 Month)
PANTNAGAR
2 BHK (720') - 1.89 Cr.
60 FEET ROAD
3 BHK (1000') - 3.96 Cr.
TILAK ROAD
4 BHK (1850') - 5.94 Cr.
All are Min. Reserved Price
Owner : 9821025218
(1230-A)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી 3 BHK - 840' કાર્પેટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ, હાયર ફ્લોર, ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી, પ્રાર્થના સમાજ રોડ, OC અને પાર્કિંગ સાથે, રેડી ટુ મુવ, દેરાસરની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી 3 BHK - 910' કાર્પેટ, OC અને પાર્કિંગ સાથે, ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી, મહાવીર સ્વામી દેરાસરની બાજુમાં, માલવીયા રોડ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ, રેડી ટુ મુવ. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-ડી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી - માલવિયા રોડ, જૈન દેરાસરની બાજુમાં, સ્પેશિયસ 3 BHK-1100' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ, સ્ટિલ્ટ પાર્કિંગ, ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી, OC સાથે, રજિસ્ટર્ડ મેઇન્ટેન સોસાયટી. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-બી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી - મહંત રોડ, રુઈયા સ્કુલની બાજુમાં, 3 BHK-1115' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ, 2 પાર્કિંગ, OC સાથે, વેલ મેઇન્ટેન રજીસ્ટર્ડ સોસાયટી ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૨-એ)

MULUND WEST
Yogi Hills, Hill View
Furnished 3 BHK,
1000 sq. ft., 3rd Floor,
7 Storey Building,
1 Car Parking, For Sale
Rs. 2.50 cr. negotiable.
Only Serious buyers
Call: 9819993091 / 9821028593
(1238-A)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઇસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કાર્પેટ, ૪ બાથરૂમ, ૩ લીફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઇલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો. ફોનઃ- 9820156133. (બી-૧૭૯૩૫)

**લોનાવાલા - ખંડાલા**

રો હાઉસ - બંગલાઓ - વાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - 9545741755. (બી-૧૭૯૩૪)

**જે વી પી ડી ગુલમોહર**

**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર ફ્લેટ / અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૧૨૮૦-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**3/ 4/ 5/ 6 બેડ 1000/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિયેબલ) "MIHIR" 7021919015. (૧૨૮૦-બી)**

**જુહુ સર્કલ**

**ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો. "MIHIR" 7021919015. (૧૨૮૦-સી)**

**સાન્તાક્રુઝ/ખાર**

**લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૨૮૦-ડી)**

**સીટય ફ્લેટો**

**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૧૨૮૦-ઈ)**

**RUSTOMJEE ELEMENTS**

**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૧૨૮૦-એફ)**

**KALPATARU SOLITAIRE**

**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ, MIHIR 7021919015. (૧૨૮૦-જી)**

**વિલે પાર્લે (વેસ્ટ)**

**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000' / 2200' / 2500' / 3000' પૂલ, જીમ, ટેરેસ ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૧૨૮૦-એચ)**

**કાંદિવલી વેસ્ટ**

1 બેડરૂમ 95 લાખ, નવા ટાવરમાં કાંદિવલી સ્ટેશન પાસે મળશે. સંજીવ 9821925693. (બી-૧૭૯૩૭)

**જુહુસ્કીમ ભાડેથી**

ગુલમહોર રોડ, 3 બેડરૂમ 1350 કાર્પેટ - 2,50,000/-, 1600 કાર્પેટ-3,50,000/ -, 2500 કાર્પેટ - 5,00,000/-, 3000 કાર્પેટ - 7,00,000/-, લક્ઝરીયસ ફ્લેટ ભાડેથી. Jigar - 8850928337. (૧૨૭૯-સી)

**બાંદ્રા**

પાલીહિલ, નરગીસ દત્ત રોડ (Row House) - 60 કરોડમાંઃ- 8007342828. (૧૨૮૫-સી)

**ઘાટકોપર ઈસ્ટ**

**વેચાણથી બે બેડરૂમ જોડી 1700', ત્રણ બેડરૂમ 1000', ત્રણ બેડરૂમ જોડી 2100', બે બેડરૂમ - 865' - 805' - 704', નવું ટાવર, પાર્કિંગ એક બેડરૂમ 570' તેમજ ઘાટકોપર ઈસ્ટ 2-3-4 બેડરૂમ ફ્લેટ ભાડેથી. ''જ્યોતિ એસ્ટેટ'' - 9029335133. (૧૨૮૩-એ)**

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**

૬૦' ૯૦', વલ્લભબાગ, તિલક રોડ, નીલકંઠ વેલી, ગારોડિયા ૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ, ઓફિસ, તૈયાર, બંધાતામાં લેવા વેચવા ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (એસડીબી-૩૪૪૯)

**પ્રીમીયમ કોમ્પ્લેક્ષ**

**રેડી / બંધાતામાં / ભાડેથી. ઘાટકોપર (ઈસ્ટ) 2/ 2.5/ 3/ 4 બેડરૂમનાં ફ્લેટો, Adani, Aaradhya One Earth / Park, Tanishka Vikrant, Silver, Savvy. ચિંતનભાઈ - 9321234567. (૧૨૮૮-ઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

ભાડેથી તિલક નગર, ૨ બેડરૂમ હોલ, કિચન, 750' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ. બ્રોકર - 9323030141, 8169019857. (૧૨૮૮-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**જ્યાં મન મળે, ત્યાં ઘર બને. MICL પ્રોજેક્ટ, ૨ બેડરૂમ, હોલ, કિચન-800' કાર્પેટ, 2.07 Cr ફીક્સ. બધી એમેનીટીઝ સાથે સ્વીમીંગ પુલ. હોમએલોન પ્રોપર્ટી - જુન્નું શાહ - 9833352224. (૧૨૮૮-એચ)**

**KANDIVALI EAST**

**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**BANDRA / KHAR / SANTACRUZ**

3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17905)

**VILEPARLE (EAST)**

Luxury 3 BHK with attached Toilets, Fully Furnished, Fully A/C, 1400 Carpet, 3 Car Parks, Higher Floor, 3 Side Open, Big Gym, Spacious Compound, Immediate Sale, Contact - 9820072941, Brokers Welcome. (1261-A)

**BORIVALI WEST**

Near Poisar Gymkhana, Newly Renovated 2 Bedroom 696' sqft Builtup + 1 Parking, Fully Furnished for Sale. Vijay Realtors: 9224214227 / 9594404050. (1267-A)

**JUHU**

**DLH-Legacy 3 BHK Exclusively Fully - Furnished with White Goods 1318' Ready to Move in Flat (2 Parkings / Price 9,15,00,000/-). Parth 9820525127. (SDB-3438)**

**BORIVALI WEST**

Available 2/3/4 Bed in New Building (All Amenities) at Jairaj Nagar Link Road, Shimpoli. Anmol Homes. 8655733919 / 7738485818. (B-17924)

**LEAVE AND LICENSE**

Shambhu Tirth Haji Ali 2 Bedroom 2 Lac nego Maheshwari Niketan Peddar Road 2 Bedroom 2.50 Lac nego Shanti Peddar Road 2 Bedroom 2.50 nego Mazda Breach Candy 2 Bedroom 2.80 Lac nego 9892710071 / 9619048555. (B-17936)

**JUHU - GULMOHAR**

**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet Area Exclusive Ready Possession with OC and All Amenities - 50 k to 60 k psf negotiable Prices Mihir - 7021919015. (1280-I)**

**MALAD EAST**

Urgently Sale Alta Monte 5 BHK 4000 sqft Carpet 9869070123 / 9167723481. (1278-H)

**BABULNATH - NANA CHOWK**

1-2 BHK on Ownership / Lease Reasonable Price. Ready Possession Many More New Proposals. Brokers Welcome. Contact: White Housing (M) 9987310819 / 022-31487278. (1281-D)

## ૧૮. જગ્યા જોઈએ છે

A CORPORATE REQUIRED 5 Flats of 3 BHK in Allura, Park Side Marquees, Kiara. Full Cheque only, 2 years lock in only. Rent Budget 2.5 L to 3.5 Lacs. Owners Call 8369554514. (1282-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભિવંડીમાં**

72000' જગ્યા 10000 ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર + પહેલે માળે + બીજે માળે (અલગ અલગ) 50000' પત્રાશેડ + બાકીની ઓપન જગ્યા, અર્ધી જગ્યા પણ મળશે. 9822269988. (૧૨૬૧-ઈ)

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી
રૂષભ ઉપાધ્યાય
9049625073
હિતેષ ઉપાધ્યાય
9326470109
(એસડીબી-૩૪૫૦)

## ૨૦. ધંધાદારી જગ્યા

**જોઈએ છે**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા અથવા શોપ 500 થી 700 કાર્પેટ ગ્રાઉન્ડ, ફર્સ્ટ, સેકન્ડ ફ્લોર વિલેપાર્લે / અંધેરી વેસ્ટ અથવા તેના નજીકના લોકેશનમાં કોન્ટેક્ટ નંબર 98252 25428. (૧૨૭૩-એ)**

**બોરીવલી વેસ્ટમાં**

સત્રા પાર્ક - ટાવરમાં - શોરૂમ - 1630' કાર્પેટ - ભાડાથી 3,80,000 અર્જન્ટથી લેવા - સુનિલભાઈ 9821477177. (૧૨૭૬-એ)

**જોગેશ્વરી (વેસ્ટ)**

11000 ફૂટનું બાંધકામ 7 માળનું બિલ્ડિંગ, લીંક રોડ ટચ, 622 મીટરનો પ્લોટ 15 ગાડીનું પાર્કિંગ 24 કરોડ નેગોશિયેબલ. સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ 9820441711. (૧૨૭૬-ઈ)

**મલાડ (વેસ્ટ)**

**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે 9820054730, 9920041841. (એસડીબી-૩૪૩૨)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

કૈલાસ પ્લાઝા, હાયકલાસ 800' કાર્પેટ કોર્નર ઓફિસ, Rs. 150 ફૂટ, ભાડેથી / વેચાણથી. ઓનર - 9769287479. (૧૨૫૭-એફ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સેન્ટર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000' ભાડેથી/ વેચાણથી. મધુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**BANK માટે**

**6000 ફૂટ વાગલે એસ્ટેટ થાણા (વેસ્ટ) તેમજ 2000 ફૂટ કાર્પેટ ગ્રાઉન્ડ ફ્લોરમાં વિરાર ઈસ્ટમાં જગ્યા જોઈએ છે. 8879181869. (૧૨૪૨-એ)**

**નાની દુકાન**

કાંદિવલી વેસ્ટમાં, દસ હજાર ભાડેથી, અન્ય પ્રયોજન લેવા - આપવા 9082825482. (બી-૧૭૯૩૮)

**થાણામાં**

પાચપાખડી, માજીવાડા, વર્તકનગર એરિયા ૧૫૦૦ થી ૨૦૦૦ કેમોથેરપી / કેન્સર ક્લીનીક માટે જગ્યા ભાડા પર જોઈએ છે. સંપર્ક: નિશાંત 97683 36661. (એસડીબી-૩૪૫૧)

**ફોર્ટ**

**વી ટી સ્ટેશન પાસે, ઓફિસ 170' ફર્નિચર સાથે ડિપોઝિટથી / ભાડેથી આપવાની. ''ભાવસાર'' - 9820124753. (૧૨૮૬-એ)**

(જુઓ પાનું ૧૨) ▶▶






**CHARACTER INTERACTIONS**

Get closer to Disney, Pixar, and Marvel Characters on your enchanting voyage. Keep a look out for Mickey Mouse and his pals from surprise visits to designated places throughout the ship.



**SIGNATURE DISNEY DINING**

Every meal is an unforgettable experience aboard the *Disney Adventure*. Enjoy regional flavors from casual dining restaurants and three uniquely immersive dinner experiences, all thoughtfully curated for you.



**WORLD-CLASS ENTERTAINMENT**

The only cruise line to offer fireworks at sea with *The Lion King: Celebration in the Sky*, narrated by globally acclaimed star Shah Rukh Khan. This spirited evening show is sure to be a highlight of any voyage.

This endorsement by Shah Rukh Khan is only for the *Disney Adventure* and *Disney Cruise Line*.

Your Next Family Holiday Starts Here!

**Book your 3-night Disney Adventure today, staring from just US$ 220 per person, per night.***

ARKTRAVELGROUP Since 1981.

ARKCruises Worldwide Cruises

**Contact us for further details**

Email : mouneera@thearktravelgroup.com • netra@thearktravelgroup.com

Phone : 022-69024427

*"Terms & Conditions apply"

Ships' Registry: The Bahamas

Artist Concept Only. ©Disney ©Disney/Pixar © 2026 MARVEL

# કચ્છમાં ₹ ૩,૦૦૦ કરોડના ખર્ચે બનશે બે નવા હાઈસ્પીડ કોરિડોર, રોડ નેટવર્ક હાઈટેક થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઔદ્યોગિક અને પ્રવાસન ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલા કચ્છમાં આંતરમાળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મોટો વધારો થયો છે. આગામી બે દાયકાના સંભવિત વિકાસ અને વાહનોના સતત વધતા બોજને ધ્યાનમાં રાખીને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અબજો રૂપિયાના ખર્ચે રોડ નેટવર્કને આધુનિક અને સુગમ બનાવવાની વિવિધ યોજનાઓ પર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

કચ્છમાં રોડ નેટવર્કના આધુનિકીકરણ અને મજબૂતીકરણ માટે રૂ. ૩,૦૦૦ કરોડના ખર્ચે પાંચ મુખ્ય પ્રકલ્પો પર કામ ચાલી રહ્યું છે. જેમાં ભુજ-ભચાઉ અને ભુજ-નખત્રાણા વચ્ચે હાઈસ્પીડ કોરિડોર, 'રોડ ટુ હેવન'નું અપગ્રેડેશન, મુન્દ્રા પોર્ટને જોડતા માર્ગોનું આધુનીકરણ તેમજ ગ્રીન ટેક્નોલોજી આધારિત રોડ નિર્માણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોના કામો પણ પ્રગતિ હેઠળ છે.

રાજ્ય સરકાર દ્વારા ભુજ-નખત્રાણા માર્ગ માટે રૂ. ૯૩૭ કરોડ અને ભુજ-ભચાઉ હાઈસ્પીડ કોરિડોર માટે રૂ. ૬૯૦ કરોડનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ કોરિડોર અંતર્ગત હયાત રસ્તાઓને પહોળા કરવાની સાથે ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને વાહનવ્યવહારને ગતિ આપવા માટે ઓવરબ્રિજ તથા અંડરપાસનું નિર્માણ કરવામાં આવશે. ભુજ-ભચાઉ કોરિડોરનું કામ માર્ચ ૨૦૨૭ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટરે પણ સ્થળ મુલાકાત લઈને પ્રગતિની સમીક્ષા કરી હતી.

રસ્તાના નિર્માણમાં ટકાઉપણું લાવવા અને પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી સરકારે ગ્રીન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. જે અંતર્ગત કચ્છમાં લુણી-ગુંદાલા-બાબિયા માર્ગનું કામ આધુનિક ગ્રીન ટેક્નોલોજીના માધ્યમથી કરવામાં આવશે.

રોડ નેટવર્કના વિસ્તરણ અને આધુનિકીકરણ વચ્ચે જમીન સંપાદનની પ્રક્રિયા સૌથી મોટી પડકારજનક બની રહી છે. સંપાદનની કામગીરીમાં થતા વિલંબના કારણે કેટલાક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# નર્મદા જિલ્લામાં ભારે વરસાદ, કરજણ ડેમના સાત દરવાજા ખોલી ૮૦,૭૨૧ ક્યૂસેક પાણી છોડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હવામાન વિભાગની આગાહીના પગલે નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને સાગબારા તાલુકામાં ભારે વરસાદને પગલે કરજણ ડેમમાં જળસ્તર વધ્યું છે. ઉપરવાસમાંથી લગભગ એક લાખ ક્યુસેક પાણી ઠલવાતા કરજણ ડેમનું રૂલ લેવલ જાળવી રાખવા માટે તંત્રએ ડેમના ૭ દરવાજા ૩ મીટર સુધી ખોલ્યા હતા. ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી નીચાણવાળા વિસ્તારો અને નદીકાંઠાનાં ૭ ગામોને હાઈ એલર્ટ પર જાહેર કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા સતત ડેમના જળ સ્તરનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જો વરસાદ ચાલુ રહેશે તો આગામી સમયમાં ડેમમાંથી વધુ પાણી છોડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

કરજણ ડેમની કુલ ક્ષમતા ૧૧૬ મીટર સામે જળસપાટી વધીને ૧૦૮.૦૪ મીટરે પહોંચી ગઈ છે, જેના કારણે ડેમ મેનેજમેન્ટ અને સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું. સલામતીના ભાગરૂપે તંત્ર દ્વારા કરજણ ડેમના ૭ દરવાજા ૩ મીટર સુધી ખોલીને હાલ ૮૦,૭૨૧ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. પાણીના આટલા મોટા જથ્થાની જાવકને કારણે કરજણ નદીના પટમાં પાણીની સપાટીમાં મોટો ઉછાળો આવ્યો છે.

# સુરતીઓના માથે ફરી સંકટ: શાળાઓ, કારખાના બંધ, એક એનડીઆરએફ અને બે એસડીઆરએફની ટીમ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં ભારે વરસાદના રેડ એલર્ટ વચ્ચે શુક્રવારે કલેક્ટરે શાળાઓ અને કારખાના બંધ રાખવાનો હુકમ કર્યો હતો. કલેક્ટરે લોકોને જરૂરિયાત ન હોય તો ઘરની બહાર ન નીકળવાની અપીલ કરી હતી. શહેરમાં ૧ એનડીઆરએફ અને ૨ એસડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

ડુમસ અને સુવાલી બીચ પર લોકોને ન જવાની સૂચના આપવામાં આવી હતી. સુરતમાં અચાનક વરસાદ શરૂ થતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ જવાની સમસ્યા સર્જાઇ હતી. સુરતનું સૂર્યપુર ગરનાળું વરસાદી પાણીથી ભરાઇ જતા વાહનચાલકોને હાલાકી પડી હતી.

સુરતના કલેક્ટરે તેજસ પરમારે જણાવ્યું હતું કે બંગાળની ખાડીમાં જે ડિપ ડીપ્રેશન થયું હતું તે ગુજરાત નજીક આવી પહોંચ્યું છે જેના કારણે સુરત શહેર અને જિલ્લામાં વરસાદની તીવ્રતા વધવાની સંભાવના છે. તકેદારીના ભાગ રૂપે તમામ તાલુકા વિકાસ અધિકારીઓ, મામલતદાર અને પ્રાંત અધિકારીને એલર્ટ કરાયા હતા.

સુરત શહેરમાં વરસાદી માહોલને અનુસંધાને જાહેર કરાયેલા રેડ એલર્ટને ધ્યાને લઇ મ્યુ. કમિશનર એમ.નાગરાજને પાલિકાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સ્થાનિક કક્ષાએથી વરસાદી પરિસ્થિતિનું સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. તેમણે સુરત મનપા દ્વારા લેવાઈ રહેલા પગલાં અંગે જાણકારી આપતા જણાવ્યું હતું કે, શહેરના લો લાઈન વિસ્તારમાંથી લોકોને સ્થળાંતર કરવાનું કાર્ય સતત ચાલી રહ્યું છે. વિદ્યાર્થીઓ, નાગરિકો, કામદારોની સુરક્ષાને ધ્યાને લેતા શાળા-કોલેજોની સાથે ડાયમંડ યુનિટો, ફેક્ટરીઓ કાપડ માર્કેટમાં પણ રજા જાહેર કરાઈ અને કોલેજોની સાથે માર્કેટ એસોસિયેશન દ્વારા પણ રજા જાહેર કરાઈ હતી.

# કચ્છમાં વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી બનશે: મહેસૂલ વિભાગનો નિર્ણય, કલેક્ટર હવે અન્ય શાખાના વર્ગ-૩ના કર્મીઓ બદલી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે ૩૦ જુલાઈ ૨૦૨૬ના રોજ એક મહત્ત્વપૂર્ણ ઠરાવ પસાર કરીને રાજ્યના વહીવટી માળખામાં મોટો અને સરાહનીય ફેરફાર કર્યો છે. કચ્છ જેવા ભૌગોલિક રીતે અત્યંત વિશાળ અને સરહદી વિસ્તારમાં વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી, સુદ્રઢ અને લોકાભિમુખ બને તથા પ્રજાજનોના કામોનો વિલંબ વિના નિકાલ થાય તેવા સ્પષ્ટ હેતુથી જિલ્લા કલેક્ટરને વર્ગ-૩ના કર્મચારીઓની આંતરિક બદલીઓ કરવાની વિશેષ સત્તાઓ સોંપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી જિલ્લાના કોઈ પણ દૂરસુદૂરના તાલુકામાં તાત્કાલિક સ્ટાફની જરૂરિયાત ઊભી થાય ત્યારે કલેક્ટર સત્વરે નિર્ણય લઈ શકશે.

અત્યાર સુધી મહેસૂલ વિભાગ હેઠળના નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની જિલ્લા પૂરતી બદલી કરવાની સત્તા જ કલેક્ટર પાસે હતી.

પરંતુ નવા ઠરાવ મુજબ, હવેથી તાકીદનાં વહીવટી કારણોસર કે અનિવાર્ય સંજોગોમાં, મહેસૂલ વિભાગ હેઠળના અન્ય ખાતાના વડાઓની જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ ના કર્મચારીઓની બદલી પણ કલેક્ટર કરી શકશે. જેમાં સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧, સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૨, સિનિયર સર્વેયર, સર્વેયર અને અન્ય ખાતાના કારકૂન જેવા હોદ્દાઓનો સમાવેશ થાય છે. આ ફેરબદલ માત્ર જે-તે જિલ્લાની ભૌગોલિક હદ પૂરતો જ સીમિત રહેશે.

જોકે, નવા ઠરાવમાં સ્પષ્ટ મર્યાદાઓ પણ નક્કી કરવામાં આવી છે. કલેક્ટર દ્વારા કરવામાં આવતી આ બદલીઓ જે-તે ખાતાના વડાના પોતાના મહેકમ પૂરતી જ સીમિત રહેશે, એટલે કે કલેક્ટર એક ખાતાના કર્મચારીની બદલી બીજા ખાતાની જગ્યા પર કરી શકશે નહીં. ઉદાહરણ તરીકે, સેટલમેન્ટ કમિશનરના તાબા હેઠળના સર્વેયર કે સિનિયર સર્વેયરની બદલી તેમના જ ખાતાની કચ્છ જિલ્લામાં આવેલી અન્ય કચેરી કે શાખામાં કરી શકાશે, પરંતુ તેમની બદલી નોંધણી સર નિરીક્ષકની કચેરી, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી કે કલેક્ટર કચેરી હસ્તકની જગ્યાઓ પર થઈ શકશે નહીં. સંબંધિત ખાતાના વડાઓની બદલીઓ અંગેની મૂળ સત્તાઓ યથાવત રાખવામાં આવી છે. વહીવટી તંત્રને મળેલી આ નવી સત્તાઓથી કચ્છ જિલ્લાની કચેરીઓની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તેમ માનવામાં આવી રહ્યું છે.

# મહેસાણામાં ચાર મહિનામાં ૧૩૧ સગીરા ગર્ભવતી બનતા ખળભળાટ: સરકારી વિભાગોની કામગીરી સામે ઊઠ્યા સવાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણામાં ૪ મહિનામાં ૧૩૧ સગીરાઓ ગર્ભવતી બનવાના ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગના એપ્રિલ ૨૦૨૬થી જુલાઈ ૨૦૨૬ના ૪ મહિનાના ડેટા અનુસાર, ૧૩૧ સગીરાઓ ચોપડે ગર્ભવતી નોંધાઈ હોવાની માહિતી સામે આવી છે. ત્યારે આ તમામ ૧૩૧ સગીરાઓ બાળ લગ્ન કે અન્ય કારણોસર ગર્ભવતી બની તે અંગે આરોગ્ય વિભાગે તપાસ શરૂ કરી છે.

રાજ્ય સરકારની આરોગ્ય વિષયક કામગીરી અને ટ્રેકિંગ માટે ઉપયોગમાં લેવાતી 'ટેકો' એપ્લિકેશનમાં નોંધાયેલા આંકડા મુજબ, જિલ્લામાં છેલ્લા ચાર મહિના દરમિયાન ૧૩૧ જેટલી સગીરાઓ ગર્ભવતી થઈ હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી અનુસાર એપ્રિલ ૨૦૨૬ થી જુલાઈ ૨૦૨૬ સુધીના ટૂંકા સમયગાળામાં જ ૧૩૧ જેટલી વયસ્ક ન થયેલી કિશોરીઓની ગર્ભવતી તરીકે નોંધણી કરવામાં આવી છે. આ આંકડો જાહેર થતાં જ જિલ્લાનું સરકારી તંત્ર,સામાજિક સંગઠનો અને ચાઇલ્ડ પ્રોટેક્શન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ હરકતમાં આવી ગઈ છે. સગીર વયે થતાં બાળલગ્નો અથવા અન્ય કારણોસર આટલી મોટી સંખ્યામાં ગર્ભવતી થયેલી કિશોરીઓની વિગતો બહાર આવતાં સમગ્ર જિલ્લામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

માત્ર ૪ મહિનામાં ૧૩૧ જેટલી સગીરા ગર્ભવતી બનવા પાછળ બે કારણો સામે આવી રહ્યા છે. દાવો થઈ રહ્યો છે કે, આટલો આંકડો સામે આવતા જિલ્લામાં મોટી માત્રામાં બાળ લગ્ન થયા હોઈ શકે છે, અથવા તો જિલ્લામાં દુષ્કર્મના કેસમાં વધારો થયો હોઈ શકે છે. ત્યારે હાલ તો આરોગ્ય વિભાગ આ ૧૩૧ સગીરાઓ બાળ લગ્નનો શિકાર થઈ છે કે પછી કોઈ અન્ય કારણોસર તે ગર્ભવતી બની તે અંગે તપાસ શરૂ કરાઈ છે અને નિયમ અનુસાર સમાજ કલ્યાણ વિભાગને આગળની કાર્યવાહી સોંપાઈ છે.

# રાજકોટમાં મકાન અને પાણી વેરા બાકીદારો માટે મનપાની વિશેષ યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: મહાનગરપાલિકાએ લાંબા સમયથી મકાન વેરો અને પાણી વેરો બાકી રાખનારા મિલકતધારકોને મોટી રાહત આપવાનો નિર્ણય કર્યો છે. મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી વિશેષ યોજનાના અંતર્ગત આગામી ૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધીના બે મહિનાના સમયગાળામાં જે વેરાદારો પોતાની બાકી રકમ સંપૂર્ણપણે ભરપાઈ કરશે તેમને વ્યાજમાં રૂ. ૫ હજાર સુધીની માફી આપવામાં આવશે.

મહાનગરપાલિકાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, આ યોજનાનો હેતુ વધુમાં વધુ બાકી વેરાની વસૂલાત કરવો અને નાગરિકોને રાહત આપવાનો છે. હવે આ યોજનાના કારણે મહાનગરપાલિકાના ખજાનામાં કેટલી બાકી રકમ જમા થાય છે તેના પર સૌની નજર રહેશે.

આ દરમિયાન શહેરની કેટલીક સરકારી કચેરીઓ અને સંસ્થાઓના મકાન વેરા અને પાણી વેરાના બાકી લેણાં અંગે પણ ચર્ચા થઈ રહી છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કેટલી રકમ બાકી છે અને તે યોજનાનો લાભ લેશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી જાહેર કરવામાં આવી નથી. મહાનગરપાલિકા તરફથી આ મુદ્દે આગામી સમયમાં વધુ સ્પષ્ટતા થઈ શકે છે.

# અમદાવાદના ધોળકામાં પિતા-પુત્રએ ચાંદીમાં ઊંચા વળતરની લાલચ આપી ૩૪ રોકાણકારના ₹ ૧૦.૬૭ કરોડ ખંખેર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના ધોળકામાં પિતા-પુત્રની જોડીએ ચાંદીમાં રોકાણ કરી ઊંચા વળતરની લાલચ આપી લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ધોળકામાં આવેલી વર્ષો જૂની 'હરિ જ્વેલર્સ'ના માલિક પિતા-પુત્રએ વર્ષ ૨૦૨૫માં ચાંદીના વધી રહેલા ભાવનો ફાયદો ઉઠાવી લોકોને રોકાણ કરવા માટે આકર્ષિત કર્યા હતા. તેમણે ચાંદીમાં રોકાણ પર દર મહિને ૨૦થી ૩૦ ટકા વળતર આપવાની લાલચ આપી ૩૪થી વધુ રોકાણકારો પાસેથી રૂ. ૧૦.૬૭ કરોડ ખંખેરી લીધા હતા. માત્ર બે મહિના વળતર આપ્યા બાદ ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા, જે પૈકી મુખ્ય બંને આરોપી ઘનશ્યામ સોની અને તેના પુત્ર યશ સોનીને પોલીસે ગુપ્ત બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. જ્યારે ત્રીજો આરોપી દીપ સોની હજુ પણ ફરાર હોય તેની શોધખોળ ચાલુ છે. હાલ બંને અમદાવાદ ગ્રામ્ય એલસીબીની કસ્ટડીમાં છે.

મળતી વિગત મુજબ લોકોએ રૂ.૪૦,૦૦૦થી લઈને રૂ.૫૦ લાખ સુધીનું રોકાણ કર્યું હતું. શરૂઆતના બે મહિના વળતર આપ્યા બાદ, ડિસેમ્બર ૨૦૨૫થી ત્રણેય આરોપીઓ ધોળકા છોડીને રાતોરાત ફરાર થઈ ગયા હતા. રોકાણકારોનાં નાણાં ડૂબતાં આંગણે ધોળકા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. પોલીસે છેતરપિંડીની રકમમાંથી આરોપીઓએ કેટલી અને ક્યાં-ક્યાં રોકાણ કર્યું છે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

# ગાંધીધામમાં ₹ ૫.૫૫ કરોડની ખંડણી મામલે સાત આરોપી જેલહવાલે: વધુ ₹ ૭ લાખ અને કાર રિકવર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેરના વેપારીનું દિનદહાડે અપહરણ કરી વિડીયો કોલ મારફતે રૂ.૫.૫૫ કરોડથી વધુની ખંડણી વસૂલવાના ચકચારી પ્રકરણમાં પકડાયેલા સાત આરોપીઓના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં,નામદાર કોર્ટે તમામ આરોપીઓને જેલહવાલે કરવા હુકમ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના વેપારી દિલીપ મજેઠિયાનું અપહરણ કરી તેમના દુબઇ રહેતા ભાઈ પાસે રૂ. ૫,૫૫,૨૭,૫૦૦ની ખંડણી માગવામાં આવી હતી. આ મામલે પોલીસે સઘન તપાસ ચલાવીને હર્ષ કિશોર તુલસીદાસ સહાદપુરી, રાજ દીપક ધનવાણી, ઈબ્રાહિમ જુસબ બુચડ, હુસેન જુસબ બુચડ, શબિર અભુ સાયચા, લક્ષ્મણ ઉર્ફે લચ્છુ લીલારામ હેમનાણી તથા સચિન વિકરાસ આનંદાનીની ધરપકડ કરી હતી.

પોલીસે અગાઉ આરોપીઓ પાસેથી રૂ. ૯,૬૮,૦૦૦ રોકડા અને ૧૧ મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. ત્યારબાદ પૂછપરછ દરમિયાન આરોપી ઈબ્રાહિમ બુચડ પાસેથી વધુ રૂ. ૬ લાખ રોકડા તેમજ ગુનામાં વપરાયેલી એક કાર રિકવર કરવામાં આવી હતી. રિમાન્ડની મુદત પૂર્ણ થતાં તમામ આરોપીઓને અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં વધુ રિમાન્ડ મંજૂર ન થતાં સાતેય શખસોને જેલહવાલે મોકલવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, ખંડણીની રકમમાંથી સાડા ચાર કરોડથી વધુની રકમ એક વોલ્ટમાં પડી છે, જ્યારે આરોપી રાજ ધનવાણી કેટલીક રકમ ગોવાના કેસિનો અથવા ઓનલાઈન ગેમિંગમાં હારી ગયો હતો.

દરમિયાન, આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીઓ જાવેદ અભુ સાયચા, રીઝવાન હુસેન ખીચા અને મોહિલ જુસબ બુચડ હજુ ફરાર છે. પોલીસે આ ત્રણ શખસોની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

# વડોદરામાં નવજાત બાળકની તસ્કરીનું રેકેટ ઝડપાયું: મુંબઇના ડૉક્ટર સહિત આઠ સામે ગુનો, આઠ દિવસના નવજાતનો ₹ ત્રણ લાખમાં સોદો

અમદાવાદ: વડોદરા ક્રાઇમ બ્રાન્ચે નવજાત બાળકોની તસ્કરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. માત્ર ૮ દિવસના માસૂમને વેચવા માટે મુંબઇ લઇ જવાતું હતું ત્યારે જ ક્રાઇમ બ્રાન્ચે બાતમીને આધારે વોચ ગોઠવી તરસાલી હાઇવે પરથી એક દંપતીને ઝડપી પાડી બાળકને મુક્ત કરાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર માસૂમ બાળકનો સોદો ૩ લાખમાં નક્કી કરવામાં આવ્યો હતો. પાટણના સુનીલ રાવળ નામના શખ્સે ૮ દિવસના નવજાત બાળકને મુંબઇના એક ડોક્ટરને સોંપવા માટે આપ્યું હતું. જો કે વડોદરા ક્રાઇમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી જતા તરસાલી હાઇવે પરથી દંપતીને ઝડપી લીધું હતું. પોલીસે સમગ્ર કેસમાં કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે નવજાતનાં માતા-પિતા, પાટણના સુનીલ રાવળ, બાળકની ખરીદી કરનાર મુંબઇના ડોક્ટર અને બાળકની હેરાફેરી કરનારા દંપતી સહિત ૮ લોકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બાળકને હાલ વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે.

# ગુજરાતના છ મહિનામાં ₹ ૩૮૦૪ કરોડના સોનાનું વેચાણ, પીળી ધાતુનો ભાવ વધતા લોકોએ રોકડી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વૈશ્વિક બુલિયન માર્કેટમાં સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે અને તેના કારણે ગુજરાત સહિત સમગ્ર દેશમાં સોનાનો ભાવ વધતા લોકોએ જૂનું સોનું વેચી રોકડી કરવાનું મુનાસિબ સમજ્યું છે, આ જ કારણે ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ગુજરાતમાં લગભગ ૩,૮૦૪ કરોડ રૂપિયાનું સોનું રોકડમાં વેચાયું છે. બીજી તરફ સોનાના ભાવમાં થયેલા તીવ્ર વધારાથી ઘરેણાની ખરીદી પર સ્પષ્ટ અસર પડી છે. ઘણા ગ્રાહકોએ કિમતો ઓછી થવાની આશામાં ખરીદી મુલતવી રાખી છે.

જો કે દેશના અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતમાં રોકડમાં સોનું વેચવાનું વલણ ઘણું ઓછું છે. અહીંના લોકો સામાન્ય રીતે રોકાણ કરવાની માનસિકતા ધરાવે છે. જોકે, ઘણા લોકોને ભંડોળની જરૂર હતી તેમણે સોનાના વેચાણ માટે રેકોર્ડ ભાવનો લાભ લીધો છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી) ના તાજેતરના રિપોર્ટ મુજબ, ભારતીયોએ આ વર્ષે જાન્યુઆરીથી જૂન દરમિયાન ૫૦.૪ મેટ્રિક ટન (એમટી) સ્ક્રેમપ સોનું (રોકડમાં સોનું વેચવું) હતું. મલ્ટી કોમોડિટી એક્સ ચેન્જ (એમસીએક્સ) પર સરેરાશ ત્રિમાસિક ભાવોના આધારે, રિસાયકલ કરેલા સોનાનું મૂલ્ય લગભગ રૂ. ૭૬,૦૮૭ કરોડ આંકવામાં આવ્યું હતું.

ડબલ્યુજીસીના અહેવાલ મુજબ, ઘણા ગ્રાહકોએ જૂનાં ઘરેણાંને નવાં ઘરેણાં માટે બદલવાનું અથવા લોન માટે સોનું ગીરવે મૂકવાનું પસંદ કર્યું, તેના બદલે તેને વેચવાનું પસંદ કર્યું, જ્યારે અન્ય લોકોએ ભાવમાં વધુ વધારો થવાની અપેક્ષા રાખીને તેમના હોલ્ડિંગ્સે જાળવી રાખ્યાં છે.

લોકોના આ વલણ અંગે સોનાના વેપારીઓએ

જણાવ્યું હતું કે ગુજરાતમાં પસંદગીના રોકડ વેચાણની સાથે સોનાના વિનિમય વ્યવહારોમાં પણ તેજી જોવા મળી રહી છે, ઘણા પરિવારો સોનાના ભાવમાં વધુ વૃદ્ધિની અપેક્ષાઓ સામે તાત્કાલિક નાણાકીય જરૂરિયાતોને સંતુલિત કરી રહ્યા છે. જો આગામી સમયમાં ભાવ વધશે તો હજુ પણ લોકો તેમના સોનાનું સારા ભાવે વેચાણ કરશે તેવી પણ વેપારીઓએ આશા વ્યક્ત કરી છે.

# નવસારીના ગણદેવા ગામમાં વીજકરંટથી ત્રણ મજૂરનાં મોત, ત્રણ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામ નજીક પસાર થઈ રહેલો એક ટેમ્પો અકસ્માતે વીજળીના વાયર સાથે અડી જતાં ટેમ્પોમાં સવાર મજૂરોને વીજકરંટ લાગતાં ૩ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

જ્યારે ત્રણ અન્ય મજૂરો ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર માટે ખારેલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે વધુ એક ગંભીર દર્દીને સુરત રિફર કરવામાં આવ્યો હતા. ઘટનાની જાણ થતાં જ ગણદેવી પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો અને ઇન્કવેસ્ટ પંચનામા સહિતની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, લાકડાં કાપવા માટે હળપતિ સમાજના નવ જેટલા શ્રમિકો ટેમ્પો દ્વારા કછોલી તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન ટેમ્પોને રસ્તા પર નીચો લટકતો વીજ વાયર અડી જતાં સમગ્ર વાહનમાં કરંટ પ્રસરી ગયો હતો. આ કરુણ ઘટનામાં ત્રણ મજૂરોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

આ કરુણ ઘટનાના પગલે ગણદેવી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સ્થાનિક લોકોમાં વીજ સલામતી અંગે તંત્રની બેદરકારી અંગે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જવાબદાર તંત્ર સામે યોગ્ય તપાસ તથા કાર્યવાહી કરવાની માગ કરી હતી.

# ગુજરાત સરકારનું રિઝોલ્યુશન, મનપા, નપાની ભરતીમાં નિવૃત્ત સૈનિકોને અનામત

## ક્લાસ ૧-૨માં ૧ ટકા, ક્લાસ ૩માં ૧૦ ટકા અને ૪માં ૨૦ ટકા અનામત

અમદાવાદ: ગુજરાત હાઇ કોર્ટમાં પૂર્વ આર્મી કર્મચારી દ્વારા જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. જેમાં ગુજરાતમાં આવેલી મહાનગરપાલિકાઓમાં કર્મચારીઓની પોસ્ટમાં પૂર્વ આર્મી કર્મચારીઓ માટે અનામતની માગ કરવામાં આવી હતી. શુક્રવારે સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ૨૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ રિઝોલ્યુશન કર્યું હતું. જે મુજબ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની ભરતીમાં પૂર્વ સૈનિકોને ક્લાસ ૧ અને ૨ માં ૧ ટકા, ક્લાસ ૩ માં ૧૦ ટકા અને ક્લાસ ૪ માં ૨૦ ટકા અનામત આપવામાં આવશે. આ અંગે મ્યુનિસિપલ કમિશનરને જાણ કરાઈ હતી.

અરજદારે અગાઉ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧ માં તેમને આ કોર્ટનો ઓર્ડર મળતા તેઓ સફળ થયા હતા, પરંતુ તેનો અમલ ન થતાં આ બીજી અરજી કરવામાં આવી છે. સેનેટરી ઇન્સ્પેક્ટર, ફાયર ઓફિસર વગેરે જેવી પોસ્ટ ઉપર પૂર્વ આર્મી કર્મચારીઓને અનામતનો લાભ આપવામાં આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા એક સ્વતંત્ર સંસ્થાન છે. આ સુનાવણીમાં જુદી જુદી કોર્પોરેશન વતી કેટલાક વકીલો હાજર રહ્યા હતા. જેઓએ જણાવ્યું હતું કે, પોલિસી જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા અમલ કરવામાં આવે છે, પરંતુ મહાનગરપાલિકાઓ સ્વતંત્ર સંસ્થાન હોવાથી તેઓ પોલિસીના અમલ માટે બંધનકર્તા નથી.

કોર્ટે કહ્યું હતું કે, સામાન્ય રીતે રાજ્ય સરકાર જે પોલિસી બનાવે તેને મહાનગરપાલિકાઓએ અપનાવવાની હોય છે. પૂર્વ આર્મી જવાનો જેવા સારા માણસો ક્યાં મળશે? કેટલીક જગ્યાઓ માટે તાલીમબદ્ધ અને શિસ્તબદ્ધ માણસોની જરૂર હોય છે. વકીલે જણાવ્યું હતું કે રાજ્યની પોલિસી અપનાવવામાં કોઈ વાંધો નથી.

હાઇ કોર્ટે કટાક્ષ કર્યો હતો કે કોર્પોરેશન આખી કોન્ટ્રાક્ટ ઉપર ચાલે છે! વર્ષો સુધી કર્મચારીને કોન્ટ્રાક્ટ પર લીધા બાદ તેને ચલાવવામાં આવે છે! રેગ્યુલર ભરતી મહાનગરપાલિકાઓ કરતી નથી! હા કોર્પોરેશન સ્વતંત્ર બોડી છે, પરંતુ હાઇ કોર્ટને વધુ ટિપ્પણીઓ કરવા મજબૂર ન કરો.

# ખેલાડીઓની ઈજા: ભારતીય ક્રિકેટ માટે સૌથી મોટો પડકાર

## હરીફ ટીમનો સામનો કરવા તૈયાર રહેવું એના કરતાં ખેલાડીઓની ફિટનેસનો મુદ્દો ટીમ મૅનેજમેન્ટ માટે વધુ કસોટીરૂપ હોય છે

સ્પોર્ટ્સમેન
સાશા
feedback@
bombaysamachar.com



ભારતીય ક્રિકેટ ટીમના તાજેતરના ઇંગ્લૅન્ડ પ્રવાસ દરમ્યાન સૌથી મોટી ચિંતા સ્કોર બોર્ડ ઉપરાંત ડ્રેસિંગ રૂમના મેડિકલ બુલેટિનની પણ હતી. લગભગ દરેક મૅચ બાદ કોઈને કોઈ ખેલાડી ઈજા પામ્યો હોવાની વાતો ચર્ચામાં રહેતી હતી. ક્યારેક શુભમન ગિલના તો ક્યારેક જસપ્રીત બુમરાહના સ્નાયુઓ ખેંચાઈ ગયા હતા જેને કારણે ભારતીય ટીમના પરિણામો પર વિપરીત અસર થઈ હતી. ખેલાડીઓ કેમ ઘાયલ થઈ રહ્યા છે વાત ત્યાં સુધી સીમિત નથી. ચિંતા એ વાતની છે કે શું ભારતીય ક્રિકેટ પોતાની સૌથી મોટી મૂડી એટલે કે ખેલાડીઓની ફિટનેસ ગુમાવવાના સૌથી મોટા જોખમની દિશામાં જઈ રહી છે કે શું?

વર્ષ દરમ્યાન એક પછી એક મૅચ, સિરીઝ કે ટૂર્નામેન્ટ રમતા રહેવું, ત્રણેય ફૉર્મેટમાં રમવાનું માનસિક અને શારીરિક દબાણ, આઇપીએલ, વિદેશ પ્રવાસોને લીધે થતો થાક અને રિકવરી ટાઇમની મર્યાદા પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે આધુનિક ક્રિકેટમાં માત્ર પ્રૅક્ટિસથી નહીં, પણ વિવિધ પ્રકારની વૈજ્ઞાનિક રિકવરીને લીધે ખેલાડી લાંબા સમય સુધી મેદાન પર ટકી શકે છે.

ઇંગ્લૅન્ડની સિરીઝે ભારતીય ક્રિકેટને સજાગ કરતો એ સંદેશ આપ્યો છે કે ખેલાડીઓની વધતી જતી ઈજાના કિસ્સાઓ પર જો અંકુશ નહીં લાવવામાં આવે તો ભવિષ્યમાં ભારતીય ક્રિકેટ ટીમ માટે સૌથી મોટો પડકાર હરીફ ટીમ નહીં, પણ પોતાના ખેલાડીઓની ફિટનેસનો હશે.

આજકાલ બૅટ્સમેનો ક્યારેક આંગળીની, ક્યારેક ખભાની અને ક્યારેક હેમસ્ટ્રિંગની ઇન્જરી (પગના ઉપલા ભાગમાં પાછળની બાજુએ ઈજા) સામે સતત ઝઝૂમી રહ્યા છે. ઘણી વાર એવું બને છે કે કોઈ ખેલાડીને જ્યારે કોઈ યોજનામાં સામેલ કરવામાં આવ્યો હોય છે ત્યારે જાણવા મળે છે કે તે ટેસ્ટ-મૅચના પહેલા જ દિવસે ઈજા પામ્યો અને ટીમની આખી યોજના પર પાણી ફરી વળ્યું છે.

સવાલ એ છે કે આખરે ભારતીય ક્રિકેટે હાલના દિવસોમાં આ ભારે સંકટ સામે કેમ ઝઝૂમવું પડી રહ્યું છે? વધુ પડતી પ્રૅક્ટિસનું તો આ પરિણામ નથીને? નિષ્ણાતો કહે છે કે ક્રિકેટમાં સફળતા માટે ભારે પરિશ્રમથી પ્રૅક્ટિસ કરવી જરૂરી હોય છે તો એના કરતાં પણ વધુ મહત્ત્વની છે ખેલાડીની ફિટનેસ. તેનું ફિટ હોવું વધુ જરૂરી છે. કારણ એ છે કે આજની ક્રિકેટ અગાઉ કરતાં અનેકગણી ઝડપી, વધુ વ્યસ્ત અને શારીરિક રીતે વધુ પડકારરૂપ થઈ ગઈ છે. ખેલાડીના શરીરને આરામ અને રિહૅબિલિટેશનની ઘણી જરૂર હોય છે, પરંતુ ખેલાડીઓને એ માટે પૂરતો સમય નથી મળતો હોતો. આ જ કારણસર ક્રિકેટ જગતમાં હાલના દિવસોમાં લૉડ મૅનેજમેન્ટ અને રિકવરી સાયન્સ કોચિંગના અવિભાજ્ય અંગ બની ગયા છે.



જસપ્રીત બુમરાહને વર્ષ દરમ્યાન વારંવાર ઈજા થતી હોય છે

ભારતીય ખેલાડી જ્યારે ઇંગ્લૅન્ડ જેવી પરિસ્થિતિઓમાં ક્રિકેટ રમે છે ત્યારે ત્યાં તેણે (ભારતીય બોલરે) લાંબા સ્પેલ બોલિંગ કરવી પડતી હોય છે જેના કારણે તેમના પર માનસિક અને શારીરિક દબાણ આવે છે. આ બાબત બૅટ્સમેનોને પણ લાગુ પડે છે, કારણકે ત્યાં બૅટિંગ કરવી આસાન નથી હોતી. એ ઉપરાંત, ફીલ્ડિંગ દરમ્યાન ખેલાડીઓએ લાંબા સમય સુધી ત્યાંની હવામાનમાં મેદાન પર ટકી રહેવું પડે છે અને પરિસ્થિતિ સાથે તાલમેલ રાખવો પડે છે. ઇંગ્લૅન્ડમાં મોસમ અને માહોલ ભારત કરતાં બિલકુલ અલગ હોય છે અને એને ઍડજસ્ટ થવું માથાફોડી કરવા જેવું છે અને એવું એ જ ખેલાડી કરી શકે છે જે ફિટનેસ વિશે નિયમિત રીતે સજાગ હોય. એ જ કારણ છે કે વિરાટ કોહલીએ ક્યારેય એવી સમસ્યાનો સામનો નથી કરવો પડતો. તેને આવી સમસ્યાઓ સામે લડતો ક્યારેય નથી જોયો. તે નવેમ્બરમાં ૩૮ વર્ષનો થશે અને આટલી મોટી ઉંમરે પણ તેમ જ ન રમતો હોય ત્યારે પણ ફિટનેસ વિશે જાગૃત હોય છે.

સામાન્ય રીતે ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાના ખેલાડીઓ ફિટનેસની બાબતમાં વધુ સંઘર્ષ કરતા હોય છે, કારણકે આ ખેલાડીઓ ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકાના પ્લેયર્સ જેવા કસદાર બાંધાના નથી હોતા. સાથે-સાથે, હવા-પાણીનો ફરક પણ કામ કરી જતો હોય છે

ભારતીય ખેલાડીઓ ખાસ પ્રકારના રિકવરી પ્રૉટોકૉલ અપનાવે છે જેમાં ખેલાડીઓને નિયમિત રીતે આઇસ બાથ, હાઇડ્રો થેરપી, સ્ટ્રેચિંગ, સ્પોર્ટ્સ મસાજ, કંપ્રેશન થેરપી, પૂરતી ઊંઘ તથા સંતુલિત પોષણની પ્રક્રિયામાંથી પસાર થતા હોય છે.

જોકે ક્યારેક કોઈક ખેલાડી આળસને લીધે કે પોતાના પર વધુ પડતો ભરોસો કરીને નિયમિત ફિટનેસની પ્રક્રિયા ટાળતા હોય છે. અમુક ખેલાડીઓ દરરોજ જિમ્નેશ્યન નથી જતા, કોઈ ખેલાડી ટીમ મૅનેજમેન્ટના કહેવા છતાં પૂરતી ઊંઘ નથી કરતા. પરિણામ એ આવે છે કે આવા ખેલાડી કોઈને કોઈ રીતે ઈજાનો શિકાર થઈ જાય છે.

ખેલાડીની રિકવરી પ્રક્રિયામાં પૂરતી ઊંઘ સૌથી મહત્ત્વપૂર્ણ હિસ્સો હોય છે અને ભારતીય ક્રિકેટ ટીમના ડ્રેસિંગ રૂમમાંથી બહાર આવતી વાતો પરથી જણાયું છે કે ભારતીય ખેલાડીઓને મોડી રાત સુધી જાગવાની આદત છે. તેઓ પથારીમાં પડ્યા પછી પણ કલાકો સુધી મોબાઇલ પર વાતચીત કરતા હોય છે જેને કારણે ટીમ મૅનેજમેન્ટની સજાગતાથી તૈયાર કરવામાં આવેલા રિકવરી પ્રૉટોકૉલનો પણ બહુ ફાયદો નથી થતો. ખેલાડીઓ ચુસ્તપણે ડાયટના પ્લાનને અનુસરતા નથી હોતા એવી ફરિયાદ પણ જાણવા મળી છે. તળેલો, ભુંજેલો અને મસાલેદાર ખોરાક ખાવો, ચોરી છુપીથી કોઈ પણ રીતે ‘પીવાની’ વ્યવસ્થા કરી લેવી. ભારતીય ખેલાડીઓ વારંવાર ઈજા પામતાં હોવા પાછળ આવી લાપરવાહી પણ જવાબદાર છે.

ખેલકૂદ સંબંધિત વિજ્ઞાનીઓ કહેતા હોય છે કે ખેલાડી દિવસના સાત કલાકની ઊંઘ પણ ન કરે તો તેના શરીરના ક્ષતિગ્રસ્ત અવયવો સમયસર અને પૂરતા સાજા નથી થઈ શકતા. પર્યાપ્ત પ્રૉટિન, કાર્બોહાઇડ્રેડ, ઇલેક્ટ્રોલાઇટ્સ અને પાણી શરીરને નવી ઊર્જા અપાવે છે. એટલે જ તો તમામ આધુનિક ટીમો ન્યૂટ્રિશનિસ્ટ તથા સ્લીપ સ્પેશ્યાલિસ્ટને પણ કોચિંગ સ્ટાફમાં રાખે છે. ભારતીય ક્રિકેટમાં સ્પોર્ટ્સ સાયન્સ પર વધુ લક્ષ તો આપવામાં આવી રહ્યું છે, પણ ખેલાડીઓને વારંવાર ઈજા થઈ રહી છે એ જોતાં આ દિશામાં હજી ઘણો સુધારો બાકી છે એમ કહી શકાય. ■

વર્તમાન ક્રિકેટ જગતમાં વિરાટ કોહલી જેવો ફિટ ખેલાડી બીજો કોઈ નથી


---

# બુવિકામાં ફ્યોર્ડ કિનારે જૂનાં ગીતો ને દેસી પાડોશી...

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

કોઈ પણ લાંબું વેકેશન જ્યારે છેલ્લા ચરણમાં પ્રવેશે છે ત્યારે એક સાથે ત્યાંથી હવે જલદી ઘરે પહોંચવાની અને ત્યાં વસી જવાની બંને ઇચ્છાઓ એકસાથે ઊમટી પડે. તેમાંય જો તે લેન્ડસ્કેપ નોર્વે જેવો હોય તો પછી રોજ દિવસમાં ઘણીવાર ત્યાંની જિંદગી જરા વધુ પડતા ઓક્સિજન અને તાજગીથી ભરેલી હોવાની ફીલિંગ આવતી જ રહે. તે સમયે ખુદને અવારનવાર યાદ અપાવ્યા કરવું પડતું કે નોર્વેમાં સમરમાં જે લાઇફ છે તે બારેમાસ નથી હોતી. અહીંનું વિન્ટર ડિપ્રેશન પણ એક હકીકત છે. તેમાંય ખાસ જ્યારે દિવસો સુધી ચોખ્ખી સનલાઇટ ન મળે તેવી જિંદગીનો નિર્ણય માત્ર ઉનાળાના અનંત લાગતા દિવસો પરથી ન કરી શકાય. લોકો શિયાળામાં નોર્ધર્ન લાઇટ્સ માટે નોર્વે જરૂર જાય છે, પણ નોર્ધર્ન લાઇટ્સની નવીનતાને સૂર્યપ્રકાશની જરૂરિયાત સાથે તો ન જ સરખાવી શકાય.






વળી પ્રવાસ દરમ્યાન કોઈ સ્થળની વાસ્તવિકતા ભાગ્યે જ જોવા મળતી હોય છે. એ સોશ્યલ મીડિયાનાં થોડાંક રીલ્સ પરથી જિંદગીભરના અભિપ્રાય બાંધી લેવા જેવું થાય. જોકે આજકાલ તેમાં પણ માહિતી ફિલ્ટર કરવાનું વધુ ને વધુ મુશ્કેલ બનતું જાય છે. ખાસ તો ઇન્ટરનેટ લોકોનો અભિપ્રાય બનાવવામાં હવે જે ભાગ ભજવે છે તે ઘણાં અંશે તો ડર લાગે તેવો થઈ ગયો છે. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જ્યાં જુઓ ત્યાં સ્કેન્ડિનિવિયન નોર્ધર્ન લાઇટ્સને એવી રીતે પ્રમોટ કરવામાં આવે છે કે આ નેચરલ એન્ગેજમેન્ટ ન હોઈ શકે તેવી શંકા થયા વિના ન રહે. તેમાં પણ છેલ્લાં થોડાં વર્ષોમાં સાઉથ કોરિયા અને થાઇ ફૂડ, મ્યુઝિક, પોપ કલ્ચરનો જે ઓવરડોઝ થયો છે તેમાં પણ ક્યાંક તો એન્ગેજમેન્ટ ફાર્મિંગની ગંધ આવી જાય છે. એક વાર પૂશ મળી જાય પછી તો લોકો આપોઆપ તે પ્રવાહમાં જોડાઈ જાય છે. તેમાંય સાયકોલોજિકલ એન્ગેજમેન્ટ એક્સપર્ટ્સની મદદથી એવી રીતે પ્લેટફોર્મ પર કન્ટેન્ટનું અલ્ગોરિધમ સેટ કરવામાં આવે છે કે લોકોને ‘ફોમો’ પણ જલદી ફીલ થવા લાગે. નોર્વે ગયા વિના, ગેધરિંગમાં ભાગ લીધા વિના, રેસ્ટોરાંમાં ગયા વિના પોતે જાણે પાછળ રહી જવાનાં હોય તેવું ડેસ્પરેશન ઊભું કરવામાં આવતું હોય તેવું લાગવા માંડે.

એવામાં નોર્વેમાં બાકી રહેલા થોડા દિવસ ફોન, ન્યૂઝ અને કામથી દૂર ખાસ કોઈ પણ જાતના અલ્ગોરિધમને યાદ કર્યા વિના માત્ર ટ્રોન્ડહાઇમના રસ્તે તે સમયમાં જ મગજ રાખીને ફરવાનું શક્ય બન્યું હતું. કેમેરા એક તરફ રાખીને ખાલી સ્થળને જાણવાની જિજ્ઞાસા સાથે ફરવામાં જાણે અલગ જ અનુભવ થતો હતો. પહાડોની પેટર્નમાં ડિઝાઇન દેખાતી હતી, ટ્રોલનાં સ્ટેચ્યુમાં માઇથોલોજિકલ વાર્તાઓ સંભળાતી હતી, દરેક સ્થળનું આગવું કેરેક્ટર ઊભરીને સામે આવતું હતું. હવે ઓલમોસ્ટ બે અઠવાડિયાંથી અમે નોર્વેની કંટ્રી સાઇડમાં આમ જ રખડી રહ્યાં હતાં, છતાંય જરાય કંટાળો નહોતો આવ્યો. આર્યા અને હું જે બુક્સ સાથે લઈને આવ્યાં હતાં તે દિવસ દરમ્યાન તો વાંચવાનો મેળ પણ નહોતો પડતો. રોજ કોઈ ને કોઈ પ્રકારની હાઇક પણ થઈ જ જતી હતી. એવામાં ટ્રોન્ડહાઇમ નજીક આવેલા ગામ બુવિકામાં અમે એક મજાનું રો-હાઉસ રેન્ટ કરેલું. ત્યાં બસ ફ્યોર્ડના કિનારે બાલ્કનીમાં બેસીને ગપ્પાં મારવાનો પ્લાન હતો. આ છેલ્લા ત્રણ-ચાર દિવસ ઘણાં શાંતિમાં વિતેલા.

અમે હાઇકનો પ્લાન પૂરો કરી ચૂકેલાં, અને લોફોટેન કે ટ્રોમ્સે આ વખતે જવાનું ન હતું, એટલે આગળની હાઇક નોર્વેની ભવિષ્યની ટ્રિપ માટે સાઇડમાં મૂકી દીધેલી, પણ રોજ કોઈ ને કોઈ કારણસર પંદર-વીસ હજાર સ્ટેપ્સ એમ જ થઈ જતાં હતાં.

ટ્રોન્ડહાઇમના સબર્બ જેવા બુવિકામાં ફ્યોર્ડના કિનારે ઘરમાં ચેક-ઇન કર્યા પછી પહેલાં તો સુપરમાર્કેટ ઊપડ્યાં. ત્યાંથી મજાની સ્થાનિક ફિશ, બેક્ડ ગુડ્સ વગેરે લાવીને ઘરે આવીને બાલ્કનીમાં ગોઠવાઈ ગયાં. સાથે જૂનાં રફીનાં ગીતો ચાલુ કર્યાં અને થોડી જ વારમાં બાજુની બાલ્કનીમાંથી એક ભારતીય કાકા બહાર આવ્યા. એ ગીત સાંભળીને જ બહાર આવેલા. નોર્વેમાં ટૂરિસ્ટ ટ્રેક પર ઓલરેડી ધાર્યા કરતાં ઘણાં વધુ ભારતીય પ્રવાસીઓ દેખાઈ ચૂક્યાં હતાં. છતાંય અહીં સાવ અજાણ્યા ખૂણામાં બુવિકામાં ભારતીય કાકાને જોઈને નવાઈ તો લાગે ને. વળી એ કંઈ ત્યાં ટૂરિસ્ટ ન હતા. એ તો ત્યાં જ રહેતા હતા. ચાલીસ વર્ષ પહેલાં તેમની નોર્વેજિયન પત્ની ભારત આવેલી, બંને પ્રેમમાં પડેલાં, અને પછી તેમની સાથે કાકા નોર્વે આવીને વસી ગયેલા. હવે બંને રિટાયર્ડ હતાં અને અહીં પાંચેક વર્ષ પહેલાં ઘર લઈને સેટલ થયેલાં. તેમને નોર્વેજિયન લાઇફ સારી માફક આવી ગઈ હોય એવું લાગતું હતું. તેમની સાથે અમે બાલ્કનીમાંથી જ ગ્લાસ ક્લિક કર્યા અને પછીના બે દિવસ તેમની સાથે બાલ્કનીમાં ગોષ્ઠિ થયા કરી.

ટ્રોન્ડહાઇમ શહેરમાં સવારથી સાંજ સુધી સમય વિતાવવાનો પણ પ્લાન હતો. જોકે અહીં બુવિકાના ઘરમાં બધાંને આરામ કરવાની એવી મજા આવી ગઈ હતી કે કોઈને તૈયાર થઈને બહાર નીકળવામાં ખાસ રસ ન હતો. ટ્રોન્ડહાઇમ ફ્યોર્ડ તો ઓલરેડી અમે આખું ઓળખી જ ચૂકેલાં. રાત્રે બાર-સાડા બાર વાગ્યે સંધ્યાકાળ પછી તરત જ સવાર પડી ગઈ હતી જે જોવા માટે બહાર નીકળી પડ્યાં. દોઢ વાગ્યે અજવાળામાં જ ઊંઘવું પડ્યું. સવારે તો નીચેના પેટિયો આગળ જઈને યોગા પણ કરી લીધું. અહીં જો સવારે ઊઠીને કામ પર ભાગવાનું હોત તો કદાચ આ દેશ એટલો એટ્રેક્ટિવ ન પણ લાગત. બાકી જર્મનીમાં પણ પહાડો અને કુદરત વચ્ચે પહાડો કે તાજી હવાની કમી નથી જ. ક્યારેક ઘરે પણ વેકેશન જેવી ફીલ તો લાવી શકાય તેવું છે. પ્રવાસમાં ખાસ નવી જગ્યાનો રોમાંચ કંઈ અલગ હોય છે. બુવિકા વિષે પણ જાણવા પ્રયત્ન કર્યો કે ત્યાં નોર્સ માયથોલોજીની કોઈ વાર્તાઓ હોઈ શકે. જોકે ત્યાં માત્ર હજારો વર્ષ પહેલાંનું નોર્વેજિયન સેટલમેન્ટ જ હતું અને તે ફીલ પણ કરી શકાતું હતું. દંતકથાઓવાળા ગામના માહોલની અલગ જ વાઈબ હોય. તેના માટે અમારે ટ્રોન્ડહાઇમ જવાનું હતું. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# સિક્કા-શંખ-સમાધિઃ મ્યુઝિયમની લાક્ષણિકતા

## વડનગરના સંગ્રહાલયનું ધ્યાનપૂર્વક અવલોકન કરવાથી જીવન વિકાસને સમજવાની તક મળે છે

ઈતિહાસ એટલે તવારીખ, વખતના ક્રમ પ્રમાણે નોંધાયેલી હકીકત, ભૂતકાળનું વૃત્તાંત, થઈ ગયેલ બનાવો અને એનું ઘાલમેલ કર્યા વગરનું વર્ણન...' એમ શબ્દકોશ કહે છે.

ઈતિહાસ ભણવો જોઈએ? નાઆઆઆ.... એવો તારસ્વરમાં જવાબ મળવાની ગેરંટી આપી શકાય. અલબત્ત, ઈતિહાસ એટલે કોઈ રાજા કે વંશનો માત્ર શાસનકાળ કે ફલાણું યુદ્ધ ક્યાં, ક્યારે અને કોની વચ્ચે થયું હતું એની કેવળ વિગતો પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. ઈતિહાસ અનેક બાબતો પર પ્રકાશ પાડે જેમાં સાંસ્કૃતિક પાસાનું પણ મહત્ત્વ હોય. આ દૃષ્ટિકોણથી પણ ઈતિહાસને સમજીએ તો મોહનદાસ નામના બાળકે કઈ રીતે મહાત્મા ગાંધી બની જગમાં આદર મેળવ્યો અને એડોલ્ફ નામનો કિશોર કેમ હિટલર બની અનાદર પામ્યો એનો ખ્યાલ આવે છે.

વડનગર મ્યુઝિયમમાં એવી કેટલીક ઐતિહાસિક બાબત સમાવાઈ છે જે જોવી, જાણવી અને સમજવી જરૂરી છે,જેમકે...

### સોના - ચાંદીના સિક્કાનો સંગ્રહ


સિક્કાના સંગ્રહમાં સિલ્વર કોઈન

સલામતી, બચત અને કટોકટીના સમયે કામ આવે એ આશય માટે ધનની સાચવણી એ ભારતીય પ્રજાની અને વિશેષ તો ગુજરાતીઓની લાક્ષણિકતા છે. વડનગરમાં મળી આવેલા સિક્કાઓના વિવિધ સંગ્રહમાંથી એક સંગ્રહ મ્યુઝિયમમાં પ્રદર્શનમાં રાખવામાં આવ્યો છે. 'આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા' દ્વારા ૨૦૧૫થી કરાયેલા ઉત્ખનનમાં કોડીઓ અને ચાંદીના સિક્કા પણ મળી આવ્યા હતા. રાજકીય અસ્થિરતાના સમયમાં સિક્કાઓનો સંગ્રહ કરવામાં આવતો હતો. સૌથી મોટા જથ્થામાં ૧૩૦૦ ઈન્ડો - સાસાની શૈલીના ચાંદીના સિક્કા છે જે એક હજાર વર્ષ જૂના ગુજરાતના સોલંકી વંશના શાસન વખતે ચલણમાં હોવાની માન્યતા છે. આ સિક્કા પર રાજાનો ચહેરો અને અગ્નિવેદી નજરે પડે છે. પર્શિયન સંસ્કૃતિના પ્રભાવનું આ પ્રતીક છે.

વડનગરમાં ટંકશાળ જેવી વ્યવસ્થા હશે જ્યાં આ પ્રકારના સિક્કા તૈયાર કરવામાં આવતા હતા એવું પુરાતત્ત્વ વિભાગના આર્કિયોલોજીસ્ટ અભિજીત આંબેકરનું માનવું છે. આ સિવાય ૧૧૭૫ કોડીઓ પણ મળી આવી જે લઘુ ઉદ્યોગ અને આર્થિક ક્ષમતા દર્શાવે છે. ઓછી કિંમતની - સસ્તી ચીજવસ્તુની ખરીદીમાં એનો વપરાશ થતો હશે એવો અંદાજ છે. આ સિવાય પંદરમી સદીનો એક સોનાનો સિક્કો પણ મળી આવ્યો છે, જે ઈજિપ્તના રાજવંશ સાથે સંકળાયેલો હોવાનું તારણ છે. આ વિગતો પરથી વડનગર વિદેશ વ્યાપાર સાથે પણ સંકળાયું હશે એમ જરૂર કહી શકાય. સિક્કા અને કોડી દટાયેલી અવસ્થામાં મળી આવ્યા છે એના પરથી સલામતી માટે પૈસા દાટી રાખવાની આદત પ્રાચીન કાળમાં પણ હતી એ સિદ્ધ થાય છે.

### શંખકામ ઉદ્યોગ


શંખઃ ધર્મ અને સજાવટનું પ્રતીક

વડનગરમાં શંખ એક વિશાળ ઉદ્યોગની નામના ધરાવતો હશે. શહેરના અસ્તિત્વના પ્રારંભિક સમયથી મધ્યકાલીન સમય સુધી આ ઉદ્યોગ વિકસ્યો હોવાના પુરાવા મળ્યા છે.

અહીં મળી આવેલા ટર્બિનેલા પિરમ શંખ, શંખની એક પવિત્ર અને પ્રખ્યાત દરિયાઈ પ્રજાતિ છે, જે તેના ધાર્મિક, સાંસ્કૃતિક અને પુરાતત્ત્વ મહત્ત્વ માટે જાણીતી છે. પવિત્ર શંખ કે દિવ્ય શંખ તરીકે ઓળખાતા આ શંખને હિન્દુ અને બૌદ્ધ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે. પૂજા-પાઠ, આરતી અને ધાર્મિક વિધિઓમાં તેનો વિશેષ ઉપયોગ થાય છે. મ્યુઝિયમમાં આપેલી જાણકારી અનુસાર આ પિરમ શંખની મદદથી વીસ હજારથી વધુ શંખની બંગડીઓ, મણકા અને પેન્ડન્ટ્સનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. સાદી, કોતરણીવાળી અને વીંધેલી રચનાઓ બનાવટમાં સતત બદલાવ દર્શાવે છે. આ નિરંતર ઉત્પાદન, કલાત્મક નવીનીકરણ અને વ્યાપક વેપાર સંબંધો દર્શાવે છે.

આ અવશેષોનું પ્રદર્શન વડનગરના રોજિંદા જીવનમાં શંખ કારીગરીના સંયોજનને પ્રગટ કરે છે. મ્યુઝિયમમાં આ માહિતી ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજીમાં આપવામાં આવી છે જેથી બિન ગુજરાતી સહેલાણીઓ પણ આ વારસાથી, આ પ્રવૃત્તિથી વાકેફ થાય. સારી વાત છે, પણ એક વાત ખટકી.

હિન્દી અને અંગ્રેજીમાં આપેલી માહિતીમાં ભાષાનો કોઈ દોષ નથી જ્યારે ગુજરાતીમાં આપેલી જાણકારીમાં શંખની બંગડીઓને બદલે **શ્ખંની બંગડીઆ** એવું દોષપૂર્ણ લખાણ નજરે પડ્યું. એ સમયે મેં સ્ટાફનું ધ્યાન ક્ષતિ પ્રત્યે દોર્યું હતું. એ ભૂલ સુધારાઈ કે નહીં ખબર નથી. અહીં દરેક યુગમાંથી શંખકામના અવશેષ મળ્યા છે. આ કલાનું સાતત્ય જળવાઈ રહ્યું હતું એનો આ પુરાવો છે.

આ કૌશલનો સીધો સંબંધ હડપ્પા યુગ સાથે જોડવામાં આવે છે. હડપ્પા યુગ પછી શંખકામ બંધ થયું અને અનેક સૈકા પછી શરૂ થયું એ પ્રકારની ધારણા આ વડનગરના ઉત્ખનનથી ખોટી પડે છે. વડનગર હડપ્પા કૌશલની મહત્ત્વની કડી છે.

### સમાધિવાલે બાબાજી



પ્રાચીન રમતોની જાણકારી

આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) - ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ નામની સંસ્થા દેશના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાની જાળવણી, સંરક્ષણ અને પુરાતત્ત્વીય ઉત્ખનનની જવાબદારી સંભાળતી સરકારી એજન્સી છે. સ્મારકોની સંભાળ રાખવી અને સંશોધન કરવું એ એની મુખ્ય કામગીરી છે. ૨૦૧૬ - ૨૦૧૯ દરમિયાન આ સંસ્થાએ વડનગરમાં વિશાળ પાયે ઉત્ખનન અને સંશોધનની કામગીરી બજાવી. વડનગરમાં આજે જે આર્કિયોલોજીકલ મ્યુઝિયમ ઊભું છે એના પાયામાં સંસ્થાનો પુરુષાર્થ છે.

વડનગરમાં ઉત્ખનન દરમિયાન માનવ અસ્થિના બે નમૂના મળી આવ્યા હતા. પુરાતત્ત્વની પ્રસિદ્ધ ડેટિંગ મેથડ (જમીનમાંથી મળેલા અવશેષો, સિક્કાઓ, વાસણોનો સમય કે યુગ નક્કી કરવાની પદ્ધતિ)થી એક અસ્થિ અંદાજે બે હજાર વર્ષ પ્રાચીન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. પુરાતત્ત્વમાં જૂથને ઉત્ખનન દરમિયાન પલાંઠી વાળીને ધ્યાન મુદ્રામાં બેઠેલું બીજું એક અસ્થિપિંજર મળી આવ્યું.

ડેટિંગ મેથડથી અભ્યાસ કરતા 'સમાધિવાલે બાબા' નામથી ઓળખાયેલા બીજા અસ્થિપિંજરના અભ્યાસ પરથી મધ્ય યુગીન સમયના તપસ્વીઓની પરંપરાનો ખ્યાલ આવ્યો. સમાધિ કે ધ્યાનસ્થ બેઠેલી અવસ્થામાં અસ્થિપિંજર મળી આવ્યું હોય અને એનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરી જાળવણી કરવામાં આવી હોય એવી આ વડનગરની સાઈટ ભારતની આ પ્રકારની ચોથી સાઈટ છે.


અગાઉ રાજસ્થાનના બાલાથલ, મધ્ય પ્રદેશમાં જબલપુર જિલ્લામાં ત્રિપુરી અને મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના અડમ સાઈટ પર આવા અવશેષ મળી આવ્યા છે. આ પ્રકારના અસ્થિપિંજરના અભ્યાસથી જે તે સમયની પરિસ્થિતિ અને વ્યવસ્થાનો ખ્યાલ આવે છે અને કાળક્રમે માનવજીવનમાં શું અને કેવા ફેરફાર થયા એ સમજાય છે.

આ સિવાય પણ વડનગરના અનંત અનાદિ પુરાતત્ત્વ અનુભવાત્મક સંગ્રહાલયમાં ઘરમાં વપરાતું રાચરચીલું, આપણી પ્રાચીન રમતો સહિત જોવા - જાણવા અને સમજવા જેવી અન્ય અનેક બાબતો પણ છે. એકવાર વડનગર જાઓ તો ધર્મસ્થાન ઉપરાંત આ મ્યુઝિયમ સહિત શહેરના અન્ય કલાત્મક વારસાસ્થળોની મુલાકાત જરૂર લેજો. કશુંક પામ્યાનો અનુભવ થશે. ■

ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# રહસ્યોનું આકર્ષણઃ માણસને સત્ય કરતાં રહસ્ય વધુ કેમ ગમે છે?



કોઈ માણસ અચાનક કહે કે, હું એવા દેશમાંથી આવ્યો છું જે તમારા નકશામાં નથી તો તમે શું કરશો? પહેલા હસશો. પછી કદાચ ગૂગલ કરશો. પછી વિચારશો કે જો આ ખરેખર સાચું હોય તો? બસ, અહીંથી માનવ મનની સૌથી રસપ્રદ સફર શરૂ થાય છે. માણસને રહસ્યો ગમે છે. એટલા ગમે છે કે ઘણી વાર સત્ય કરતાં રહસ્ય વધુ આકર્ષક લાગે છે.

વર્ષ ૧૯૫૪ની ચોમાસાની એક સાંજે લંડનના અતિ વ્યસ્ત હીથ્રો એરપોર્ટના ઇમિગ્રેશન કાઉન્ટર પર એક બહુ વિચિત્ર ઘટના બની. એક સુટેડ-બુટેડ મુસાફર પોતાનો પાસપોર્ટ બતાવે છે. પાસપોર્ટ અસલી હતો, એના પર દુનિયાના કેટલાય દેશોના ઓફિશિયલ સિક્કા મારેલા હતા. પણ ચોંકાવનારી વાત એ હતી કે એ પાસપોર્ટ પર દેશનું નામ લખેલું હતું : 'ટૌરેડ'

ઇમિગ્રેશન ઓફિસરો આશ્ચર્યમાં પડી ગયા, કારણ કે આખી પૃથ્વીના નકશા પર ટૌરેડ નામનો કોઈ દેશ જ નહોતો! જ્યારે એ માણસને નકશો બતાવવામાં આવ્યો અને સ્પેન તથા ફ્રાન્સની વચ્ચે આવેલા એક નાનકડા દેશ 'અંડોરા' પર આંગળી મૂકવામાં આવી, ત્યારે એ માણસ ગુસ્સે થઈ ગયો. એણે કહ્યું, અંડોરા નહીં, આ મારું ટૌરેડ છે અને એ હજારો વર્ષ જૂનો દેશ છે!

આ ઘટના પછી એ મુસાફરને એરપોર્ટની નજીક એક હોટેલના રૂમમાં કડક સુરક્ષા વચ્ચે રાખવામાં આવ્યો, પણ બીજી સવારે જ્યારે રૂમ ખોલ્યો ત્યારે એ માણસ અને એનો સામાન હવામાં ઓગળી ગયા હોય એમ ગાયબ હતા!

ટૌરેડ જેવા કિસ્સાઓ, બર્મુડા ટ્રાયેંગલ, લોચ નેસ મોન્સ્ટર, એરિયા૫૧, સમયયાત્રા કે એલિયન્સ આ બધી વાર્તાઓ કદાચ સાબિત નથી થઈ, છતાં કરોડો લોકો વર્ષો સુધી એને વાંચે છે, ચર્ચે છે અને ફરી-ફરીને શેર કરે છે. પ્રશ્ન એ નથી કે આ વાતો સાચી છે કે ખોટી. પ્રશ્ન એ છે કે આપણું મન આવી વાતોમાં આટલું ખેંચાઈ કેમ જાય છે?

મનોવિજ્ઞાન માને છે કે આપણું મગજ કોઈ પણ અધૂરી વાર્તા ચલાવી લેતું નથી. જર્મન મનોવૈજ્ઞાનિક બ્લૂમા ઝાઇગાર્નિકે શોધ્યું હતું કે અધૂરાં કામ અને અધૂરી વાર્તાઓ આપણા મગજમાં લાંબા સમય સુધી અટકી રહે છે.

જો કોઈ ફિલ્મનો અંત ખુલ્લો છોડવામાં આવે તો આપણે અઠવાડિયા સુધી એની ચર્ચા કરીએ. કોઈ નવલકથામાં એક સવાલનો જવાબ ન મળે, તો વર્ષો સુધી એ યાદ રહે. રહસ્ય આપણા મગજને એક જ ધંધે લગાડે છે, વિચારો વિચારો કદાચ જવાબ મળી જશે.

હજારો વર્ષ પહેલાં જંગલમાં રહેતો માણસ દરેક અવાજ, દરેક નિશાની અને દરેક અજાણી ઘટનાનો અર્થ શોધતો હતો. ઝાડીમાં ખખડાટ થયો હોય તો એ પવન હશે કે વાઘ? આ સવાલનો સાચો જવાબ જીવ અને મૃત્યુ વચ્ચેનો ફાંસલો બની જતો. આપણા પૂર્વજોના મગજે એક ટેવ વિકસાવી કે જે સમજાતું નથી, તેના વિશે વિચારતા રહો. આજેય એ જ મગજ કામ કરે છે. ફરક એટલો જ છે કે હવે વાઘની જગ્યાએ વોટ્સએપનો મેસેજ, યુટ્યૂબની રહસ્યમય રીલ કે કોઈ વાઇરલ વાર્તા આવી ગઈ છે.

અમેરિકન મનોવૈજ્ઞાનિક એલિઝાબેથ લોફ્ટસ વર્ષોથી માનવ સ્મૃતિ પર સંશોધન કરે છે. એમણે કહ્યું હતું કે માણસની યાદશક્તિ કેમેરા જેવી નથી. આપણે ઘણી વખત એવી ઘટનાઓ પણ સાચી માની લઈએ છીએ જે ક્યારેય બની જ નથી. મગજ ખાલી જગ્યાઓ પોતાની કલ્પનાથી ભરી દે છે. એટલે જ ઘણી લોકદંતકથાઓ પેઢી દર પેઢી જીવતી રહે છે. દરેક વાર્તાકાર તેમાં થોડું પોતાનું ઉમેરે છે અને એક દિવસ કલ્પના પણ ઇતિહાસ જેવી લાગવા માંડે છે.

ફિલોસોફી આ જ વાતને બીજી રીતે કહે છે. પ્લેટોની પ્રસિદ્ધ ગુફાની ઉપમા યાદ કરો. ગુફામાં બેઠેલા માણસોને દીવાલ પર પડતા પડછાયાં જ સત્ય લાગે છે. સોશ્યલ મીડિયા પર કોઈ રહસ્યમય વીડિયો જોઈએ, કોઈ ચમત્કારની વાત સાંભળીએ કે કોઈ અજાણી થિયરી વાંચીએ, તો આપણું મન તરત જ એને શક્ય માની લે છે, કારણ કે રહસ્ય હંમેશાં કલ્પનાને આમંત્રણ આપે છે, જ્યારે સત્ય મોટે ભાગે નિરસ હોય છે.

ક્રિસ્ટોફર નોલાનની ઇન્સેપ્શન હોય કે ઇન્ટરસ્ટેલર, ડેવિડ લિન્ચની ફિલ્મો હોય કે ધ મેટ્રિક્સ, દર્શકને સીધો જવાબ મળતો નથી. ફિલ્મ પૂરી થાય પછી જ અસલી ફિલ્મ શરૂ થાય છે. મગજની અંદર. કોફી હાઉસમાં, મિત્રો વચ્ચે, યુટ્યૂબના કોમેન્ટ બોક્સમાં અને પોતાના એકાંતમાં. કદાચ એટલા માટે આવી ફિલ્મો વર્ષો સુધી જીવંત રહે છે. જે ફિલ્મ બધું જ સમજાવી દે, તે બીજા અઠવાડિયે ભૂલાઈ જાય છે. જે ફિલ્મ થોડું અધૂરું છોડી દે, તે લાંબાં ગાળા સુધી યાદ રહે છે.

સાહિત્યનો ઇતિહાસ પણ રહસ્યોથી ભરેલો છે. જ્યોર્જ લુઇસ બોર્હેસે આખી જિંદગી એવાં પુસ્તકો લખ્યા જે વાંચીને લાગે કે આપણે કોઈ અદૃશ્ય ભુલભુલામણીમાં પ્રવેશી ગયા છીએ. ફ્રાન્ઝ કાફકાના પાત્રો એવી દુનિયામાં જીવતા હોય છે જ્યાં બધું સાચું પણ લાગે છે અને અસંભવ પણ. ગેબ્રિયલ ગાર્સિયા માર્કેઝના ગામમાં આકાશમાંથી ફૂલો વરસે છે, મૃતકો વાત કરે છે અને છતાં વાચકને બધું સહજ લાગે છે. કારણ કે કુશળ સાહિત્યકાર હકીકત લખતો નથી, હકીકત લાગતી કલ્પના સર્જે છે.

માણસના સંબંધોમાં પણ રહસ્યનું પોતાનું સ્થાન છે. કોઈ વ્યક્તિ પહેલી મુલાકાતમાં જ પોતાનું આખું જીવન ખોલી દે તો કદાચ રસ ઓછો પડે. પરંતુ ધીમે-ધીમે ઓળખાતી વ્યક્તિ જીવનભર રસ જાળવી રાખે છે. મિત્રતા હોય, પ્રેમ હોય કે વ્યવસાય થોડું અજાણ્યું હંમેશા સંબંધને જીવંત રાખે છે. કદાચ એટલા માટે જ આપણે કોઈ શહેરમાં પણ જાણીતા રસ્તા છોડીને અજાણી ગલીમાં ફરવાનું પસંદ કરીએ છીએ. પ્રવાસનો આનંદ ઘણીવાર ગંતવ્યમાં નહીં, પણ રસ્તાના રહસ્યોમાં છુપાયેલો હોય છે.

આજે સોશ્યલ મીડિયા પર વાયરલ થતી રહસ્યમય વાર્તાઓને જોઈને ઘણા લોકો કહે છે, લોકો કેટલા ભોળા છે! પરંતુ વાત એટલી સરળ નથી. જે વ્યક્તિ આવી વાર્તા બનાવે છે, તે માનવ મનને ખૂબ સારી રીતે સમજે છે. તેને ખબર હોય છે કે આંકડા કરતાં રહસ્ય વધુ વેચાય છે, પુરાવા કરતાં કલ્પના વધુ દોડે છે અને સત્ય કરતાં સવાલ વધુ લાંબો જીવે છે. આ માનવ સ્વભાવ છે, મૂર્ખાઈ નહીં.

કદાચ એટલે જ દુનિયા હજુ પણ રહસ્યોથી પ્રેમ કરે છે. બધાં રહસ્યો સાચાં નથી હોતા, પરંતુ દરેક રહસ્ય માણસના મન વિશે કંઈક સાચું કહી જાય છે. કદાચ ટૌરેડ નામનો કોઈ દેશ ક્યારેય હતો જ નહીં , પરંતુ આપણા દરેકની અંદર એક ટૌરેડ જરૂર છે. એક એવું સ્થળ , જેનો કોઈ નકશો નથી; જ્યાં કલ્પના રહે છે, વાર્તાઓ જન્મે છે અને મન થોડા સમય માટે રોજિંદા જીવનની સીમાઓ પાર કરી જાય છે. છેવટે, જીવન માત્ર જાણીતી જગ્યાઓ પર ચાલવાથી રસપ્રદ બનતું નથી. ક્યારેક નકશામાં ન દેખાતી ગલીઓમાં પણ ભટકવું પડે છે , કારણ કે માણસ ફક્ત સત્યથી જીવતો નથી તે રહસ્યો પર પણ જીવે છે. રહસ્યોના કારણે પુસ્તકો લખાય છે, ફિલ્મો બને છે, વૈજ્ઞાનિકો નવા પ્રશ્નો પૂછે છે.

**ધ એન્ડ**


*એક સામાન્ય માણસ રાતે સૂતાં પહેલાં હજુ પણ આકાશ તરફ જોઈને વિચારે છે : શું ખરેખર આટલું જ છે કે હજુ કંઈક બાકી છે ?!*

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# અંક, તમને જેન ઝીની ભાષા આવડે છે?

**અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાની ખીચડી બનાવીને જેન ઝીએ પોતાની જ ભાષા વિકસાવી છે. તેના મોઢે, આઈ એમ બેબી, શેક અ લેગ, નો સ્વેટ, ઑરા પ્લસ પ્લસ પ્લસ આવા શબ્દો સાંભળવા મળે તો તમને થઈ જશે કે આ હું કોઈ બીજા દેશમાં તો નથી આવી ગયોને?**




હમણાં જેનઝીની ચર્ચા ચારેકોર છે. જંતરમંતર પર થયેલા પેપર લીક વિરુદ્ધ આંદોલનમાં જેનઝીના લોકોની ગાળોસભર અને અત્યંત ખરાબ બરછટ લાગે તેવી ભાષાની ટીકા થઈ રહી છે. બચાવ કરનારા એવું કહી રહ્યા છે કે આ તેમની ભાષા છે... તેમની રુઢિ છે...

આપણે અહીં એની ચર્ચા નથી કરવી પણ જેનઝીના લોકો જો તમારી સામે આ ભાષામાં વાત કરે તો તમને ખબર પણ ન પડે કે તે શું કહી રહ્યા છે. અંગ્રેજીના શબ્દોને તોડી ફોડીને એના પરથી તેમણે પોતાની કોડવર્ડ ભાષા વિકસાવી છે, જેમકે અંગ્રેજીમાં કાકા, મામા, માસા, ફૂઆ ઇત્યાદિને અંકલ કહે છે. જેન ઝીને અંકલ બોલવું પણ અઘરું લાગે. તેથી તે Unc લખે અને બોલે અંક ! એક અક્ષર 'લ' બોલવામાં તેમને કેટલી તકલીફ પડી જાય! જે લોકો પોતે ભ્રમમાં જીવતા અથવા ખોટી માન્યતામાં જીવતા હોય તેમને ડેલુલુ (delulu) કહે છે. આ શબ્દ તેમને પોતાને કેટલો લાગુ પડે તે તે લોકો જ જાણે.

જેનઝીને કોઈ વાત ગમી જાય તો શું કહે ?

Wow, Amazing, Good, Best?

ના. તે તો કહેશે : Clock it...આમાં ઘડિયાળને કોઈ લેવાદેવા નથી. આ શબ્દ કેવી રીતે આવ્યો તે રામ જાણે.

જોકે 'ક્લોક ઇટ'નો અર્થ થાય છે કોઈ સાચી વાત- આકરી વાત, કે ચોંકી ઉઠાય તેવા અવલોકન સાથે સંમત થવું... ઈત્યાદિ

ઘણા લોકો આ શબ્દ ન બોલે તોય એકબીજા સાથે વાત થઈ જાય કે ભીડુ, તારી વાત સારી અથવા સાચી છે. તેના માટે અંગૂઠા પર તર્જની (પહેલી આંગળી) ભટકાવી લઈ લેવાની ક્રિયા વારંવાર કરવાની, જાણે કે ફોટો ન પાડતા હોય તેમ કરવાનું એટલે સામેવાળી વ્યક્તિ સમજી શકાય.!

આ ઉપરાંત તમે તેને 'You are serving' પણ કહી શકો. આનો અર્થ સામાન્ય રીતે તો એવો થાય કે તમે સેવા કરો છો, જમવાની વાત હોય તો પીરસો છો, પરંતુ જેન ઝી માટે તેનો અર્થ થાય છે તમે કોઈ મહાન અથવા કોઈ દીવાનું થઈ જાય તેવું કામ કરી રહ્યા છો. !

આ જ રીતે અંગ્રેજીમાં 'બડી' (Buddy) એટલે મિત્ર થાય. પરંતુ જો તમને જેન ઝીની કોઈ વ્યક્તિ


એમ કહે કે 'You are 10 on 10 baddie' તો તેનો અર્થ 'Bad' એટલે કે ખરાબ કહ્યા તો તેવું નથી. તેનો અર્થ થાય છે તમે ૧૦માંથી ૧૦ ગુણ મળે તેવું સારું કામ કર્યું છે...! જેન-ઝી માટે 'બેડી' (Baddie) 'ગુડી' (Goodie) છે.

હા, તમારે જેનઝીની આગળ છાકો પાડવો હોય તો તમે જેન-ઝીને એમ કહી શકો તેં Aura +++ કરી દીધો છે. તેનો અર્થ તેણે કોઈ સારું કામ કર્યું છે. Aura +++નો બીજો અર્થ એમ પણ થાય છે કે સામેવાળી વ્યક્તિ શાંત, ઠાવકી છે. તે સ્ટાઇલિશ છે. પ્રભાવશાળી છે, પરંતુ જો તમને આવીને તમારી દીકરી કે દીકરો એમ કહે કે આજે મારો ઑરા ડાઉન છે. નેગેટિવ છે તો સમજી લેજો કે બહેનબા કે ભાઈ, આજે કંઈક ઊંધુચત્તું, શરમમાં મૂકાવું પડે તેવું કરીને આવ્યા છે.. ! જોકે તેમને શરમ લાગે તે પણ મોટી વાત કહેવાય, નહીં?

જેન-ઝીની કોઈ વ્યક્તિ ભલે પંદર-વીસ વર્ષની હોય પરંતુ તે એમ કહે કે, 'હું બેબી છું.'

તો એમ ન સમજતા કે તે પોતાને બાળક સમજે છે, પરંતુ તેને જ્યારે લાગે કે આ કામ તેને નથી આવડતું અથવા નહીં ફાવે તો તે એમ કહીને ઊભી રહી જશે કે 'I am baby'.

જેન-ઝીની વ્યક્તિ જો તમને 'Shake a leg' ત્રણ-ચાર વાર કહે તો તમે શું સમજશો? તમને થશે કે જેન ઝી તો નાચવામાં ભારે રસ ધરાવે. એટલે આપણને પણ નાચવાનું કહેતી હશે. અને ત્રણ-ચાર વાર કહે તો તેને આગ્રહ માની તમે પણ નાચવા લાગશો, તો પણ તમારો 'ઑરા' ફરીથી 'ડાઉન' થઈ જશે. એટલે કે તમે શરમમાં મૂકાઈ જશો. 'Shake a leg' દ્વારા આ પેઢી એવું કહેવા માગે છે : 'જલદી કરો.!' ■



# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૨૩

'એ રાતે મને ઊંઘ આવતી ન હતી.

મને પરણાવી દેવાની મમ્મીની ઉતાવળ, મારા ભાઈનું બદલાયેલું વર્તન. આ રીતે બધાનું અહીં ખંડાલા આવવું. મમ્મીની છોકરાને જોવા જવાની વાત. મારા ભાઈનું સાથે આવવું. આ બધી ઘટનાઓ એકાએક બની નહોતી. મારું મન કહેતું હતું કે એ યુક્તિપૂર્વક ગોઠવાયેલું હતું. ભલું હશે તો મમ્મી જે છોકરાની વાત કરી હતી તે પણ તેમની યુક્તિનો એક ભાગ હશે. જેમ જેમ હું વિચારતી ગઈ તેમ તેમ રહસ્યો ખૂલવાં લાગ્યાં.'

'મને ઘરમાંથી દૂર કરવાની પહેલી જાળ પાથરવામાં આવી હતી જેમા હું છટકી ગઈ હતી. મને ભય હતો મારી મમ્મીનો. જે હેતુથી તેણે પપ્પા સાથે લગ્ન કર્યા હતા તે હેતુ બહાર આવ્યો નહોતો. તેણે સામે આવ્યા વગર મારા ભાઈને હાથો બનાવ્યો હતો. જ્યારે મને આ બધી બાબતો સમજાઈ ત્યારે મને ખરેખર બીક લાગવા માંડી. મારી સીક્સસ્થ સેન્સની ઘંટડી વાગવી શરૂ થઈ ગઈ હતી. મારે હવે સાવધ રહેવાનું હતું.'

'તમે એ લોકોથી અલગ શા માટે થઈ ગયા નહીં?'

'હું થોડી આદર્શવાદી અને આશાવાદી પણ છું. મને ઊંડે ઊંડે એવી ઈચ્છા હતી કે બધું બરાબર થઈ જાય. તમે માનશો એક તબક્કે મેં એવું વિચારેલું પણ ખરું કે મારે આટલું બધું રાખીને કરવું શું ? આમેય એ બધું કંઈ મારી કમાઈનું નહોતું. જો હું મારા ભાઈઓને વહેંચી નહીં દઉં તો રોજના ઝઘડા ઊભા જ રહેવાના હતા. બીજી વાત એ હતી કે એ ઘર મારું હતું. જો હું અલગ થાઉં તો એ બધાને બીજે રહેવા જવું પડે. અથવા તો મને પોતાને બીજે રહેવા જવું પડે. મારો વિચાર એવો હતો કે એકાદ બે વર્ષ પછી એક દિવસ બધાને ખુશ કરી દેવા. મને ચિંતા હવે મારી જાનની હતી.'

'એટલે તમારું ખૂન કે અપહરણ થઈ જાય એમ?'

'ના, મારી મમ્મી એટલી મૂર્ખ નહોતી કે એવું કંઈ કરાવે. મને લાગ્યું કે કદાચ મને કોઈ ખાવામાં કંઈ આપી દે અથવા કોઈ એવી યુક્તિ કરે કે મૃત્યુનું રહસ્ય જ બહાર ન આવે. આજે તો કેટલીય જાતના કેમિકલ બજારમાં મળે છે. તમે બચી બચીને કેટલી જગ્યાએથી બચો અને એ બધુ પેલી મિલકત સારું થાય જેની મેં કદી આશા રાખી નહોતી.'

'તમે તમારા પપ્પાને વાત કરી નહોતી?'

'કરી હતી ને. એક દિવસ અમે અમારી એક ફેમીલી ચેમ્બરમાં બેઠા હતા. મેં પપ્પાને મમ્મીની યાદ અપાવી. પપ્પાની આંખો ભીની થઈ ગઈ. મેં પપ્પાની ઈચ્છા જાણવાનો પ્રયત્ન કર્યો કે એમના મનમાં શું છે. મેં હળવેથી પૂછ્યું કે, પપ્પા મારો વિચાર એવો છે કે દાદાએ કરેલા વિલને કારણે જેને અસંતોષ પેદા થયો છે તે દૂર કરી દઉં. આપણે બેસીને વિચારી લઈએ કે સંજયભાઈને શું આપવું અને જયને શું આપવું. પપ્પા મારી સામે જોઈ રહેલા. તેમને એ ન સમજાયું કે મેં એમનો ઉલ્લેખ શા માટે નથી કર્યો. તેમણે મને કહ્યું, 'સોનલ તારા દાદાએ મારીય બાદબાકી કરી નાખી. આ ઊભું કરવામાં મારો કોઈ ફાળો નહોતો? મારા ઉપર એમને શા માટે અવિશ્વાસ આવ્યો? દાદાએ મને સાવ જ બાકાત રાખ્યો તેનાથી મને આઘાત લાગ્યો છે પપ્પાની વાતમાં એમનો અહમ ઘવાયાનું દર્દ હતું. મેં પણ એક પાસો ફેંક્યો, પપ્પા તમે જ કહો મારે શું કરવું જોઈએ?'

'બધું મને આપી દે. પપ્પાના હૈયામાં રમતી વાત હોઠે આવી ગઈ, તે સહજતાથી બોલી ગયા તેનું મને આશ્ચર્ય થયું. જોકે અમારા વચ્ચે હજુય લાગણીના તંતુ ટકી રહ્યા હતા. એમણે કદાચ એ લાગણીના દાવે જ કહ્યું હશે, તમે સંજય અને જયને પહોંચી વળશો?'

'એમની શું મજાલ છે કે મારી સામે થાય. અરે સાલ્લાઓને ઘરમાંથી જ કાઢી મૂકું.'

'સનત હું માણસની અંદર છુપાયેલા સ્વાર્થનું વરવું રૂપ જોઈ રહી હતી. એક સમય એવો હતા જ્યારે પપ્પાની તૂતી બોલતી હતી. હવે એમના હાથમાંથી સત્તા સરી ગઈ હતી. એટલે પોતાનો સમય પાછો મેળવવા ઈચ્છતા હતા. મને પપ્પા સાથે એ વાત કરવાની મજા આવતી હતી. મેં નવો સવાલ કર્યો, પપ્પા માની લ્યો કે હું બધું તમને આપી દઉં તો મારા ભાઈઓ મને જીવવા દે ખરા? અને મારું પણ મારે વિચારવું જોઈએ કે નહીં?'

'પપ્પા ઉત્સાહમાં હતા, અરે હું બેઠો છું ત્યાં સુધી તારે કોઈ ચિંતા કરવાની નથી. અને તારે તારા ભવિષ્યની ચિંતા થતી હોય તો તને જે જોઈએ જેટલું જોઈએ તે હકથી લઈ લેજે બસ.'

'તે પછી મને એટલું તો સમજાઈ ગયું કે સંજય બધું પોતાના હાથમાં રાખવા માગે છે. પોતાના નામે કરવા માગે છે. મમ્મીને પણ એમ છે કે બધું તેને મળે. તો પપ્પા ઈચ્છતા હતા કે એમની પાસે જ રહે. મને ખબર હતી કે એકવાર હું આ બધું એ લોકોને આપીશ તે સાથે જ નવું રાજકારણ શરૂ થઈ જશે. એનો શો અંજામ આવશે તેની પણ મને ખબર નહોતી.'

'સોનલ તમે ડરી કેમ ગયા?

'સનત જે ચીજની ઈચ્છા હોય અને તે મળે તો આનંદ થાય. મને તો એ કંઈ જોઈતું જ નહોતું. વળી તમે ધારો છો એટલું કંઈ સહેલું નથી. કરોડોના માલિક હોવું એટલે સાપનો ભારો સાથે લઈને ફરવા બરાબર છે. તેમાંય તમે જ્યારે એવા લોકોની વચ્ચે રહેતા હો જે તમને જીવતા જોવા જ માગતા ન હોય. એક વર્ષ મેં કેવી રીતે પસાર કર્યું છે તેની મને ખબર છે. તમને એ ખબર હશે કે મીડિયા તો મોટા આસામીઓના ઘરની કોઈ વાત બહાર આવે તેની વાટ જોતું હોય છે. હું એવું ઈચ્છતી નહોતી.'

'તો તમારે બધું મૂકીને ચાલતા થતાં કોણ રોકતું હતું?'

'મને રોકનાર બીજું કોઈ નહોતું, હું પોતે જ હતી. મારો આત્મા એમ કહેતો હતો કે તારાથી આમ ભાગી છુટાય નહીં. મેં કહેલી વાતને પપ્પાએ મમ્મી સામે જુદી રીતે વઘારી નાખી હતી તેની મને ખબર નહોતી. પપ્પાએ મમ્મીને કહ્યું કે સોનલ બધું છોડી દેવા માગે છે. પેલી સ્ત્રીને તો એટલું જ જોઈતું હતું. તેના મનમાંય પાપ હતું. તેણે પપ્પાને એવી કોઈ ગોળી ગળાવી કે પપ્પા હટી ગયા અને મમ્મી મેદાનમાં આવી ગઈ. પપ્પાએ જ મને એક દિવસ કહ્યું, 'સોનુ તું બધું મને આપવાનું વિચારતી હોય તો હું એમ કહીશ કે મારા બદલે તારી મમ્મી અને મારા બંનેના નામે કર. જો અમારા લગ્ન થયા ત્યારે મેં શરત મૂકી હતી કે તું બાળકની ઈચ્છા ન કરે તો જ આપણે લગ્ન કરીએ. તારી મમ્મીએ શરત માન્ય રાખી. સોનલ તેણે પોતાના માતૃત્વનો ભોગ આપ્યો છે.''

'મને ખ્યાલ આવી ગયો કે મમ્મીએ મોટો દાવ ખેલ્યો છે. જોકે મને ત્રીજો ભાઈ કે બહેન કેમ ન મળ્યો તેનું રહસ્ય પણ જાણવા મળ્યું. મેં તે વખતે તો પપ્પાને ટાળી દીધાં પણ એના કારણે એક નવો ફણગો ફૂટ્યો. મારી મમ્મી નચિંત થઈ ગઈ હતી. તેણે સંજય પરથી ધ્યાન હટાવ્યું. સંજય સમજી ગયો કે મમ્મી હવે રસ લેતી નથી. તેને શંકા ગઈ કે કંઈક રંધાઈ રહ્યું છે. વળી મારી મૂર્ખી મમ્મી સજી ધજીને શો રૂમ પર આવવા લાગી. તેનાથી સંજયની શંકા મજબૂત બની હતી. તેણે એકવાર મને પૂછ્યું, 'મમ્મી હમણાં કેમ અહીં આવે છે?' મેં હસતાં જવાબ આપેલો, 'તું એને જ પૂછ. તને કોઈ વાંધો છે?'

'તમે બધા એક થઈ ગયા છો. હું તમને બધાને જોઈ લઈશ. એવું બબડીને તે ચાલ્યો હતો. મારી ગમ્મત મને જ મોંઘી પડવાની હતી તેની મને ખબર નહોતી. તેણે એજ સાંજે મમ્મી સાથે ઝઘડો કર્યો. મમ્મીએ પણ જોશમાં આવીને એને બરાબરનું સંભળાવ્યું હતું. એ દિવસથી ફરી વાતાવરણ ડહોળાયું. એ વાતને લગભગ એકાદ મહિનો નીકળી ગયો એક દિવસ મારા સેલફોન પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો. બોલનાર પુરુષ હતો, 'આઈ વીલ કીલ યુ.'

'સાચું કહું તો હું ગભરાઈ ગઈ હતી. મેં રત્નાકરજીને આ વાત કરી. તેમણે મારી સાથે થોડી ચર્ચા કરી. બીજીવાર એવો જ ફોન આવે છે કે કેમ તે માટે વાટ જોવાનું કહ્યું. ચારેક દિવસ રહીને ફરી ફોન આવ્યો એ જ અવાજ, એ જ સ્ટાઈલ, એ જ શબ્દો. મેં ફરી રત્નાકરજી સાથે ચર્ચા કરી. રત્નાકરજીએ પોતાની રીતે આખી ડીટેઈલની પોલીસને જાણ કરી. જોકે આ બાબત કોઈ સમાચાર ન બને તેનું ધ્યાન રાખ્યું હતું. ફોન કરનારાએ અલગ અલગ નંબર પરથી ફોન કરેલો હતો. પોલીસે તપાસ કરી તો એ નંબર પબ્લિક બૂથના હતા. ત્રણ દિવસ પછી ફરી એ જ ફોન આવ્યો. આ વખતે એક એક શબ્દ વધારાનો હતો. 'બી એલર્ટ, આઈ વીલ કીલ યુ.' આ ડરામણા ફોનનો સીલસીલો ચાલુ જ રહ્યો. ક્યારેક એક દિવસમાં ચાર પાંચ વખત ફોન આવવા લાગ્યા. મારો નંબર પોલીસ વોચમાં મુકાયો હતો. પોલીસ મૂંઝવણમાં હતી કે અડધા કલાકમાં જ કોઈ એક વ્યક્તિ સાંતાક્રુઝ અને મસ્જીદ બંદરથી ફોન કઈ રીતે કરી શકે? હું સતત ચિંતામાં રહેતી કે હમણાં જ ફોન આવશે. ફોન કરનારા ભાગ્યે જ પકડાય છે. એક મહિના પછી ફોન બંધ થઈ ગયા. જોકે મારા કરતા રત્નાકરજીને વધારે ચિંતા રહેતી હતી. રત્નાકરજીને હવે મારા પરિવારના કોઈ વ્યક્તિ પર વિશ્વાસ નહોતો રહ્યો. એ દરમિયાન મને રત્નાકરજીએ દાદાજીનું પર્સનલ લોકર એકવાર જોઈ લેવાનું કહેલું. હું અને રત્નાકરજી એક બપોરે બેન્કમાં ગયા. હું પહેલીવાર દાદાજીનું લોકર ખોલી રહી હતી. હું ત્યાં એકલી જ હતી. મેં લોકર ખોલ્યું તો મારી આંખો જ ફાટી રહી. દાદાજીએ પણ શું ભેગું કર્યું હતું. એ ચીજોની કિમત હું આંકી શકું તેમ નહોતી. મેં બધું જોઈ તપાસી લીધું. કેટલીક નોંધો કરી અને બહાર આવી. મારો ચહેરો જોઈ રત્નાકરજીએ પૂછ્યું, 'ઇઝ એની પ્રોબ્લેમ?' મેં માથું ધુંણાવી ના પાડી.'

'વળતી વખતે મને વિચારો આવતા રહ્યા કે શા માટે મારે આવડી પીડાઓ વેઠવી? દાદાના લોકરમાં જેટલું પડ્યું છે તે કાફી છે. મનોમન હું એમ.વી. એન્ટરપ્રાઈઝ કોને સોંપવી, સંજયને શું આપવું એની ગણતરી કરતી હતી. તે વખતે મને બીજો પણ વિચાર આવ્યો. મારે ઈન્ડિયા છોડી દેવું. રત્નાકરજીની સલાહ અને મદદ લઈ ભારતને રામ રામ કરી દેવા. આવા વિચારો સાથે હું શો રૂમ પર આવી. ત્યારે પપ્પા, મમ્મી, સંજય અને મારી ભાભી જાણે મારી જ રાહ જોઈ રહ્યા હતા. અમારો શો રૂમ ઉપર નીચે છે. ઉપરના ભાગે અમારી સ્વતંત્ર ચેમ્બર્સ, વિઝીટીંગ રૂમ, સ્ટ્રોંગ રૂમ એ બધું છે. નીચેના ભાગે સેલ્સમેન તેમ જ અમારો સ્ટાફ હોય છે. ઉપર શું થાય છે તેની નીચે ખબર પડતી નથી. એ દિવસે અમારા સ્ટાફને કલ્પના પણ નહીં હોય કે મિલ્કત માટે ઉપર શું ખેલ ખેલ ખેલાઈ રહ્યો છે.'

'હું મારી ખુરશી પર બેઠી તે સાથે જ સંજય બરાડ્યો, 'સોનલ મને આજે ફેંસલો જોઈએ. જો તું બધું મમ્મી-પપ્પાને આપી દેવાની હોય તો સાંભળી લે, આઈ વીલ કીલ યુ.' સંજયના શબ્દો સાંભળી હું અને રત્નાકરજી ચોંક્યા. આ એ જ શબ્દો હતા જે છેલ્લા એક મહિનાથી મને ડરાવી રહ્યા હતા.

(ક્રમશઃ)■

> **અરે હું બેઠો છું ત્યાં સુધી તારે કોઈ ચિંતા કરવાની નથી... અને તારે તારા ભવિષ્યની ચિંતા થતી હોય તો તને જે જોઈએ જેટલું જોઈએ તે હકથી લઈ લેજે બસ.!**

---

**'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પોત | લોઢું |
| પોથી | પડ |
| પોપડો | પુસ્તકો |
| પોલાદ | ગુજરાન |
| પોષણ | સ્વરૂપ |

### જાણવા જેવું

પાણીને ઉકાળો એટલે વરાળ થાય. વરાળ એટલે ૧૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન પર પાણી ગરમ થતાં તેનું વાયુ રૂપે થતું રૂપાંતર. વરાળનાઢ વાદળાં બને છે અને તેને ઠંડી હવા લાગતા વરસાદ રૂપે પાણી થઈને પૃથ્વી પર પડે છે. પાણી જ્યારે વરાળ થાય છે ત્યારે વરાળને પાણી કરતાં ૧૬૦૦ ગણી જગ્યા જોઈએ છે.

### ગુજરાત મોરી મોરી રે

નોર્વેના જગપ્રસિદ્ધ નાટ્યલેખક હેન્રીક ઈબસનના કયા નાટકની ભૂમિકા દીના પાઠક અને અન્ય અભિનેત્રીઓએ ભજવી લોકપ્રિયતા મેળવી હતી?

અ) સપ્તપદી
બ) ઢીંગલી ઘર
ક) હિમ અંગારા
ડ) સાપસીડી

### નોંધી રાખો

નદી સમુદ્ર સુધી પહોંચે એ પહેલા રસ્તામાં એને અનેક પથ્થરો સાથે અફળાવું પડે છે. તેમ છતાં એ હિંમત હાર્યા વિના આગળ વધતી રહે છે.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | ૬ | | ■ | ■ | ૭ | ૮ | | |
| | ■ | ૯ | | ૧૦ | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | | ■ | ■ |
| ■ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | ■ | | ■ |
| ■ | ■ | ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ |
| ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | | ■ | |
| ૨૮ | | | | ■ | ■ | ૨૯ | | ૩૦ | |
| ■ | | ■ | | ■ | ૩૧ | | ■ | | ■ |

**આડી ચાવી**

૨. જીત, ફતેહ (૨)
૫. અસ્તવ્યસ્ત (૪)
૭. અગાઉથી આપેલી ખબર, સાવચેતી (૪)
૯. ભરોસો, પતીજ (૩)
૧૧. ડાક, પોસ્ટ (૩)
૧૨. ભરવાડ જેવી નાતનો એક માણસ (૩)
૧૪. હોઠ --- તો ઉત્તર ઝાઝા (૨)
૧૫. ઢોળાવ, ઉતાર (૨)
૧૭. માણસ --- ભૂલને પાત્ર (૨)
૧૮. ઠઠારો, ભપકો (૨)
૧૯. ધ્રાસકો, ફડકો (૨)
૨૧. બળ, કૌવત (૨)
૨૨. દુઃખ, કલેશ (૩)
૨૪. ઉત્કટ ઈચ્છા (વ્યસનની) (૩)
૨૬. એક ફરસાણ (૩)
૨૮. મોં પર પહેરાતો નકલી ચહેરો (૪)
૨૯. પ્રસ્તાવ, અરજી (૪)
૩૧. અપરાધ, ગુનો (૨)

**ઊભી ચાવી**

૧. --- તેવો ઓડકાર (૨)
૨. સ્વર્ગ (૩)
૩. વચલું (૩)
૪. ધોળું, શુભ્ર (૩)
૫. તિરસ્કાર, ફીટકાર (૩)
૬. ભિક્ષુક, માગણ (૩)
૮. શોધ, ખોળ (૩)
૧૦. વાતવાતમાં રીસાય જાય તેવું (૩)
૧૩. ચાર પાયાવાળું બેસવાનું એક આસન (૩)
૧૫. તલવારની જોડીદાર (૨)
૧૬. કાંટો (૨)
૧૭. બાધા, આખડી (૩)
૧૯. પ્રહસન (૩)
૨૦. દામન, સાડીનો છેડો (૩)
૨૨. જન્મમરણની ઘટમાળ (૩)
૨૩. હારેલું (૩)
૨૪. સિંહાસન (૩)
૨૫. પડી --- ભાત ફાટે પણ ફીટે નહીં (૩)
૨૭. લાડુ (૩)
૩૦. --- ખોદે તે પડે (૨)

**ગયા વખતનો ઉકેલ**

### ઓળખાણ પડી?



ભારત વતી ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ ઝડપનારા પ્રથમ બોલરની ઓળખાણ પડી? ઓલરાઉન્ડર હતા અને તેમનો પુત્ર પણ ટેસ્ટ ક્રિકેટ રમ્યો હતો.

અ) દિપક શોધન બ) જશુ પટેલ ક) વિનુ માંકડ ડ) વસંત રાંજણે

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'ઈસરો' દ્વારા સંચાલિત રોકેટ ઉડાન માટે મહત્ત્વ ધરાવતું 'સતીષ ધવન સ્પેસ સેન્ટર' કઈ જગ્યાએ સ્થિત છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) વારાણસી બ) તિરૂવનંતપુરમ ક) શ્રીહરિકોટા ડ) ઈચ્છલકરંજી

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૬, ૨૩, ૨૮, ૩૮, ૪૯ ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૪૯ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૮ બ) ૬૨ ક) ૬૩ ડ) ૬૯

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | | | | ૨ |
| ૪ | | ૯ | ૩ | | ૫ | ૮ | | ૬ |
| | ૮ | | ૪ | | ૬ | | ૧ | |
| | ૨ | | | ૮ | | | ૫ | |
| | | | ૫ | | ૪ | | | |
| | ૩ | | | ૧ | | | ૯ | |
| | ૫ | | ૨ | | ૭ | | ૮ | |
| ૭ | | ૨ | ૮ | | ૧ | ૪ | | ૩ |
| ૧ | | | | | | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૩ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૯ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૬ | ૭ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૫ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૮ | ૨ | ૭ | ૧ |
| ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૨ | ૯ | ૫ | ૬ |
| ૨ | ૭ | ૯ | ૫ | ૪ | ૩ | ૬ | ૧ | ૮ |
| ૧ | ૪ | ૩ | ૨ | ૮ | ૬ | ૭ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૮ | ૯ | ૧ | ૭ | ૩ | ૨ | ૪ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પોકળ | ખોટું |
| પોકાર | બૂમ |
| પોખરાજ | રત્ન |
| પોચું | નરમ |
| પોઠ | વણજાર |

ગુજરાત મોરી મોરી રે:
સવિતા દામોદર પરાંજપે

ગેરી સોબર્સ
હેરી બ્રુક

માઈન્ડ ગેમ :
૨૫૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
વિક્રમ સારાભાઈ

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ભરત કજરિયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે. મારુ (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કવેલ (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) વિજય આસર (૪૮) હિંમત ખોલીયા (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૫૦) રસિક જુઠાણી (ટોરન્ટો) કેનેડા

# સાઈકલ મિકેનિકની દીકરી જૂડોમાં ઐતિહાસિક કૉમનવેલ્થ ચૅમ્પિયન

## અસ્મિતા ડેએ જૂડોમાં દેશને અપાવ્યો ઐતિહાસિક ગોલ્ડઃ હર્ષ સિંહે દેશને આ રમતની મેન્સ કૅટેગરીનો પ્રથમ સુવર્ણ અપાવી દીધો

ગ્લોસગોઃ ભારતની અસ્મિતા ડેએ દેશને કૉમનવેલ્થ ગેમ્સમાં જૂડોની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અપાવ્યો છે. ભારત અગાઉ આ રમતની હરીફાઈમાં સિલ્વર અને બ્રૉન્ઝ જીત્યું હતું, પરંતુ ક્યારેય ગોલ્ડ હાથ નહોતો લાગ્યો, પણ હવે એક કલાકની અંદર બે ગોલ્ડ મળ્યા. અસ્મિતાએ ફાઇનલમાં કૅનેડાની હૈદી ક્વૉચને રોમાંચક અને નાટ્યાત્મક મુકાબલામાં હરાવીને વિજય મેળવ્યો હતો અને સુવર્ણચંદ્રક પર કબજો કરી લીધો હતો. તે કૉમનવેલ્થની જૂડોમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય બની છે. પુરુષોમાં હર્ષ સિંહે પણ પોતાના વર્ગની ફાઇનલ જીતીને સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. તે આ રમતોત્સવની જૂડોમાં ચૅમ્પિયન બનેલો બીજો ભારતીય અને પ્રથમ ભારતીય પુરુષ જૂડોકા બન્યો છે.

### એકસાથે બે ગોલ્ડ મળ્યા

૨૩ વર્ષની અસ્મિતા ત્રિપુરાની છે અને તેના પિતા સાઇકલ મિકેનિક છે. તેમણે પુત્રીને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવા ખૂબ સંઘર્ષ કર્યો હતો.







૨૩ વર્ષનો હર્ષ સિંહ અગાઉ ભારત વતી ગ્રાં પ્રિ સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂક્યો છે. હર્ષ સિંહની આ પહેલી જ કૉમનવેલ્થ છે. બન્નેએ ગોલ્ડ મેડલ જીતી લેતાં ભારતના કુલ ગોલ્ડ મેડલની સંખ્યા પાંચ ઉપર અને કુલ ચંદ્રકોની સંખ્યા ૧૯ ઉપર પહોંચી હતી.

પુરુષોની ૬૦ કિલો કૅટેગરીમાં ભારતના હર્ષ સિંહે ફાઇનલમાં ઑસ્ટ્રેલિયાના જોશુઆ કાટ્ઝને પરાસ્ત કર્યો હતો. ઑસ્ટ્રેલિયા આ વખતની કૉમનવેલ્થમાં હાઇએસ્ટ ૫૦થી વધુ ગોલ્ડ મેડલ અને કુલ ૧૧૫ ચંદ્રક જીત્યું છે, પણ હર્ષ સિંહે એના જૂડોકાને આ રમતમાં ગોલ્ડ નહોતો જીતવા દીધો. તેનો આ ઑસ્ટ્રેલિયન હરીફ ઑલિમ્પિક્સમાં ભાગ લઈ ચૂક્યો છે તેમ જ ઑસ્ટ્રેલિયાની નૅશનલ ચૅમ્પિયનશિપ અને ઑસનિયા ચૅમ્પિયનશિપ જીત્યો હતો, પણ હર્ષ સિંહ સામે તેનું કંઈ નહોતું ચાલ્યું.

### ૩૬ વર્ષ બાદ બે અપ્રતિમ સિદ્ધિ

કૉમનવેલ્થમાં જૂડોને ૧૯૯૦માં પ્રવેશ મળ્યો ત્યાર બાદ ક્યારેય ભારતીય સ્પર્ધકો ગોલ્ડ મેડલ નહોતા જીત્યા. ૩૬ વર્ષમાં ભારતને આ રમતની સ્પર્ધામાં બ્રૉન્ઝ અને સિલ્વરની સફળતા બાદ પહેલી જ વખત ગોલ્ડ મેડલ મળ્યો છે.

મહિલાઓની જૂડોમાં આ ૪૮ કિલો વર્ગનો મુકાબલો હતો જેમાં અસ્મિતા શરૂઆતમાં હરીફથી ઘણી પાછળ હતી. યુકો કૅનેડિયન જૂડોકાની તરફેણમાં જવા ઉપરાંત અસ્મિતાને પેનલ્ટી પણ અપાઈ હતી. જોકે અસ્મિતાએ જોરદાર કમબૅક કરીને તેને હરાવી દીધી હતી.

ચાર મિનિટના આ મુકાબલામાં એકંદરે અસ્મિતાએ જબરદસ્ત દૃઢતા બતાવી હતી. મુખ્ય મુકાબલાના સમયમાં બન્ને સ્પર્ધક એકસરખી સ્થિતિમાં હતી એટલે મુકાબલો ગોલ્ડન સ્કોર પિરિયડમાં ગયો હતો. આ નિર્ણાયક રાઉન્ડમાં પ્રથમ સ્કોરિંગ ઍક્શન પરથી વિજેતા નક્કી થાય છે અને એમાં અસ્મિતા જીતી ગઈ હતી.

અસ્મિતાએ ભયંકર પ્રેશરની સ્થિતિમાં ગજબની પ્રતિબદ્ધતા બતાવી હતી અને કૅનેડિયન હરીફથી પાછળ રહ્યા બાદ તેને માત આપી હતી. ■

# દરજીનો દીકરો માત્ર એક કિલો ઓછું વજન ઊંચકી શક્યો એટલે ગોલ્ડ ચૂક્યો, સિલ્વર મેળવ્યો

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): ૭૪ દેશ વચ્ચેની કૉમનવેલ્થ ગેમ્સમાં ભાગ લઈ રહેલા ભારતીય સ્પર્ધકોમાં કોઈ ખેતમજૂરનું સંતાન છે તો કોઈ બિલ્ડિંગના બાંધકામમાં મજૂરી કરનારનું, કોઈ સ્પર્ધકના માતા-પિતા ગરીબીમાં સંઘર્ષભર્યું જીવન વીતાવી રહ્યાં છે તો કોઈ દિવ્યાંગ હોવાથી પરિવારનું પૂરતું ભરણપોષણ નથી કરી શક્તા અને આવા માહોલમાં ગુરુવારે એક એવા પરિવારના યુવાને મેડલ જીતી લીધો જેના પિતા દરજી છે અને દાદા શાકભાજી વેચે છે. આ યુવા વેઇટલિફ્ટરથી સુવર્ણચંદ્રક ગુરુવારની ઇવેન્ટમાં એક કિલો છેટો રહી ગયો હતો. તે પંજાબમાં પાકિસ્તાન સાથેની સરહદ પર અમૃતસર જિલ્લાના બાલ સિકંદર ગામનો છે. તેને વેઇટલિફ્ટિંગમાં કરીઅર બનાવવા તેના પરિવારે સંઘર્ષના સમયમાં પણ ખૂબ પ્રેરણા આપી છે.



આપણે વાત કરી રહ્યા છીએ પંજાબના લવપ્રીત સિંહની જેણે વેઇટલિફ્ટિંગમાં ૧૧૦+ કિલોગ્રામ વજનની કૅટેગરીમાં કુલ ૩૮૮ કિલો વજન ઊંચકીને સિલ્વર મેડલ મેળવ્યો હતો. ન્યૂ ઝીલૅન્ડના ઍન્ડ્રયૂ લિટીએ (લવપ્રીત સિંહ કરતાં એક કિલો વધુ એટલે કે) ૩૮૯ કિલો વજન ઊંચકીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

લવપ્રીત સિંહે સ્નૅચમાં આ વર્ગના નવા કૉમનવેલ્થ રેકૉર્ડ સાથે ૧૭૬ કિલો વજન ઊંચક્યું હતું. લિટીએ આ કૅટેગરીમાં ૧૬૬ કિલો વજન ઊંચક્યું હતું. એ રીતે, સ્નૅચમાં લવપ્રીત તેનાથી ઘણો આગળ હતો, પરંતુ ક્લીન ઍન્ડ જર્કમાં લવપ્રીતથી લિટી ઘણો આગળ નીકળી ગયો હતો. લવપ્રીતનું એમાં ૨૧૨ કિલો વજન હતું, જ્યારે લિટીએ ૨૨૩ કિલો વજન ઊંચક્યું હતું. ક્લીન ઍન્ડ જર્કના મોટા ફરકને લીધે લિટી મેદાન મારી ગયો હતો. ઇંગ્લૅન્ડનો ઍન્ડ્રયુ ગ્રિફિથ ૩૫૬ કિલો (સ્નૅચમાં ૧૬૫ કિલો અને ક્લીન ઍન્ડ જર્કમાં ૧૯૧ કિલો) બ્રૉન્ઝ જીત્યો હતો.

લવપ્રીત સિંહ ૨૦૨૨ની કૉમનવેલ્થમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો અને આ વખતે તે સિલ્વર સાથે એક સ્તર આગળ આવ્યો છે. ભારતે આ વખતે લવપ્રીતની ઇવેન્ટના અંત સુધીમાં (વેઇટલિફ્ટિંગમાં) કુલ આઠ મેડલ મેળવ્યા છે જેમાં એક ગોલ્ડ, છ સિલ્વર અને એક બ્રૉન્ઝનો સમાવેશ છે. ■

# કૉમનવેલ્થમાં કુસ્તી નથી તો શું થયું, ભારતીય મહિલાઓ વર્લ્ડ કપમાં મેડલ જીતી

બાકુ (અઝરબૈજાન): આ વખતની કૉમનવેલ્થ ગેમ્સમાં રેસલિંગ (કુસ્તી)ની હરીફાઈઓ નથી રાખવામાં આવી એટલે ભારતને ઓછા મેડલ મળી રહ્યા છે, પરંતુ અઝરબૈજાનમાં ગુરુવારે ભારતની મહિલા કુસ્તીબાજોએ કેટલાક મેડલ જીતીને એ ખોટ નહોતી વર્તાવા દીધી.

અઝરબૈજાનમાં આયોજિત ફ્રીસ્ટાઇલ કુસ્તીની અંડર-૧૭ વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભારતીય મહિલાઓએ અલગ કૅટેગરીમાં કુલ ત્રણ મેડલ જીતી લીધા હતા જેમાં એક સિલ્વર અને બે બ્રૉન્ઝનો સમાવેશ હતો.

ભારતની મહિલા કુસ્તીબાજોએ અન્ય દેશોની પોતાનાથી ઘણી ચડિયાતી હરીફોને પરાસ્ત કરીને વિવિધ ચંદ્રકો પર કબ્જો કર્યો હતો.

૫૭ કિલો વજનની કૅટેગરીમાં નિકિતા સેહરાવતે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ફાઇનલમાં અમેરિકાની એપનેસા એલિસન સામે નિકિતાનો ૦-૬થી પરાજય થતાં તેણે રજતચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો.

૪૯ કિલો વજનની કૅટેગરીમાં ભારતની કામના બાબલે રશિયાની એરિના સાઈદીવાને ત્રીજા સ્થાન (બ્રૉન્ઝ મેડલ) માટેના પ્લે-ઑફમાં ૩-૨થી પરાજિત કરીને કાંસ્યચંદ્રક જીતી લીધો હતો.

૭૩ કિલોની કૅટેગરીમાં ભારતની ગરિમાનો મુકાબલો સ્પેનની પોઉલા બેનઈક્સા પરેઝ સામે હતો જેમાં ગરિમાએ ટેકનિકલ સિસ્ટમમાં ચડિયાતા પર્ફોર્મન્સ બદલ જીતીને કાંસ્યપદક મેળવી લીધો હતો. ■

કૉમનવેલ્થ ગેમ્સ

# માતા બન્યા પછી હવે પીએચડી કરી રહેલી ભારતની સીમા 'નિષ્ફળતાઓ' બાદ સફળ




ગ્લાસગોઃ ભારતની ૨૭ વર્ષની ડિસ્કસ થ્રોની ઍથ્લીટ સીમા કાલીરમન ગુરુવારે અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં મહિલાઓની ડિસ્કસ થ્રોમાં ત્રીજા નંબર પર આવીને બ્રૉન્ઝ મેડલ જીતી એ સાથે તેના અંગત જીવનની વાતો વાઇરલ થવા માંડી જેમાં સૌથી મહત્ત્વની બે બાબત એ છે કે તે ચાર વર્ષ પહેલાં પ્રથમ બાળકને જન્મ આપ્યા બાદ ગયા વર્ષે નૅશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી હતી અને હાલમાં તે પીએચડી કરી રહી છે.

હરિયાણા રાજ્યના ભિવાની જિલ્લાની સીમા ગુરુવારે કૉમનવેલ્થમાં જે સંઘર્ષ અને નિષ્ફળતાઓની વચ્ચે મેડલ જીતી એની વાત કરતાં પહેલાં આપણે તેના અંગત જીવન વિશે થોડું જાણી લઈએ. તેનો દીકરો ચાર વર્ષનો છે. ચાર વર્ષ પહેલાં તેણે પુત્રને જન્મ આપ્યો એ પહેલાં પ્રેગ્નન્સી દરમ્યાન તેમ જ માતા બન્યા બાદ તેને કેટલીક શારીરિક તકલીફો થઈ હતી. તેને સંધિવાની બીમારી થઈ હતી તેમ જ ઘૂંટણમાં ઈજા પણ થઈ હતી. જોકે તેને પતિ તેમ જ પરિવાર તરફથી બહુ સારો સપોર્ટ મળ્યો હતો જેને કારણે તે કૉમનવેલ્થમાં ચંદ્રક જીતવા સુધીની સફર કરી શકી. ચશ્માંધારી સીમાને ગુરુવારે ડિસ્કસ થ્રોમાં મેડલ જીતવા માટે કુલ છ રાઉન્ડમાંથી ત્રીજા રાઉન્ડના ૫૮.૬૫ મીટરના અંતરે કાંસ્યચંદ્રક અપાવ્યો હતો. ત્રીજા રાઉન્ડ પછીના ત્રણેય રાઉન્ડમાં તેના થ્રોમાં ક્ષતિ હોવાને લીધે એ રાઉન્ડમાં તેણે નિષ્ફળતા જોવી પડી હતી. જોકે ૫૮.૬૫ મીટરના થ્રોએ તેને બ્રૉન્ઝ અપાવ્યો હતો. જમૈકાની સામન્થા હૉલ (૬૧.૬૬ મીટર) ગોલ્ડ મેડલ અને કૅનેડાની જુલિયા ટન્ક્સ (૬૦.૬૭ મીટર) સિલ્વર મેડલ જીતી હતી.

આ જ સ્પર્ધામાં ભારતની નીધિ રાની એક તબક્કે ડિસ્કસને ૫૫.૬૭ મીટર દૂર ફેંકીને ત્રીજા નંબર પર આવી ગઈ હતી, પણ ભારતની જ તેની હરીફ સીમાએ ડિસ્કસ ૫૭.૩૨ મીટર દૂર ફેંકીને તેના હાથમાં ત્રીજું સ્થાન આંચકી લીધું હતું. ભૂતકાળમાં ભારતની સીમા પુનિયા કૉમનવેલ્થમાં ડિસ્કસ થ્રોમાં ત્રણ સિલ્વર અને એક બ્રૉન્ઝ જીતી હતી. ભારતીયોમાં માત્ર ક્રિષ્ના પુનિયા (૨૦૧૦માં) અને વિકાસ ગોવડા (૨૦૧૪માં) ગોલ્ડ મેડલ જીત્યા છે. ■

# ઑક્ટોબરમાં બ્રાઝિલના બધા મુખ્ય ફૂટબોલર ભારતમાં રમશે, પણ ટિકિટ મોંઘી હશે

કોલકાતાઃ બ્રાઝિલના મહાન ખેલાડી પેલે ભારત આવ્યા હતા એના પાંચ દાયકા બાદ ફરી એક વખત બ્રાઝિલની નૅશનલ ટીમના ખેલાડીઓ ભારત આવશે. આઇકૉનિક યલો જર્સીમાં સજ્જ બ્રાઝિલના ખેલાડીઓની આગામી ત્રીજી ઑક્ટોબરે 'સિટી ઑફ જૉય' તરીકે જાણીતા કોલકાતા શહેરના સૉલ્ટ લેક સ્ટેડિયમમાં ભારત વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડ્લી મૅચ રમાશે. જોકે એ ઐતિહાસિક મૅચ માટેની ટિકિટનો ભાવ ઊંચો રહેશે એવી પાક્કી સંભાવના હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

બ્રાઝિલ પાંચ વખત વર્લ્ડ કપ જીતી ચૂક્યું છે. ભારત આવનારી બ્રાઝિલની ટીમમાં કૅપ્ટન માર્કિન્યૉસ, કેસમિરો, મૅથ્યૂઝ કુન્હા, એન્ડ્રિક, ગૅબ્રિયલ મૅગલહેસનો વગેરેનો સમાવેશ હશે. વિનિસિયસ જુનિયરના આવવાની પણ સંભાવના છે. નેમાર હવે નિવૃત્ત થઈ ગયો છે. બ્રાઝિલની રાષ્ટ્રીય ટીમના તમામ મુખ્ય ખેલાડીઓ (જો કોઈને ઈજા નહીં થાય તો) ભારત આવશે.

સપ્ટેમ્બર, ૧૯૭૭માં બ્રાઝિલના મહાન ફૂટબોલર પેલે પોતાના દેશની ટીમ સાથે ભારત આવ્યા હતા અને એ ટીમ સામે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં મોહન બગાનની ટીમનો ફ્રેન્ડલી મૅચમાં મુકાબલો થયો હતો.

ભારતીય ફૂટબોલરને થોડા મહિનાઓથી વિશ્વના જાણીતા ફૂટબૉલ રાષ્ટ્રો (કૅનેડા, જમૈકા, ઝિમ્બાબ્વે) સામે રમવાનો મોકો મળ્યો છે અને હવે બ્રાઝિલની ટીમ પણ ઑક્ટોબરમાં ભારત આવવાની છે એ જોતાં નજીકના ભવિષ્યમાં ૨૦૨૨ના વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાની ટીમ પણ ભારત આવશે એ નકારી ન શકાય. ■

# દિલ્હીની કૉમનવેલ્થ ટેબલ ટેનિસમાં ભારતીયો બન્ને ટીમ ટાઇટલ જીત્યા

## ૧૪માંથી ૧૧ ભારતીય સિંગલ્સની પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં

નવી દિલ્હીઃ સ્કૉટલૅન્ડના પાટનગર ગ્લાસગોમાં કૉમનવેલ્થ ગેમ્સ ચાલી રહી છે ત્યારે ભારતની રાજધાની દિલ્હીમાં કૉમનવેલ્થ ટેબલ ટેનિસ ચૅમ્પિયનશિપ્સ રમાઈ જેમાં ગુરુવારે ભારતીયોએ સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું અને પુરુષ તથા મહિલા, બન્ને વર્ગમાં ભારતે ટીમ ટાઇટલ જીતી લીધા હતા. ભારતીય ટીમમાં ખાસ કરીને બે ગુજરાતી ખેલાડી માનુષ શાહ અને માનવ ઠક્કરનો સમાવેશ હતો. હરમીત દેસાઈ પણ આ ચૅમ્પિયનશિપ્સમાં રમ્યો હતો.

ટીમ સ્પર્ધાની ફાઇનલમાં ભારતે મલયેશિયાને ૩-૨થી હરાવીને ટાઇટલ જીતી લીધું હતું. મહિલા વર્ગની ફાઇનલમાં પણ ભારતનો મલયેશિયા સામે વિજય થયો હતો. એમાં ભારતે મલયેશિયાને ૩-૦થી પરાજિત કર્યું હતું.

દરમ્યાન શુક્રવારે સિંગલ્સમાં વડોદરાનો માનુષ શાહ અને સુરતનો હરમીત દેસાઈ પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા. વાસ્તવમાં પુરુષ-મહિલા વર્ગમાં કુલ ૧૪માંથી ૧૧ ભારતીય સ્પર્ધકો પ્રી-ક્વૉર્ટરમાં પહોંચી ગયા હતા. ■

# હાર્દિકને મેળવવા સીએસકે ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવા પણ તૈયાર છે

નવી દિલ્હીઃ ૨૦૨૭ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં હાર્દિક પંડ્યા ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) વતી રમતો જોવા મળશે કે શું? મુંબઈ ઇન્ડિયન્સ પાસેથી આ ઑલરાઉન્ડરને મેળવવા માટે સીએસકેનું ફ્રેન્ચાઇઝી ૨૦ કરોડ રૂપિયા સુધીની તોતિંગ રકમ પણ ખર્ચી નાખવા તૈયાર હોવાનું જણાય છે.

અગાઉ એક અહેવાલમાં જણાવાયું હતું કે મુંબઈ ઇન્ડિયન્સે હાર્દિકના બદલામાં સીએસકે પાસેથી આયુષ મ્હાત્રે અને અમુક રકમની અપેક્ષા રાખી હતી.

જોકે સીએસકેના માલિકો હાર્દિકના બદલામાં ડેવાલ્ડ બ્રેવિસ તથા શિવમ દુબે તેમ જ ૧૦ લાખ રૂપિયા આપવા માગતા હોવાનું અહેવાલમાં જણાવાયું હતું.

આનું કારણ એ છે કે સીએસકેને આયુષ મ્હાત્રે કોઈને નથી આપવો. સીએસકે મુખ્ય યુવા ખેલાડીને જાળવી રાખવા માગે છે, જ્યારે મુંબઈ યુવાન ખેલાડીઓની ફોજ વધુ મજબૂત કરવામાં માને છે.

હાર્દિકના સુકાનમાં ગુજરાત ટાઇટન્સની ટીમ ૨૦૨૨ના ડેબ્યૂ યરમાં ટાઇટલ જીતી હતી અને ૨૦૨૩માં જરાક માટે ટ્રૉફી ચૂકી ગયું હતું અને સીએસકેની ટીમ એ વર્ષમાં ચૅમ્પિયન બની હતી.

જોકે હાર્દિકે કૅપ્ટન તરીકે મુંબઈની ટીમમાં કમબૅક કર્યું ત્યારે રોહિત શર્માના અનેક ચાહકો નારાજ થયા હતા. ■


## ક્લાસિફાઈડ

**૨૦. ધંધાદારી જગ્યા**

**તુર્ભે**
ભાડે / વેચાણથી. સ્ટેશન સામે, દુકાન, 2740' કારપેટ. રાજ એસ્ટેટ - 9821051136, 8591132359. (૧૨૮૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. સ્ટેશનની બાજુમાં, નવા કોમરશીયલ બિલ્ડિંગમાં ઓફિસો, 267', 735' કારપેટ, ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ તક. 9930803959, 9930106054. (૧૨૮૮-એ)

**CHURCHGATE**
One Offices for Sale Carpet 230 Rate 1.25 Cr Final Rent 60000 Fully Furnished Jolly Bhavan No 1 New Marine Lines Whatsup 70218 31500. (B-17920)

**JUHU / VILEPARLE / ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 9819554066. (1281-B)**

**INVESTMENT OPPORTUNITY**
Indias Best Commercial Building At Thane New Indias City of Economic Growth Office size 800 sqft onward 9869070123 / 9167723483. (1278-G)

**૨૩. મનોરંજન**

**પ્રાર્થના - 4500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૧૨૬૧-સી)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત,** સંગીત સંધ્યા, સાંજી, જન્માષ્ટમી-ગણપતિ ભજન સંધ્યા, Anniversary. મનસુખભાઈ 9326801860. (૧૨૬૪-સી)

**૨૪. વાહન/મોટરકાર સંબંધી**

■ તમારી મનગમતી પેટ્રોલ, ડિઝલ, ટોયાટો - હુંડાઈ - હોન્ડા - મારૂતી ગાડી લેવા-વેંચવા. શ્રીજી મોટર - 9545741755. (બી-૧૭૯૩૩)

**૨૭. ઔષધ ઉપચાર**

**■ ''વગર- ઓપરેશન'' ''પાઈલ્સ''- ''ફીશર''- ''ફિસ્ટુલા'' ''ભગન્દર'' ''જડમૂળથી સુકાઈને'' ટોઈલેટમાં. 9137725086. (બી-૧૭૮૪૪)**

**૩૧. નાણાંકીય**

**મોર્ગેજ લોન**
Redevelopment પ્રોજેક્ટ માટે reputed બિલ્ડરને 15% થી 18% વ્યાજે 15 કરોડથી 100 કરોડ જોઈએ. સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ 9820441711. (૧૨૭૬-સી)

**૩૨. જમીન - મિલકત**

**ભિવંડી**
ભાડે લાગેલા વેરહાઉસમાં રોકાણ કરો, ઈન્વેસ્ટ 2 Cr., ભાડું 1.5 લાખ દર મહિને. ભદ્રેશ શાહ 9594032111. (૧૨૫૬-એ)

**KARJAT**
Plot Minimum area 2000 sqft in 99 Lakh 100 Acre Plotted Development with Luxurious Amenities Attractive Payment Plan 9869070123 / 9167723483. (1278-F)

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai only Mihir 9819554066. (1281-C)**

**૩૩. ધંધાદારી**

**કાર્યકારી ભાગીદાર (Working Partner)**
પ્રભાદેવી વિસ્તારમાં એક 'મલ્ટી-સર્વિસીસ સ્ટોર' ચલાવવા માટે કાર્યકારી ભાગીદારની જરૂર છે, જે એક મુખ્ય સંસ્થા (Umbrella Organization) હેઠળ નિશ્ચિત ગ્રાહક વર્ગને સેવાઓ પૂરી પાડશે. રસ ધરાવતા ઉમેદવારો પાસે કરિયાણાના વ્યવસાય (Grocery Business)ના સંચાલનનો અનુભવ હોય તે ઈચ્છનીય છે. સંપર્ક નંબર : 9819829889 / ઈમેલ : grsint@gmail.com (બી-૧૭૯૩૦)

**મંગલમ**
ગાઈડન્સ એન્ડ એડવાઈઝરી સર્વિસેસ - લગ્ન, ફેમિલી, ઈન્કમ, પ્રોપર્ટી, માનસિક, સામાજિક સમસ્યાઓના સમાધાન માટે મળો. - 98198 55366. (બી-૧૭૯૩૯)

**શ્રીસિદ્ધિવિનાયક કવર**
સુટકેશ કવર ડાઇનિંગ ટેબલ, ખુરશી, સોફા, ટીવી સ્પીકર કમ્પ્યુટર, વોશિંગ મશીન, ટેરેસ પરના હીચકા એસી વરસાદના પડદા. સાડીના ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટ કવર, ઘરઘંટીનું કવર મેક ટુ ઓર્ડર વિનયઃ 9820555327. (એસડીબી-૩૪૪૮)

**૩૩. ધંધાદારી**

**પાણીની ટાંકીઓ**
મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ. 9820776583/ 9892298963. (૧૨૪૦-ડી)

**પરદેશમાં પાર્સલ**
USA, UK, કેનેડા સસ્તા દરે દુનિયાભરમાં. SP Logistics - 8652355588. (૧૨૭૮-સી)

**RATHOD CHAIRS**
Factory with 500+ Office Chair Models. Ready Stock for Bulk Suppliers at 108, Rachana Industrial, Bhayander (East):- 9082738885 / 9920718392. (1285-A)

**૩૪. ફર્નીચર ફીક્ષ્ચર**

**નવા/ જૂના**
સોફા ફર્નિચર રીપેર અને ઈન્ટિરિયર. સંપર્ક કરે 9146007240. (૧૨૪૪-ડી)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

સચોટ જ્યોતિષ
જન્મતારીખ અને સમય વોટસએપ કરો
લગ્ન યોગ ક્યારે, ભાગ્યોદય ક્યારે
વાતો ન કરો, રીઝલ્ટ માંગો
ફી લેવામાં આવતીજ નથી
7304586200
(બી-૧૭૯૨૯)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૨૦૪-સી)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૮૫૯)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ઈક્વિટી માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં આગળ ધપતો સુધારો, બૅન્ચમાર્ક ત્રણ સપ્તાહની ટોચે

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૨૭૭.૪૮ કરોડની અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ₹ ૨૨૬૦.૩૭ કરોડની લેવાલી

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે ખાસ કરીને બજાર ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વમાં અનુક્રમે આઠ ટકા અને છ ટકા જેટલો ઉછાળો આવવાની સાથે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા, રિલાયન્સ, ટાટા સ્ટીલ જેવા ઈન્ડેક્સ હેવી વેઈટ શૅરોમાં લેવાલી રહેતાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચ જળવાઈ રહી હતી અને બૅન્ચમાર્ક ઈન્ડેક્સ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ બંધ રહ્યા હતા. જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૬૬.૯૫ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૬૬.૪૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯,૦૪૫.૫૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૮,૭૬૮.૦૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૭૭.૪૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ આજે સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૯,૮૮૫.૮૦ કરોડની ખરીદી સામે રૂ. ૧૭,૬૨૫.૪૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૨૬૦.૩૭ કરોડની ચોખ્ખી ખરીદીનો પણ બજારના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૭,૯૨૮.૧૫ના બંધ સામે સુધારા સાથે ૭૭,૯૯૮.૬૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૮૦૯.૯૩ અને ઉપરમાં ૭૮,૨૭૨.૨૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૧ ટકા અથવા તો ૧૬૬.૯૫ પૉઈન્ટ વધીને ૭૮,૦૯૪.૬૪ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૩૧૭.૧૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૪,૩૬૧.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૨૯૯.૭૦ અને ઉપરમાં ૨૪,૪૨૯.૪૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા અથવા તો ૬૬.૪૫ પૉઈન્ટ વધીને ૨૪,૩૮૩.૬૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨.૬૭ ટકા અથવા તો ૨૦૩૪.૮૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨.૫૯ ટકા અથવા તો ૬૧૬.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો છે. એકંદરે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળોમાં થઈ રહેલા ઘટાડા અને તાજેતરમાં જાહેર થઈ રહેલા કોર્પોરેટ પરિણામો પ્રોત્સાહક આવ્યા હોવાથી બજારમાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, વૈશ્વિક સ્તરે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારાની ચિંતા અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાની તેમ જ ક્રૂડતેલના ભાવમાં વધારાની ચિંતા સપાટી પર હોવાથી ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વધુમાં ઓનલાઈન વેલ્થ ટેક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવની ચિંતા કોરાણે મૂકીને બજારે પ્રોત્સાહક કોર્પોરેટ પરિણામોને આવકાર્યા હતા અને વધુમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીનો પણ ટેકો મળતાં બજારમાં સુધારાને ટેકો મળ્યો હતો.

આજે બીએસઈ ખાતે કુલ ૪૪૨૫ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૫૨૨ શૅરના ભાવ વધીને, ૧૭૨૨ શૅરના ભાવ ઘટીને અને ૧૮૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૨૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૨ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે બંધ રહ્યા હતા. વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૮ શૅરના ભાવ વધીને અને ૧૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૮.૧૧ ટકાનો વધારો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફિનસર્વમાં ૬.૩૦ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૩.૫૮ ટકાનો, અદાણી પોર્ટસમાં ૨.૧૨ ટકાનો, ટાટા સ્ટીલમાં ૧.૫૨ ટકાનો અને રિલાયન્સમાં એક ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૭૩ ટકાનો ઘટાડો ટીસીએસમાં જોવા મળ્યો હતો. આ સિવાય ઈટર્નલમાં ૨.૭૨ ટકાનો, ઈન્ફોસિસમાં ૨.૨૬ ટકાનો, આઈટીસીમાં ૧.૫૧ ટકાનો, ઈન્ડિગોમાં ૧.૧૭ ટકાનો અને એચડીએફસી બૅન્કમાં ૧.૦૯ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૪૮ ટકાનો સુધારો આવ્યો હતો. તેમ જ સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં બીએસઈ ઑટો ઈન્ડેક્સમાં ૧.૯૯ ટકાનો, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૧.૭૮ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૨૬ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૧.૦૧ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૬૭ ટકાનો અને સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે આઈટી શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સૌથી વધુ ૧.૩૯ ટકાનો ઘટાડો આઈટી ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. આ સિવાય ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૯૦ ટકાનો, હૉસ્પિટલ ઈન્ડેક્સમાં ૦.૭૮ ટકાનો અને પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૨૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે એશિયન બજારમાં ખાસ કરીને દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૧૭.૯૧ ટકાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક, અને હોંગકોંગનો હૅંગસૅંગ સુધારા સાથે બંધ રહ્યો હતો અને યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હતું. ■

# સોનામાં ₹ ૫૨૪ની અને ચાંદીમાં ₹ ૩૭૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીનાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલો અને સ્થાનિક સ્તરે માગ નિરસ રહેતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૦થી ૫૨૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૭૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૭૦ના ઘટાડા સાથે રૂ. ૨,૧૮,૨૯૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો જળવાઈ રહેતાં આયાત પડતરોમાં ઘટાડો અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૨૦ ઘટીને રૂ. ૧,૪૨,૨૮૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૨૪ ઘટીને રૂ. ૧,૪૨,૮૬૦ની સપાટીએ રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકો ઘટીને ઔંસદીઠ ૪૦૫૫.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, માસિક ધોરણે પાંચ મહિના પછી પહેલી વખત અત્યાર સુધીમાં ભાવમાં ૧.૭ ટકાનો વધારો નોંધાયો છે. વધુમાં આજે સોનાના ઑગસ્ટ ડિલિવરી વાયદામાં પણ ભાવ ૧.૨ ટકા ઘટીને ૪૦૫૩.૬૦ ડૉલર આસપાસ તથા ચાંદીના હાજરમાં ભાવ ૧.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની સપાટીની ઉપર ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને ફેડરલ ઓપન માર્કેટ કમિટીની બેઠક પશ્ચાત્ રોકાણકારોની વેચવાલીનું દબાણ રહેતાં સોનાના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં વૈશ્વિક સોનું ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મહત્ત્વની સપાટી જાળવી રાખવા ઝઝૂમી રહ્યું છે.

ગઈકાલે અમેરિકામાં જાહેર થયેલા જૂન મહિનાના ફુગાવામાં ઘટાડો નોંધાયો હતો, પરંતુ ત્યાર બાદ પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવમાં વધારો થતાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હોવાથી આ ઘટાડો તાત્પૂરતો હોવાનું બજાર વર્તુળોને જણાતા આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૬૭ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર વ્યક્ત કરી રહ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયો સાત પૈસા વધ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારતરફી વલણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રહેતાં ડૉલર સામે રૂપિયામાં વધુ સાત પૈસાનો સુધારો આવ્યો હતો. જોકે, પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આજે ક્રૂડતેલના ઊંચા ભાવ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૫૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૮ અને ઉપરમાં ૯૫.૨૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૯૫.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૬ પૈસાનો ચમકારો આવ્યો હતો. તેમ જ આજે સતત પાંચમાં સત્રમાં સુધારાની આગેકૂચ જળવાઈ રહી હતી.

હાલમાં અમેરિકા ઈરાન પર અને ઈરાન અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલાઓ કરી રહ્યા હોવાથી નજીકના ભવિષ્યમાં કોઈ સમાધાન થવાની શક્યતા ન જણાતા આજે ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના ભાવમાં વધારો થયો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

જોકે, આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ડૉલરમાં વેચવાલી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાના પ્રોત્સાહક અહવાલે રૂપિયામાં સકારાત્મક વલણ જોવા મળ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું.

વૈશ્વિક ઈક્વિટી માર્કેટના સુધારાતરફી વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ધ્યાનમાં લેતા વધુમાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫થી ૯૫.૬૦ની રેન્જમાં રહે તેવી ધારણા છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૮ ટકા વધીને ૧૦૦.૧૪ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૨ ટકા વધીને બૅરલદીઠ ૮૯.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ છથી ૨૦નો સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૪૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં વરસાદી વાતાવરણમાં સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. છથી ૨૦નો સુધારો આગળ ધપ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ**

**સ્ટેશન સુધારણાના બેલેન્સ કામો તથા બેલાસ્ટની સપ્લાય અને વેગનમાં લોડિંગ**

**ઈ-ટેન્ડર સૂચના નં.: 19 of 2026-27 તા.: 30/07/2026 કચેરીનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત – 360001 **વેબસાઈટ:** www.ireps.gov.in **ક્રમ નં.: (1) ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2026-27-E-45 કામનું નામ:** રાજકોટ મંડળ: અમૃત ભારત યોજના અંતર્ગત ઓખા અને મીઠાપુર સ્ટેશનોના સ્ટેશન સુધારણાના બેલેન્સ કામો. **અંદાજિત NIT કિંમત:** ₹73119449.12 **ઈએમડી રકમ:** ₹1462400.00 **ક્રમ નં.: (2) ઈ-ટેન્ડર નં.: DRM-RJT-2026-27-E-46 કામનું નામ:** રાજકોટ મંડળ: હાપા ખાતે 125210 Cum બેલાસ્ટનો પુરવઠો કરવો અને તેને વેગનોમાં લોડ કરવો. **અંદાજિત NIT કિંમત:** ₹82159346.83 **ઈએમડી રકમ:** ₹1643200.00 **ઉપરોક્ત બંને ટેન્ડરો માટે: ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** તા. 24.08.2026 ના રોજ 15:00 કલાકે. RJT 106

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટિસ

ક્ર. નં. ૧ • ટેન્ડર નં. EL/TRD/૫૮/૨૦૨૬-૨૭/૧૫ • કામનું નામ: સિંહસ્થ ૨૦૨૮ સાથેના સંબંધમાં UJN અને PLW વચ્ચે નવી "B" ક્લાસ સ્ટેશન "પવાસા"ની જોગવાઈ સાથેના સંબંધમાં TRD કામ. કામની અંદાજિત કિંમત: રૂ. ૩,૫૮,૯૪,૪૬૧.૦૦/- • બાના રકમ ડિપોઝિટ (બારડી)/ બીડ સુરક્ષા: રૂ. ૭,૧૭,૯૦૦.૦૦/- • પૂર્ણતાનો સમયગાળો: ૧૮ મહિના • ટેન્ડર દસ્તાવેજની કિંમત: Nil • બંધ થવાની તારીખ & સમય: ૨૪.૦૮.૨૦૨૬ ૧૫.૦૦ ક. • ઓફરની માન્યતા: ખોલવાની તારીખથી ૬૦ દિવસે. • વેબસાઈટ: www.ireps.gov.in • નોટીસ બોર્ડ સ્થળ: Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેકશન ડિસ્ટ્રીબ્યુશન), પશ્ચિમ રેલવે, રતલામ-૪૫૭૦૦૧ની ઓફિસમાં. V/0180

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## દેશ-વિદેશ

# રેલવેનો ગ્રીન કોરિડોર: સુરતથી જીવંત હૃદય અઢી કલાકમાં વંદે ભારતમાં અમદાવાદ પહોંચાડ્યું

નવી દિલ્હી: ભારતીય રેલવેએ અમદાવાદની યુએન મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટરમાં પ્રત્યારોપણ માટે દાતાનું જીવંત હૃદય મુંબઈ-સેન્ટ્રલ -ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસમાં સુરતથી અઢી કલાકમાં પહોંચાડ્યું હતું.

રેલવે મંત્રાલયે એક અખબારી યાદીમાં કહ્યું હતું કે સુરતથી અમદાવાદ જીવન બચાવનારું હૃદય ટ્રેન નંબર ૨૦૯૦૧માં (મુંબઈ-સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ)માં મોકલવામાં આવ્યું હતું.

અધિકારીઓએ કહ્યું હતું કે શુક્રવારે ટ્રેન સવારના ૯-૦૫એ સુરત આવી હતી. ડૉક્ટરોની ટીમ સાથે જીવંત હૃદયને ટ્રેનમાં મુકાયું હતું. આ હૃદય અમદાવાદ સવારના ૧૧-૪૦ કલાકે પહોંચ્યું હતું.

અધિકારીઓએ વધુમાં કહ્યું હતું કે રેલવે પ્રોટેક્શન ફોર્સ અને ગુજરાત રાજ્ય પોલીસે અમદાવાદ રેલવે સ્ટેશનથી યુએન મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટરમાં પહોંચાડવા સમર્પિત ગ્રીન કોરિડોર ઊભો કર્યો હતો. આને લીધે દાતાનું હૃદય વિના રોકટોક અમદાવાદની હૉસ્પિટલમાં પહોંચી ગયું હતું. હૃદય પહોંચ્યા બાદ પ્રત્યારોપણ તત્કાળ શરૂ કરાયું હતું.

અમદાવાદ ડિવિઝનલ રેલવે મેનેજર વેદ પ્રકાશે અધિકારીઓના પ્રયાસોને બિરદાવતા કહ્યું હતું કે ભારતીય રેલવે માટે આ ગૌરવ અને સંતોષની ક્ષણ છે. વંદે ભારત એક્સપ્રેસમાં દાતના જીવંત હૃદયને સુરતથી અમદાવાદમાં પહોંચાડવામાં આવ્યું હતું. આ પરંપરાગત પેસેન્જર અને નૂરના પરિવહન ઉપરાંત સમાજની સેવા કરવાની રેલવેની પ્રતિબદ્ધતા બતાડે છે.

પ્રકાશે કહ્યું હતુ કે આ જીવન બચાવવાના મિશનમાં એક એક મિનિટ મહત્ત્વની હોય છે. આરપીએફ, ગુજરાત રાજ્ય પોલીસ અને તબીબી ટીમોને લીધે આ મિશન સફળ રહ્યું હતું (એજન્સી) ■

# લ્યારીમાં ફરી ગેંગવૉર: ઉઝૈર બલોચના ભાઈ પર ગોળીઓનો વરસાદ

નવી દિલ્હી: ફિલ્મ 'ધુરંધર'માં કરાચીના લ્યારીનું ગેંગવૉર બતાડવામાં આવ્યું છે. આવું ગેંગવૉર ખરેખર લ્યારીમાં શરૂ થઈ ગયું છે. કુખ્યાત ગેંગ લીડર ઉઝૈર બલોતના ભાઈ જુબૈરને અજ્ઞાત હુમલાખોરોએ ગોળી મારી છે. તેની હાલત ગંભીર છે. પોલીસે કહ્યું હતું કે લ્યારીમાં મિર્જા આદમ ખાન રોડ પર થયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ત્રણ જણ ઘાયલ થયા હતા.

સાઉથના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલના જણાવ્યા પ્રમાણે ઘાયલોમાં એક જુબૈર બલોચ છે જે પ્રતિબંધિત પીપલ્સ અમન કમિટીના પ્રમુખ ઉજૈરનો ભાઈ છે. પોલીસે તેની સત્તાવાર ઓળખ થઈ ન હોવાનું કહ્યું છે.

મોટર સાઈકલ પર સવાર બુકનીધારીઓ દુકાનદારના જવાબી હુમલા બાદ ભાગી ગયા હતા. સિનિયર પોલીસ ઑફિસર સૈયદ અશદ રજાએ કહ્યું હતું કે એ સમયે જુબૈર ઘરની બહાર હતો.

૨૦૨૬માં રિલીઝ થયેલી ભારતીય સ્પાય-થ્રીલર ફિલ્મ ધુરંધરમાં ભારતીય એક્ટર દાનિશ પંડોરે ઉઝૈર બલુચેની ભૂમિકા ભજવી હતી, જ્યારે ઉઝૈરના ઉસ્તાદ રહમાન ડૅકતની ભૂમિક અક્ષય ખન્નાએ ભજવી હતી. જુબૈરને ૨૦૧૨ાં પકડવામાં આવ્યો હતો અને ગયા વર્ષે જાન્યુઆરીમાં મુક્ત કરવામાં આવ્યો હતો. પોલીસ અનેક પાસા પર તપાસ કરી રહી છે જેમાં ગેંગવૉર અને જૂની દુશ્મનાવટ પણ સામેલ છે.

સ્થાનિક લોકને ફરી ગેંગવૉર ફાટી નીકળવાનો ભય છે. કરાચી પોલીસે તેની હાલત પર મોન સેવ્યું છે. જુબૈર થોડા મહિના પહેલાં એક રાજકીય પક્ષમાં સામેલ થયો હતો. ■


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

ડે. ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પ.), પશ્ચિમ રેલવે, કેરેજ રિપેર વર્કશોપ, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ટેન્ડર નોટીસ નં.: EL/WA/PL/૨૦૨૬-૨૭/૦૨R૧ તા. ૨૯.૦૭.૨૦૨૬ મંગાવે છે. કામનું નામ: કેરેજ રિપેર વર્કશોપ લોઅર પરેલ ખાતે LHB AC કોચેસનું RMPUનું ડિપેન્ડન્ટ પ્રવૃત્તિઓ અન્ય ઓવરહોલિંગ અને SS૨/SS૩નું આઉટસોર્સિંગ. કામની અંદાજિત કિંમત: ₹ ૪૬,૩૭,૨૬૦.૦૫/-. બારડી: ₹ ૯૨,૮૦૦.૦૦/-. સુપ્રતિની તારીખ & સમય: ૨૫/૦૮/૨૦૨૬, ૧૨.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમય: ૨૫/૦૮/૨૦૨૬ના ૧૨:૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0434

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ**

**વ્હીલ્સ, ટ્રોલીઓ તથા અન્ય રેલવે સામગ્રીનું માર્ગ મારફતે પરિવહન**

**ટેન્ડર સૂચના નં.: M-2026-15-TT-WT તા.: 29/07/2026 કામનું નામ:** બે વર્ષની અવધિ માટે વ્હીલ્સ, ટ્રોલીઓ તથા અન્ય રેલવે સામગ્રીનું માર્ગ મારફતે પરિવહન. **અંદાજિત કિંમત:** ₹ 3,39,82,423.60/- **ઈએમડી રકમ:** ₹ 3,19,900/- **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** તા. 19.08.2026 ના રોજ 15:00 કલાક સુધી. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** તા. 19.08.2026 ના રોજ 15:30 કલાકે. **વેબસાઈટ:** www.ireps.gov.in **ટેન્ડર ફોર્મ મેળવવા તથા સૂચના પટ્ટ જોવા માટે કચેરીનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ), પશ્ચિમ રેલવે, રાજકોટ વિભાગ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001. RJT 105

અમને લાઈક કરો: facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વિભાગ: હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ**

**નં. E.E. (M.) M.W./૨૧૯૧/મેઈન્ટ- તા. ૩૧-૦૭-૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેકશન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૩૨૩૪૩૫_૧ | AEWW (M) WS/N-II ડિવિઝન હેઠળ આઈસ ફેક્ટરી પમ્પિંગ સ્ટેશન ખાતે પંપસેટનું સંચાલન અને બિન વ્યાપક જાળવણી. ટેન્ડર પ્રારંભ તારીખ:- ૦૧.૦૮.૨૦૨૬ ટેન્ડર પાકતી તારીખ:- ૧૩.૦૮.૨૦૨૬ |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

સહી/-

E.E. (M.) M.W.

PRO/966/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# મુસ્લિમોના બહુપત્નીત્વને ગેરબંધારણીય ઠરાવવા માટેની અરજી: સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસે જવાબ માગ્યો

નવી દિલ્હી: મુસ્લિમોની બહુપત્નીત્વની પ્રણાલી બંધારણીય જોગવાઈનો ભંગ કરતી હોવાથી એને ગેરબંધારણીય જાહેર કરવાની દાદ ચાહતી અરજી પર સુપ્રીમ કોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, જિસ્ટસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહન્નાની બનેલી ડિવિઝન બેન્ચે મહિલાના અધિકારના ચળવળકાર ઝાકીયા સોમણ અને નૂરજહાં સાફિયા નિયાઝ તથા બીજાઓની અરજી પર કેન્દ્ર સરકારને નોટિસ આપી હતી. બેન્ચે બીજી વિચારાધીન બબાતો સાથે આને જોડી હતી.

અરજીમાં ભારતીય ન્યાય સંહિતાની ૮૨મી કલમ લાગુ પાડવાના નિર્દેશની માગણી કરવામાં આવી છે. આ કલમમાં બહુપત્નીત્વમાં સમાન રીતે સજા આપવાની જોગવાઈ છે. અરજીમાં બહુપત્નીત્વ પ્રથાને મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ અપાયેલી છૂટ દૂર કરવાની માગણી કરાઈ છે.

અરજીમાં કેન્દ્ર સરકારને બહુપત્નીત્વ દૂર કરવા કાયદાકીય પગલું ભરવાનો નિર્દેશ આપવાની દાદ ચાહી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે એની તકેદારી લેવામાં આવે કે બધા લોકોને માટે ધર્મને ધ્યાનમાં લીધા વગર બધા માટે બહુપત્નીત્વ ગરેકાયદે જાહેર કરવામાં આવે.

મુસ્લિમ મહિલાઓના કાનૂની અધિકારો અને રક્ષણ માટે બીજા નિર્દેશ આપવાની માગણી કરાઈ છે. અરજીમાં બધા મુસ્લિમ

લગ્ન અને છૂટાછેડાની નોંધણી કરવાની માગણી કરાઈ છે. (એજન્સી) ■

# આઈબીના અધિકારીના હત્યાના કેસમાં 'આપ'ના નેતાને જનમટીપ

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૦ના દિલ્હી રમખાણ દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ના અધિકારી અંકિત શર્માની હત્યા સંબંધિત કેસને મામલે દિલ્હી કોર્ટે આમ આદમી પાર્ટી 'આપ'ના ભૂતપૂર્વ નગરસેવક તાહિર હૂસૈન અને અન્ય ચાર જણને આજીવન કારાવાસની સજા આપી હતી. વધારાના સેશન્સ જજ પરવીન સિંહે આ ચુકાદો આપ્યો હતો.

કોર્ટે મૌખિક રીતે જણાવ્યું હતું કે ગુનો અત્યંત ક્રૂર હતો અને લોહી તરસ્યા ટોળાંએ પીડિત અંકિત શર્માની હત્યા કરી હતી.

દોષિતોમાં કોઈ સુધારો થઈ શકે એમ નથી અને તેમનો જેલવાસ સમાજ માટે દૂષણ બનશે એવું વકીલ રેકોર્ડ પર લાવી શક્યા નથી, એમ કોર્ટે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૦માં વાયવ્ય દિલ્હીમાં થયેલાં રમખાણો દરમિયાન આઈબી અધિકારી અંકિત શર્માની કરવામાં આવેલી હત્યાને મામલે હુસૈન અને અન્ય ચારને મૃત્યુદંડની સજા આપવાની દિલ્હી પોલીસે ગયા અઠવાડિયે માગણી કરી હતી. દિલ્હી પોલીસે આ હત્યાને અત્યંત ક્રૂર, ઠંડા કલેજે કરાયેલી અને દુર્લભમાં દુર્લભ ગુનાની શ્રેણીનો ગુનો લેખાવ્યો હતો. (એજન્સી) ■


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 15 વર્ષ 2026-27 તારીખ 30/07/2026**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત એન આઈટી ખર્ચ (₹) | EMD ખર્ચ (₹) |
|---|---|---|---|---|
| 01 | DRM-ADI-110-2026-27 | વરિષ્ઠ મંડળ એન્જિનિયર (પશ્ચિમ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ધ્રાંગધ્રા – સામાખ્યાળી વિભાગમાં સ્ટેશન ઇમારતો, વિવિધ સર્વિસ બિલ્ડિંગો અને સ્ટાફ ક્વાર્ટરોમાં વ્હાઇટ વોશિંગ, કલર વોશિંગ, એક્રેલિક બાહ્ય પેઇન્ટિંગ તથા ડિસ્ટેમ્પર પેઇન્ટિંગનું કામ. | 1,51,41,220.85 | 3,02,800.00 |
| 02 | DRM-ADI-111-2026-27 | વરિષ્ઠ મંડળ એન્જિનિયર (દક્ષિણ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ગેરતપુર – અમદાવાદ, ખોડીયાર – ગાંધીનગર અને કલોલ – ગાંધીનગર વિભાગમાં 60 કિ.ગ્રા. રેલનું TRR(P) – 28.735 કિ.મી.નું કામ. | 5,52,38,251.1 | 11,04,800.00 |
| 03 | DRM-ADI-112-2026-27 | ADEN – મહેસાણાના અધિકારક્ષેત્ર હેઠળ ઓવરહેડ પાણીની ટાંકીઓ તથા ભૂગર્ભ સંપ ની સફાઈનું કામ. (બે વર્ષ માટે) | 29,18,682.40 | 58,400.00 |
| 04 | DRM-ADI-113-2026-27 | ADEN – પાલનપુરના અધિકારક્ષેત્ર હેઠળ ઓવરહેડ પાણીની ટાંકીઓ તથા ભૂગર્ભ સંપ ની સફાઈનું કામ. (બે વર્ષ માટે) | 28,91,798.60 | 57,800.00 |
| 05 | DRM-ADI-114-2026-27 | અમદાવાદ મંડળ: અમદાવાદ મંડળના વિવિધ રોડ અન્ડર બ્રિજ (RUB) ની વિવિધ માળખાકીય ખામીઓ દૂર કરવાનું કામ. | 42,41,18,660.96 | 84,82,400.00 |
| 06 | DRM-ADI-115-2026-27 | ADEN – રાધનપુરના અધિકારક્ષેત્ર હેઠળ આડેસર સ્ટેશન ખાતે 3 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજ (FOB) નું નિર્માણ તથા અન્ય આનુષંગિક કાર્યો. | 3,49,79,724.25 | 6,99,600.00 |
| 07 | DRM-ADI-116-2026-27 | અમદાવાદ મંડળ – NSG-2 થી NSG-6 શ્રેણીના સ્ટેશનો તથા HG-3 શ્રેણીના સ્ટેશનો પર દિવ્યાંગજન સુવિધાઓની બાકી રહેલી ખામીઓ દૂર કરવી, HMT સ્ટેશન ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ તથા UMN સ્ટેશન ખાતે 3 લિફ્ટ વેલની સુવિધા પૂરી પાડવાનું કામ. | 9,94,27,131.22 | 19,88,600.00 |
| 08 | DRM-ADI-117-2026-27 | અમદાવાદ – વિરમગામ – સામાખિયાળી તથા ઝુંડ – ખારાઘોડા વિભાગમાં TBR – 39.636 Tkm, TFR – 154.285 Tkm તેમજ અમદાવાદ – વિરમગામ વિભાગમાં TRR(P) – 10.464 Tkm અને વરિષ્ઠ મંડળ એન્જિનિયર (પશ્ચિમ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય સંબંધિત કાર્યો. | 8,61,43,651.04 | 17,22,900.00 |
| 09 | DRM-ADI-118-2026-27 | વરિષ્ઠ મંડળ એન્જિનિયર (પશ્ચિમ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ માલિયા મિયાણા ખાતે રનિંગ રૂમનું નિર્માણ તથા અન્ય સંબંધિત કાર્યો. (કોમ્પોઝિટ ટેન્ડર) | 3,57,31,808.74 | 7,14,600.00 |
| 10 | DRM-ADI-119-2026-27 | વરિષ્ઠ મંડળ એન્જિનિયર (પશ્ચિમ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળોએ પીવાના પાણીનું ક્લોરીનેશન કરવાનું કામ. (05 વર્ષ માટે) (પુન: આમંત્રિત). | 23,80,437.13 | 47,600.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર્સ માટે: ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: તારીખ 01/09/2026 ના 15:00 કલાકે;** ઓફિસનું સરનામું: સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે: ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અંમદુપુરા, અમદાવાદ-382345; **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ:** www.ireps.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly• અમને ફોલો કરો: x.com/WesternRly ADI - 122

# રાતના અંધારામાં તૂટી પડેલી બિલ્ડિંગના બચી ગયેલા રહેવાસીઓ આઘાતમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભિવંડીમાં ગુરુવારે મોડી રાતે ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની કોહિનૂર બિલ્ડિંગની 'બી' વિંગ ગુરુવારે મોડી રાતે તૂટી પડતાં ૧૦નાં મોત થયાં હતાં. બચી ગયેલા રહેવાસીઓ પોતાના જીવ બચાવી લેવા માટે ભગવાનનો આભાર માની રહ્યા છે. તો આંખની સામે જ તૂટી પડેલી બિલ્ડિંગમાં પોતાના ઘર સહિતની જિંદગીભરની મૂડી ગુમાવનારા હજી પણ આઘાતમાંથી બહાર આવી શક્યા નથી.

કોહિનૂર બિલ્ડિંગમાં રાતના તિરાડ પડતાં ૩૫થી ૪૦ લોકોએ બિલ્ડિંગ ખાલી કરી દીધી હતી. તો અમુક રહેવાસી બહાર નીકળવાની તૈયારીમાં જ હતા ત્યારે અન્ય લોકોએ પોતાનો સામાન પેક કરવાનું શરૂ કર્યું હતું ત્યારે ચાર માળની ઇમારતનો એક ભાગ તૂટી પડ્યો, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા. બચી ગયેલા લોકો જીવ બચાવવા માટે બૂમો પાડવા

(જુઓ પાનું ૪) ▶▶

## મહાજને શિંદેની ટીકા કરી

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને શુક્રવારે જણાવ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શહેરી વિકાસ વિભાગે ભિવંડીમાં બેફામ અતિક્રમણના મુદ્દા પર ધ્યાન આપવું જોઈએ, જ્યાં એક ઇમારત ધરાશાયી થવાથી નવ લોકોનાં મોત થયાં હતાં જોકે, શિંદેએ ખુલાસો કર્યો હતો કે અસુરક્ષિત જાહેર થયેલી ઈમારત ધરાશાયી થઈ ત્યારે તેનું સમારકામ ચાલી રહ્યું હતું.

ધ્વસ્ત સ્થળની મુલાકાત લીધા પછી સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ભાજપના પ્રધાનએ ભિવંડીમાં આવી કેટલી અનધિકૃત ઇમારતોને પરવાનગી મળી છે એ જાણવાનો આગ્રહ રાખ્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં જોખમી ઇમારતો અંગે તાત્કાલિક પગલાં લેવાનો કમિશનરનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: ભિવંડીમાં ગુરુવારે મોડી રાતે એક જોખમી ઇમારતનો હિસ્સો ધરાશાયી થતાં ૧૦ લોકોનાં મોત થયાની કમનસીબ ઘટનાને પગલે થાણે મહાનગરપાલિકાના કમિશનર સૌરભ રાવે શહેરમાં જૂની અને જર્જરિત ઇમારતો અંગે તાત્કાલિક પ્રતિબંધાત્મક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો.

મુખ્યમંત્રી કાર્યાલય તરફથી મળેલી સૂચનાઓ અને સરકારની માર્ગદર્શિકા અનુસાર તમામ વોર્ડની સમિતિઓને તેમના અધિકારક્ષેત્રમાં આવેલી જૂની અને જોખમી ઇમારતોનું સંપૂર્ણ નિરીક્ષણ કરવા અને જરૂરી કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે મહારાષ્ટ્ર મહાનગરપાલિકા એક્ટની કલમ ૨૬૪ હેઠળ સી-વન શ્રેણીમાં આવતી જોખમી ઇમારતોને નોટિસ જારી કરવાની અને રહેવાસીઓને સંભવિત જોખમ સમજાવીને તાત્કાલિક ઇમારતો

(જુઓ પાનું ૪) ▶▶

# આનાં કરતાં ચપ્પલનું સ્ટેન્ડ વધારે સ્વચ્છ હોય

## મંત્રાલયની કેન્ટીનના ફોટા જોયા બાદ હાઇ કોર્ટની એફડીએને ફટકાર

મુંબઈ: મંત્રાલયની કેન્ટીન ૯૮ ટકા સ્વચ્છ હોવાનો દાવો કરવા બદલ મુંબઈ હાઇ કોર્ટે એફડીએ સામે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટના આદેશ અનુસાર વકીલોની ટીમ દ્વારા કરવામાં આવેલી પ્રત્યક્ષ તપાસમાં કેન્ટીનમાં માખીઓ, ગંદકી, ખુલ્લી ડ્રેનેજ લાઈનો, ગંદું ફ્રીઝ અને અન્ય ઘણી ખામીઓ મળી આવતા એફડીએના તપાસ અહેવાલ પર જ સવાલો ઊભા થયા છે. સુનાવણી દરમિયાન કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, કાયદાની નજરમાં બધા સમાન છે. માત્ર ખાનગી સંસ્થાઓ પર જ કાર્યવાહી કરીને સરકારી કેન્ટીનો પ્રત્યે અલગ વલણ અપનાવી શકાય નહીં.

હાઈ કોર્ટના આદેશ મુજબ, વકીલોની એક ટીમે મંત્રાલયમાં આવેલી કેન્ટીનનું ભૌતિક નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણમાં ઘણી ગંભીર ખામીઓ બહાર આવી હતી. નિરીક્ષણ દરમિયાન, વકીલોએ કોર્ટને એમ પણ જણાવ્યું હતું કે ફ્લોર પર જમા થયેલ ગંદું પાણી, લીક

(જુઓ પાનું ૪) ▶▶

# મંત્રાલયની કેન્ટીનોને સુધારણા માટેની નોટિસ જારી કરોઃ હાઇ કોર્ટ



**ખાદ્ય સુરક્ષાઃ** મંત્રાલયની કેન્ટીનને એફડીએ દ્વારા ૯૮ ટકા માર્ક આપવામાં આવ્યા બાદ હાઈ કોર્ટના નિર્દેશ પર વકીલોની એક ટીમ સાથે એફડીએ શુક્રવારે ફરીથી મંત્રાલયની કેન્ટીનની તપાસ માટે ગઈ હતી, આ ટીમે કોર્ટને આપેલી માહિતી બાદ એફડીએની ઝાટકણી કાઢવામાં આવી હતી.

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે મહારાષ્ટ્ર એફડીએને મહાનગરમાં પક્ષપાતી કાર્યવાહી કરવા બદલ ઠપકો આપ્યો હતો. સાથે જ, વકીલોની એક સમિતિ દ્વારા કરવામાં આવેલી તપાસમાં મંત્રાલયની કેન્ટીનો અસ્વચ્છ હોવાનું જણાતા, કોર્ટે તે કેન્ટીનોને સુધારણા માટેની નોટિસ જારી કરવાનો આદેશ આપ્યો હતો. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવીન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે જણાવ્યું હતું કે,એફડીએએ ન્યાયી, નિષ્પક્ષ અને સમાન રહેવાની જરૂર છે.

મંત્રાલયની કેન્ટીનોને એજન્સી દ્વારા આપવામાં આવેલા ૯૮ ટકા સ્વચ્છતાના

(જુઓ પાનું ૪) ▶▶

## અમરાવતીમાં યુનિવર્સિટીઓ અને એન્જિનિયરિંગ કૉલેજોની કેન્ટીન સીલ કરાઈ

અમરાવતીઃ બોમ્બે હાઈ કોર્ટે એફડીએ વિભાગને સરકારી સંસ્થાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યા બાદ હવે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે મુંબઈમાં મંત્રાલયની અને વિધાનસભાની કેન્ટીનનું તુકારામ મુંઢેના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, હવે કમિશનર તુકારામ મુંઢેના

(જુઓ પાનું ૪) ▶▶

**રેસ્ટોરાંનાં સંગઠનોની મહારાષ્ટ્ર એફડીએને અપીલ**

# લાઇસન્સ સ્થગિત કરતા પહેલા સુધારા માટેની નોટિસ આપો

મુંબઈ : મહારાષ્ટ્રભરના અગ્રણી હોસ્પિટાલિટી સંગઠનોએ રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ને અનુરોધ કર્યો છે કે તેઓ રસોડા ધરાવતા એકમોને સુધારણા માટેની નોટિસ આપવાની નિર્ધારિત પ્રક્રિયાનું ચુસ્તપણે પાલન કરે અને તપાસ પૂર્ણ થાય તે પહેલાં જ તેમનાં નામ જાહેર કરીને તેમને બદનામ કરવાનું બંધ કરે.

એક સંયુક્ત અપીલમાં, 'હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશન વેસ્ટર્ન ઈન્ડિયા', 'નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઓફ ઈન્ડિયા' અને 'ઈન્ડિયન હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશન' એ અમલીકરણની આ જાહેર પદ્ધતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આ સંગઠનોએ

(જુઓ પાનું ૪) ▶▶

## જાગી રેલવે

## થાણે સ્ટેશનનો ફૂડ સ્ટોલ સાત દિવસ માટે સીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક તરફ મુંબઈમાં એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ્સ) કમિશનર તુકારામ મુંઢેની ધાક હેઠળ રેસ્ટોરાંના માલિકો સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે ત્યારે તુકારામ મુંઢે રેલવે પર એક્શન લે તેની પહેલા જ રેલવે સફાળી જાગી છે અને સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે. રેલવે સ્ટેશનો પર સ્વચ્છતા અને ખોરાકની

(જુઓ પાનું ૪) ▶▶

## એફડીએ દ્વારા બોમ્બે હાઈ કોર્ટની કેન્ટીનનું નિરીક્ષણ

મુંબઈ: મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ બોમ્બે હાઈક ોર્ટના પરિસરમાં ચાલતી કેન્ટીનોનું નિરીક્ષણ કર્યું છે.

એફડીએના એક અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારે એક ટીમે બોમ્બે હાઈ કોર્ટની કેન્ટીનોનું નિરીક્ષણ કર્યું હતું અને તે અંગેનો અહેવાલ તૈયાર કરી રહી છે.

ઉચ્ચ અધિકારીઓને અહેવાલ સુપરત કર્યા બાદ, તે અંગે નિવેદન જાહેર કરવામાં આવશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.

મે મહિનામાં આઈએએસ અધિકારી તુકારામ મુંઢેએ એફડીએ કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ, વિભાગે રાજ્યભરમાં અનેક સંસ્થાઓનું નિરીક્ષણ કરીને નિયમોનું ઉલ્લંઘન કરનાર,તેમજ દૂધમાં ભેળસેળ કરનાર સામે કડક કાર્યવાહી કરીને તેમના લાયસન્સ રદ કર્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તાજેતરમાં

(જુઓ પાનું ૪) ▶▶

# એફડીએના માપદંડ સરકારી અને ખાનગી બંને માટે સમાન હોવા જોઈએ: મંત્રાલયની કેન્ટીન બાબતે હાઈ કોર્ટની ટકોર

મુંબઈ: મંત્રાલયની કેન્ટીનને '૯૮ ટકા સ્વચ્છ' હોવાનું પ્રમાણપત્ર આપવા અંગે સવાલ ઉઠાવતા બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે ટકોર કરી હતી કે, મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને (એફડીએ) સરકારી અને અર્ધ-સરકારી સંસ્થાઓમાં આવેલી હોટલો અને કેન્ટીનની પોતાની કાર્યવાહીમાં ''ન્યાયી, નિષ્પક્ષ અને સમાન'' અભિગમ અપનાવવાની જરૂર છે.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે ચાર વકીલોની એક ટીમને મંત્રાલયની કેન્ટીનની તાત્કાલિક મુલાકાત અને નિરીક્ષણ કરવાનો તથા ત્યાંની સ્થિતિ અંગે કોર્ટને અહેવાલ આપવાનો આદેશ આપ્યો હતો. આ નિર્દેશના થોડા જ કલાકોમાં, એફડીએના અધિકારીઓએ વકીલો સાથે મળીને મંત્રાલયની કેન્ટીનનું નિરીક્ષણ કર્યું; જેમાં

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# અમિત શાહની મુલાકાત પહેલા પુણેમાં રાજકારણ ગરમાયું, કૉંગ્રેસની ચેતવણી, પોલીસ સતર્ક

પુણેઃ ટિળક મેમોરિયલ ટ્રસ્ટ શનિવાર, પહેલી ઓગસ્ટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને 'લોકમાન્ય ટિળક એવોર્ડ' અર્પણ કરશે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત ઘણા મહત્ત્વપૂર્ણ નેતાઓ પુણેમાં હાજર રહેશે.

અમિત શાહની પુણે મુલાકાતની પૃષ્ઠભૂમિમાં શહેરમાં રાજકીય વાતાવરણ ગરમાવાના સંકેતો મળી રહ્યા છે. દિલ્હીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ સાથે થયેલી કથિત મારપીટના વિરોધમાં કૉંગ્રેસે વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. ભાજપે આ વિરોધનો યોગ્ય જવાબ આપવાની ચેતવણી આપી છે અને બંને પક્ષોના કાર્યકરો

(જુઓ પાનું ૪) ▶▶

# નરેન્દ્ર મોદી અને પીયૂષ ગોયલના વાંધાજનક વીડિયો-તસવીરો પોસ્ટ કરનારા સામે ગુનો

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલના એઆઈ જનરેટેડ વીડિયો-તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કથિત બદનામીનો પ્રયાસ કરનારા વિરુદ્ધ મહારાષ્ટ્ર સાયબર પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ ભાજપના સોશિયલ મીડિયા સેલનાં મહિલા પદાધિકારીએ નોંધાવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઇન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

નોડલ સાયબર પોલીસમાં કરાયેલી ફરિયાદ અનુસાર ફરિયાદી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને એક્સ જેવાં સોશિયલ મીડિયા પ્લૅટફોર્મ પર સક્રિય હોય છે અને રાજકીય તેમ જ સામાજિક ગતિવિધિઓ પર નજર રાખે છે. પચીસ જુલાઈની સવારે ફરિયાદીએ ફેસબુક પર એક વીડિયો જોયો હતો. 'મહારાષ્ટ્ર ધર્મ' નામે ફેસબુક એકાઉન્ટ પરથી એ વીડિયો

(જુઓ પાનું ૪) ▶▶

# કેન્દ્રએ રેરાને રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે ચાર મહિનાની મુદત વધારી આપવાની સલાહ આપી

મુંબઈ : કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે તમામ રાજ્યોની રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીઝ (રેરા) ને સલાહ આપી છે કે તેઓ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી પરિસ્થિતિથી પ્રભાવિત પાત્ર રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ માટે નોંધણી અને કામ પૂર્ણ કરવાની સમયમર્યાદામાં ચાર મહિનાની મુદત વધારવા અંગે વિચારણા કરે.

૩૧ જુલાઈના રોજ જારી કરાયેલી એક એડવાઈઝરીમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે તેને રિયલ એસ્ટેટ ક્ષેત્રના વિવિધ હિસ્સેદારો તરફથી રજૂઆતો મળી હતી કે પશ્ચિમ એશિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિએ વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને પ્રતિકૂળ અસર કરી છે, જેના કારણે બાંધકામ સામગ્રીની અછત અને પ્રોજેક્ટ અમલીકરણમાં વિલંબ થયો છે. મંત્રાલયે નોંધ્યું હતું કે નાણાં મંત્રાલય હેઠળના 'ડિપાર્ટમેન્ટ ઓફ એક્સપેન્ડિચર' (ખર્ચ વિભાગ) દ્વારા, ૨૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ જારી કરાયેલા એક ઓફિસ મેમોરેન્ડમ

(જુઓ પાનું ૪) ▶▶




# મનોજ જરાંગેની આંદોલનની ચીમકી બાદ વિખે પાટીલ આક્રમક

## ફડણવીસ જેવું વલણ કોઈ મુખ્ય પ્રધાને અપનાવ્યું નથી

મુંબઈ: મરાઠા આરક્ષણ આંદોલનના નેતા મનોજ જરાંગે પાટીલે ૨૯ ઓગસ્ટથી ફરી આંદોલન કરવાની ચીમકી આપી છે. આ અંગે સરકારની ભૂમિકા સ્પષ્ટ કરતા પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે જણાવ્યું કે, સરકાર મરાઠા સમાજની માગણીઓ પ્રત્યે હકારાત્મક છે અને અત્યાર સુધી ૫૮ લાખ નોંધો શોધવા સહિત શિષ્યવૃત્તિ, નોકરી અને સરકારી યોજનાઓ ફરી શરૂ કરવા જેવા અનેક મોટા નિર્ણયો લેવાયા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સરકાર દ્વારા મોકલવામાં આવનારા વિગતવાર અહેવાલથી જરાંગે પાટીલનું સમાધાન થશે.

રાધાકૃષ્ણ વિખે પાટીલે આગળ જણાવ્યું કે, શિંદે સમિતિની મુદત ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે. નિર્ણયોના અમલીકરણમાં સરકાર ક્યાંય પાછી પાની કરી રહી નથી. જો કોઈ મુશ્કેલીઓ હશે, તો તેને દૂર કરવામાં આવશે. દેવેન્દ્ર ફડણવીસે જે વલણ અપનાવ્યું છે, તેવું અત્યાર સુધીના કોઈપણ મુખ્ય પ્રધાને અપનાવ્યુ નથી. સરકાર અત્યંત હકારાત્મક છે. જરાંગેની ભાવના યોગ્ય હોવા છતાં, આંદોલન કરવાનો સમય નહીં આવે. ઓબીસી સમાજ કે તેમના નેતાઓનું સરકાર પર કોઈ પણ પ્રકારનું દબાણ નથી. મુખ્ય પ્રધાન અને સમગ્ર સરકાર આ માગણીઓ પ્રત્યે સકારાત્મક છે. મનોજ જરાંગેને એક વિગતવાર અહેવાલ મોકલવામાં આવશે અને તેનું સમાધાન થશે, તેવી ખાતરી છે, એવું પણ તેમણે જણાવ્યું હતું. ■

# અભિજિત દીપકેને લઈને બંને શિવસેના વચ્ચે ખેંચતાણ

મુંબઈ: યુવાનોમાં લોકપ્રિય બનેલા કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકે અને શિવસેના (ઠાકરે જૂથ)ના પ્રમુખ તેમજ પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે વચ્ચે વધતી જતી નજીકીને ધ્યાનમાં રાખીને હવે શિંદેની શિવસેના પણ અભિજિત દીપકે સાથે સંબંધો મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. અભિજિત દીપકેએ મેળવેલી સફળતા બાદ તેમને પોતાના પક્ષ સાથે જોડી રાખવા માટે બંને શિવસેનાઓ વચ્ચે રાજકીય ખેંચતાણ શરૂ થઈ હોવાની ચર્ચા છે.વિદ્યાર્થીઓના મુદ્દે અભિજિત દીપકેના આંદોલનને સૌપ્રથમ જાહેર સમર્થન ઉદ્ધવ ઠાકરેએ આપ્યું હતું. તેઓ સતત દીપકેના સંપર્કમાં હતા

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈની લોકલ હવે દોડશે સુપરફાસ્ટ!

## છઠ્ઠી લાઈન માટે બાંદ્રા-ખાર વચ્ચે કામ માત્ર ૪૫ દિવસમાં પૂરું થશે!

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની ઉપનગરીય લોકલમાં પશ્ચિમ રેલવેનો વેગ વધારવા માટે મુંબઈ સેન્ટ્રલ-બોરીવલી છઠ્ઠી રેલ લાઇનનું કામ ઝડપથી પૂર્ણ કરવા બાંદ્રા-ખાર રોડ રેલ ફ્લાયઓવરનું કામ હવે ત્રણ મહિનાના બદલે માત્ર ૪૫ દિવસના વિશેષ બ્લોકમાં પૂર્ણ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ કામગીરી માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ

(જુઓ પાનું ૪) ▶▶

# ફિંગરપ્રિન્ટને આધારે દિલ્હીના તોફાનીઓને ઓળખી કઢાશે

## ભાજપના પ્રધાનનું નિવેદન

મુંબઈ: મહારાષ્ટ્રના ભાજપના પ્રધાન ચંદ્રકાંત પાટીલે દાવો કર્યો છે કે દિલ્હી પોલીસે દિલ્હીમાં સીજેપી આંદોલન દરમિયાન કથિત રીતે ઉપયોગમાં લેવાયેલા નાનામાં નાના પથ્થરોમાંથી પણ વિરોધીઓના ફિંગરપ્રિન્ટ્સ એકત્રિત કર્યા છે, જેને તેમની ઓળખ માટે આધાર નંબર સાથે લિંક કરવામાં આવશે.

ગુરુવારે પશ્ચિમ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ પ્રધાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પર શિવસેના

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**